શ્રી.

પતઈ આખ્યાન.

રચનાર
તથા
છપાવી પ્રસિદ્ધ કરનાર

પ્રેમાનંદ બાપુભાઈ સોની.

વડોદરા.

સંવત ૧૯૬૪ સન ૧૯૦૭
આવૃત્તિ ૧ લી

ધી જૈન પ્રિન્ટિંગ પ્રેસ—અમદાવાદ,
તથા
ધી "વિદ્યાવિલાસ" પ્રિ. પ્રેસ—વડોદરા.
કિમ્મત રૂ. ૦-૮-૦

શ્રી.

પતઈ આખ્યાન.

રચનાર

તથા

છપાવી પ્રસિદ્ધ કરનાર

પ્રેમાનંદ બાપુભાઈ સોની.

વડોદરા.

સંવત ૧૯૬૪ સને ૧૯૦૭

આવૃત્તિ ૧ લી

ધી જૈન પ્રિન્ટિંગ પ્રેસ—અમદાવાદ,

તથા

ધી "વિદ્યાવિલાસ" પ્રિ. પ્રેસ—વડોદરા.

કિમ્મત રૂ. ૦-૮-૦

શ્રી

સુચના

ચાપાંનેરના રાજા પતઇના નાટક તથા ગરબા ઘણી જાતના છપાયા છે. પરતુ ખરી બીના આજદીન સુધી બહાર પડેલી નથી. ઘણા કવી કેનાર તરફથી સાંભળવામાં આવ્યુ છે. જેને જેવી મત સુજી તેણે તેવું ભાખ્યુ પરંતું ખરો ખોજ કોઇએ કર્યો નહીં. સબબ એકમાં કૈકને બીજામાં કૈક એવા કારણથી વાંચનારને તથા સાંભળનારને ખરી આસ્થા રેતી નથી કઇ સાલમાં પતઇ રાજા રાજ કરતો જો કઇ સાલમાં મુગલોએ ચડઇ કરીને છાવણી ઘાલીને રાજ છીનાવું. તે શા કારણથી તેનો સોધ કરવા હમે ઘણી મેનત લીધી. ને રેખા પતો મેલવ્યો. તેમાં પતઇના વંશ સખા મીત્રના નામ સાલ તારીખ સુદ્ધાં ભારત રાજમંડળમાંથી શોધ મલી લેખી ઇ. સ. ૧૩૩૦] માં જયસિંહ એવું પતઇનું નામ હતું તે નામે રાજ કરતો એના રાજપર અમદાવાદનો સુલતાનશા મહંમદશા નામે પાદશાહ હતો તેને શાહજાદા મુજફ્ફરશાને ગાદીએ પાવાની બેશાડવાના ઇરાદાથી પતઇ ઘણો જોરાવર જાણી રાજાને ઘેરો દીધો ને ભારે જુદ્ધ કીધું જેમા આશરે લાખ ફોજનું નુકશાન કીધું. તે ઇ. સ. ૧૪૮૨ માં ચડઇ કરીને આખરે પાવાગઢની તલેટી કબજે લીધી તે ઇ. સ. ૧૪૮૩] માહે નવેંબર તા. ૧૮ ઇ સ. ૧૪૮૪] ના રોજ પાવાગઢનો કીલો સર કર્યો. ને જુમા મસીદ બંધાવી. એવો દાખલો મલ્યો. એટલા વાકય ઉપરથી શ્રી કાળકાની કૃપાવડે આ આખ્યાન રચ્યું છે. તે વાંચનારે સુધારીને વાંચવું. કરતાને પિંગળ કે વ્યાકરણનું જ્ઞાન નથી. કરતા ઘણો

અણુધ્ય છે. પણ હાસ્ય વીનોદ વીરરસ એ ત્રણ વાત ભરપુર છે. વળી કાળીનું વચન ઉરદુ ભાષાએ પણ ઘણી રસીક છે. તે પણ કોઇક જગ્યાએ છે. તેથી વાંચનારને તથા સાંભળનારને વીશેષ પ્રીતી રહેશે. ને કાલી નામ લેશે ને સઘળી વાતે માહિતી મલશે તેથી આ આખ્યાન બહાર પાડયું છે. તેથી મનને કોઇ જાતનો અંદેશો રાખવો નહી ને શંકા કરવી નહી અમારી ફરજ છે. લી સોના પ્રેમાનંદ બાપુ ઠે. બરાનપુરા ચોખંડી શહેર વડોદરા જાતે માર સોની છે મારાજે માતાજી ગરવે માની લેજો. સં. ૧૯૬૩ માહા વદી ૫ ને વાર ગુરૂએ આ ચોપડી લખી છે.

શ્રી કાળીકાનો કોપ, પતઇ રાજાનું આખ્યાન.

દોહરો.

પ્રથમ ઇષ્ટ દેવને પરણમુ, જેની મુજ પર સાહ્ય ;
મુજને જો કરૂણા કરો તો, ગ્રંથજ પુરણ થાય. ૧
સરસ્વતી મા જીભ્યા વસે, વાણી આપે રે શુધ ;
હું ખોટું ખરૂં લેતો નથી, છું અજ્ઞાની રે અબુધ. ૨
ગણેશ ગીરજા દીકરા દેવા, અંબીકાને લાગુ પાય ;
હંસ વાહની વિમલ વાણી, આપ્ય રે મુજને માય. ૩
સઉ કવીને કરૂ વિનતી, રહુ છું બેહું કર જોડ ;
સઉ મલી કવી કરૂણા કરો, કોઇમાં દેશો ખોડ. ૪
આદ્ય શક્તિ તું ઇશ્વરી, જગત જનેતા માય ;
કરૂણા કરો જો માવડી, ગ્રંથ એ ચાલતો થાય. ૫
પ્રાકૃતમાંતો વરણવું, ગુજરાતી ભાષાય ;
ઉરદુ વાણી મેળવીને, રચી એજ રચનાય. ૬
દદ અક્ષર હોય માયરો, તે તો કરજો માફ ;
વાંચે જો વાણી શુદ્ધથી, તો સમજાય સાફ. ૭
સઉ કવીનો છુ કીંકરો, પ્રેમાનંદ ગુલામ ;
આખ્યાન રચ્યું પાવી તણું, રેવા જુગમો નામ. ૮

વલણ.

આખ્યાન કહું પતાઇનું, કાળી ક્રોધ વચન રે :
પાવાતણી એ વારતા, સુણજો શ્રોતા જન રે.

કડવુ ૧ ચોપાઇ.

માકાળીની મુજને મેર, રચવા ગ્રંથ કરી છે પેર;
રૂડા લોકનું છે સુભ સેર, લખું ક્ષત્રી મુગલોનુ વેર. ૧
સોભી રહ્યું છે કાલીનું ધામ. વાંનવુ પાવાગઢ વીસરામ;
નીરમળ છે શાકતનુ નામ, ચપાવતી નામ છે ગામ. ૨
પ્રેમ લક્ષણા ભકતે વડે, દીધી મત તેવી આવડે;
માનુ નામ જો મુખે ચડે, તેને વીસ અંકુ નૈ નડે. ૩
નંદશો નૈ કોઇ ગ્રંથ એહ, ક્ષણું ભંગ કાયાનો દેહ;
દરિદ્ર જન કોઇ હોય જેહ, ભાવે ભકિત પામે તેહ. ૪
ભોળી ભોળી છે કાળી માત, વંછા આપે એતો સાક્ષાત;
પુજે પાવડી જે જઇ જાત, ગીરી સીખર પર બેઠી માત. ૫
લાખેણો લાવો ચુકો નહી, દ્રષ્ટીએ જયાંખી કરવી જઇ;
લક્ષ રાખજો પદની મહી, તો સદગતી જાણો થઇ. ૬
એ શકિતનું છે મારે ધ્યાન, મુઢ મતી મારી અજ્ઞાન;
વળી નહિ કે શુદ્ધ કે સાન, પીંગળનું નહિ મુજને જ્ઞાન. ૭
ડોળવના અક્ષરના ભેદ, તે જોઇ નવ કરતાં ખેદ;
દુલ વચારી દેવો છેદ, વળી વ્યાકરણ નહી જાણું વેદ. ૮
શાયત કરી આપું સરસ્વતી, તેવી કલમ ચાલી મુજ વતી;
નારાયણી એ છે ભગવતી, મુઢને પણ આપે ગતી. ૯
છે શકિત એ સરજનાર, શકિતનો સઉને આધાર;
રેઠાણુ નાટકના આધાર વળી સામળની વાણી સાર. ૧૦
નામે ભગવતિ કાવ્ય જેહ, વાંચ્યું અંતર રાખી નેહ;
રચના ગરબાની છે જેહ, વાંચી કાવ્ય કરી છે એહ. ૧૧

વલણ.

વાંચી કાવ્ય કરી સહી, સુણજો નરને નારરે.
ભાવે ભક્તિ આદર, શક્તિ સરજનહારરે.

કડવા ૨—રાગ બરવો.

પુરવ દિશાએ ગીરી પાવાગઢ, નગ્ર ચંપાવતી નામજી;
વરણુ અરાઢે વશેરે વાસે, રગીત નવલાં છે ધામજી. ૨
પુરવે રાજા ભીલ હતો એક, તેને વસાવ્યું એતો સહેરજી;
તા પુંઠે બહુ ભુપ થયાને રાજ કરતાં સુખ ભેરજી. ૩
પ્રતાપસિંહ રાજ કરે છે ને, પ્રજા પાળે છે કુળ ધર્મજી;
સુર્યવંશી કુળ છે તેનું, સાચવે કુળના કર્મજી. ૪
રાણી ત્રણ એ રાયને છે, રૂપ કળા ગુણવાનજી:
પતી સેવામાં પુરણ રહેતી, ઇશ્વરીનું જેને ધ્યાનજી. ૫
વડી રાણી ગુણ સુંદરી તે, ગુણ તણો ભંડારજી;
બીજી સૌભાગ્ય સુંદરી છે, તેના રૂપતણો નહી પારજી. ૬
કામસેના ત્રીજી નારી, રૂપે રતીને સમાનજી;
રાજા તેને વશ થયો છે, રાણી છે મુખનું પાનજી. ૭
સ્વર્ગતુલ્ય રાજ છે પણ, પેટ નહીં સંતાનજી;
રીધ સીધ નવેનીધ છે, પુત્ર વીના સમસ્યાનજી. ૮
ચંદ્ર વિનાની નીશાં જેવી, ફળ વીના તરૂવર જેવુંજી;
જળ વીનાનું માન સરોવર, પુત્ર વીના રાજ તેવુંજી. ૯
વૃદ્ધ આવ્યાથી રાયને આવી, પ્રજાનું મોટું છે દુઃખજી;
ચીંતાતુર રાયને રાણી, કયારે ઠરશે મારી કુખજી. ૧૦

અનેક તરેહના વ્રત કરે છે, ફળની ધરી મન આશજી;
નવરાત્રીની વાત કરે છે, રાય રાણીની પાસજી. ૧૦
એક રૂષિવર કહી ગયા છે, નવરાત્રીનો ધર્મજી,
ફળ પામીએ ધરમ કહ્યાં છે. સુણજો તેનો મર્મજી. ૧૧
એટલે રૂષીવર આવ્યા છે, તેણે કહ્યો સમાચારજી;
ઉઠયો રાજા તેણી વેળાએ, મુનીને કર્યો સત્કારજી. ૧૨
આશીષ આપી રૂષીવર કે, ધન ધન છે રાજનજી;
રાણી કે રૂષી વર્ત બતાવો, વર્ત કરવા મારૂં મનજી. ૧૩
રૂષી કે રાણી એમ હોય તો, કરો નવરાત્રીનું વર્તજી;
વંધ્ય દોશ ટળી જાશે ને, ફળ મળશે એ તર્તજી. ૧૪
કેવી વાધીએ કરવું મારે, બતાવો તમે માહારાજજી;
આસ્વીન માસે પ્રતી પદથી, કરવું તમારે એ કાજજી ૧૫
શરદ રૂતુમાં વ્રત કરવું, દેવીનું ધરવું ધ્યાનજી;
ઘટ બેસાડી પુજન કરવું, સાહેલી સંગ ગીત ગાનજી. ૧૬
સીંદુર ચરચી પ્રતીમાંને, પુષ્પ સુંગધી અપારજી
અખંડ જોત ઘ્રતની રાખો, શીફળ ધરીને તે હારજી. ૧૭
સાત દિવસ ઉપવાસ કરો, અભ્યાગતને આપો અંનજી;
નૈવેદ કરીને આરતી કરવી, દેવીને કરવી પ્રસન્નજી. ૧૮
અષ્ટમીએ અર્ચન કરાવો, જપાવો ચંડીનો જાપજી;
નવમીને દીન પારણું કરતો, ટળે ત્રીવીધીના તાપજી. ૧૯
આગે રૂષીવર કહી ગયા છે, મારકંડ સરખા જાણજી;
દેવી પુરાંણે જે લખ્યું છે તે, મે કહી તમને વાણજી. ૨૦
અંગનું વસ્ત્ર દાન કરાં, સુણવો ચંડીનો પાઠજી;
પ્રેમાનંદ કે [illegible] છે તે, ભાગસે તારો ઉચાટજી. ૨૧

વલણ.

એમ કહી રૂષીવર ગયાને આવ્યો આસ્વીન માસરે
રાણીએ વર્ત આદરે તે ધરી ફળની આસરે

કડવા ૩—રાગ મારૂ ધોળ.

આવ્યા આવ્યા એક સમે અભ્યાગતરે
જોવા આવ્યા છે રાણીનું એ સતરે ૧
જોગી રાજ દવાર એહળ જાયરે
રાણીની દ્રષ્ટે પડયા જોગી તાંયરે ૨
દાસીને બોલાવી તેને હારરે
જોગી જાય છે જોને આણીવારરે ૩
જાને તેડી લાવ્ય તું તો આજરે
જોગી આવે તો સુધરે કાજરે ૪
દાસી તેડવા જાય તેણી વારરે
આવી જોગીને કર્યો નમશકારરે ૫
સંભુનાથ જોગી કે તેણીવારરે
કયું માઇ આઇ ઇસઠારરે ૬
દાસી કે તમને તેડે મુજ બાઇરે
ઇસ કારણ બુલાને મે આઇરે ૭
સંભુનાથ કે કોણ માઇ તેડીરે
દાસી કે તમે ચડી જાવ મેડીરે ૮
કોણ માઇને કીસકા ધામરે
હમકુ બુલાનેકા કયા કામરે ૯
એમ કહી ચડી ગયા મહેલરે

તાં તો જોવા સરખી છે સેલરે ૧૦
જોગી રાજને રાણી પડે પાયરે
સંભુનાથ તો વીસમે થાયરે ૧૧
અરદપાદ પુજન તાંતો કીધુરે
ચરણ પખાલી આચમન લીધુંરે ૧૨
જોગી રાજને આસન આલુરે
ભોજન સામગ્રીનું કામ ચાલુરે ૧૩
ભોજન પાઇને ઉઠયા તે હાલરે
માઇ જીવો તુમારા તો બાળરે ૧૪
સુણતાં રાણી થઇ છે ઉદાસરે
નહીં ફરજંદ તેથી નિરાસરે ૧૫
જોગીને પડયો જોઇને વેમરે
માઇ ઉદાસ હોને લગી કેમરે. ૧૬
શીસ કે સુનો ગુરૂ માહારાજરે
ફળ કુછબી દેના ચહીએ આજરે ૧૭
ફળ જોળીમાંથી કાડયું હાલરે
ફળ ખાનેસે હોવેગા બાળરે ૧૮
દોનો ભુજ કરને માઇ ભેલીરે
ઇસ ફળકુ ખાજાના એકલીરે ૧૯
જયકર દેવકે કે કર ખાનારે
રજા હમકુ હોય અબ જાનારે ૨૦
રાણી કે ભલે જાવ મારાજરે
આજ બંન ગયા મેરા કાજરે ૨૧
તાંથી જોગી થયા છે વીદાયરે

રાજ મારગે થઇને તે સીધાવ્યારે ૨૨
એટલામે તો રાજાજી આવ્યારે
રાણીએ તો રાયને વધાવ્યારે ૨૩
ફળ આપ્યું છે ઘરમાંથી આણીરે
પછે મુખથી કે છે હાવે રાણીરે ૨૪
આ ફળ જોગીરાજે મુને આપ્યુંરે
વંઝા દુખ તો મારૂં આજ કાપ્યુરે ૨૫
ફળ ખાધેથી પુત્ર તો થાશેરે
આજ્ઞા હોય તો દુખ સઉ જાશેરે ૨૬
પતી કે ભલે કરોને કામરે
ઇષ્ટ રાખજો આપણું નામરે ૨૭
આજ્ઞા આપીને ફળ તો ખાધુરે
ધરભ રેવાને અરથે કામ કાધુરે ૨૮
ર ા છે ધરભ રાણીને પેટરે
એતો વાત બની ગઇ છે નેટરે ૨૯
જયકર દેવનો જપતી જાપરે
ટાળ્યા મારા ત્રીવાધીના તાપરે ૩૦
ચંદ્ર સુકલ પક્ષનો જેમરે
ગર્ભ વરધી પામે તેમ તેમરે ૩૧
પુરા માસ થયા છે તેણીવારરે
પુત્ર પ્રસ્વ થયો તેણે ઠારરે ૩૨
દાસી વધાઇ ખાવાને જાતીરે
મનમાંએ ઘણી મલકાતીરે ૩૩
દરબારે જઇ કહે છે વધાઇ રે ;

રાજા ઉઠયા છે ઘણા હરખાઈ રે. ૩૪
બારકાશ કચેરી કરી છે તાંય રે;
વંચી સર્કરા શાહેરની માંય રે. ૩૫
બંદીવાન છોડાવ્યા છે હાલ રે:
દાસીને આપી છે મોતીની માલ રે. ૩૬
જોશી તેડવાને કાંઇ જાય રે;
તેડી લાવવા તત્પર થાય રે. ૩૭
હલકારો કહે તેડવા હું જાઉં રે;
ઘડી બેમાં તેડીને પાછો આવું રે. ૩૮
ગયો હલકારો જોશીને ઘેર રે;
પુત્ર પ્રસવની કહી છે પેર રે. ૩૯
તેડે તમને રૂષી માહારાજ રે;
ચાલો વેગે વેલા તમો આજ રે. ૪૦

દોહરો.

જોશી હવે આવશે. રાજા કેરે ઘેર;
પ્રેમાનંદ કે નીપની, સઉને લીલાલેર.

વલણ.

વેગે વેલા ચાલીયે ઉતાવળનું કામ રે
તમપર રાજા રીજશે, આપશે કંઇ ઇનામ રે

કડવા ૪—રાગ સામેરી.

ત્યાર પછી નીપજે છે જેહ કહું વીસ્તારી તમને હું તેહ. ૧

જોશી રાજા ઉતાવળા જાય ગણે અસ્લોક મારગ માંય. ૨
તક વીચારી જોશીએ સારી લીધી પોથી બગલમાં મારી. ૩
ધન મકર જાય છે ગણતો ચંદ્ર મંગળ મુખેથી ભણતો. ૪
એમ ગણતાં આવ્યો દરબાર રાજ દુવારની સોભા અપાર. ૫
રાજા ઉઠીને નામે છે શીશ મુનીએ તો આપી છે આશીશ. ૬
રાયે મુનીનું પુંજન કરતો પછી મુખે વચન ઉચરતો. ૭
મુની જનમ્યો હાલ બાળ તેના લેખ લખો તતકાળ. ૮
તેથી તમને તેડાવ્યા આજ એજ કામ કહુ મહારાજ. ૯
રૂષીએ પત્ર ને કલમ લીધા લખવા લેખ તૈયારી કીધી. ૧૦
જોશીયે ઘડી સાધી તે હાર વીધ્યાવંતને સાની વાર. ૧૧
ગણતીમા ગ્રહ ગણી લે છે લેખ લખી રાજાને એ કહે છે. ૧૨
સુંણવા લેખથયો તઈઆર સુણો લેખનો કહું સમાચાર. ૧૩
સગા મીત્ર સહોદર મળતા પછી જોશી વચન ઓચરતા ૧૪
પુજન પત્રનું રાજાજી કીજે પછે અરથ એનો સુણી લીજે. ૧૫
અરથ કરીએ શ્લોક ભણતાં ગ્રહનો અરથ ગણીને કરતા. ૧૬
કંન્યા ચંદ્રમાં જનમ્યો બાળ પતઈ નામ ધરૂં છે તે હાલ. ૧૭
જય દેવે કરૂં છે એ તો કામ જયસીંહ તે બીજુ નામ. ૧૮
રાજપુત્ર પ્રતાપી થાશે બળ એનું એ રણમે જાણાશે. ૧૯
ચોસઠ વિદ્યાને ચોસઠ કલાય માન મેળવે ભરી સભાય. ૨૦
દાનેશ્વરીઓ એ છે ઉદાર રાજા કરણ સમો દાતાર. ૨૧
૩૫ ગુણમાં નહી મણાય. કીરતીવાન એ પુરૂસ જણાય. ૨૨
વીદ્યા ભણવી એ ને મન સેલ એ તો બંધાવે મોટા મેલ ૨૩
એ તો પ્રખ્યાત પાવાને કરશે દ્રવ્ય અસંખ્ય લાવા ભરશે. ૨૪
જાગે શત્રુ તો તેથી ન ડરે એ તો ધારેલાં કામ તે કરે ૨૫
બહુ વરશે એને કન્યાય કામાતુર થશે એની કાય. ૨૬

સુણી રીશ ન કરતા રાય આવે લેખ તેવો તો વંચાય ૨૭
સાચુ કહેતામાં શાની છે લાજ ગ્રહ દોશ બતાવું છું આજ ૨૮
શ્રાપ શક્તિનો થશે કોવાર સતી ઉપર કરશે પેયાર ૨૯
તેથી શ્રાપ શક્તિ તો કરશે પાવે આવીને ખપર ભરશે ૩૦
ત્યારે રાજાજી બોલ્યા છે વાણી એ તો વાર્તા ભાઇ મેં જાણી ૩૧
દોષ ગ્રહનો સાથી એ ટળે જોષી ખત લાવ્યા તે નીકળે ૩૨
દાન કરવાથી એ ગ્રહ રીજે હોય એવું તો કારજ કીજે ૩૩
લખ્યા લેખ વીધાત્રીએ અંક તેમાં જોષી તમારો સુવંક ૩૪
જોષી કે એ તો, ટાળ્યો ન ટળે, કોટી ઉપાય કરે ન ખળે. ૩૫
કેહેછે રાય થનારૂ તે તો થાય સમો પડે તે સહુ સમજાય ૩૬
કડાં કંઠીને સાલ તો લાવો આપીયાં ધન રૂષી વળાવ્યો ૩૭
રૂષી રાજી થઇને હરખાતો લેઇ પોશાકને ઘેર જાતો. ૩૮
ચંદ્ર સુકલ્ય પક્ષનો હોય જેમ પુત્ર વૃધી પામે તેમ તેમ ૩૯
વરસ પાંચનો થયો કુમાર મુકયો નિશાળે તેણીવાર ૪૦
વીદ્યા ભણતાં દીઠી તે હાલ શીખ્યો ચાતુરીની પછી ચાલ ૪૧
અશ્વસ્વાર થઇ મારે શીકાર નીત ફરવાને જાતો તે બહાર. ૪૨
રાયે પુત્રનું પરાક્રમ જોયુ પછી આપતણું દુખ ખોયું. ૪૩
વરસ વયમાં આવ્યો કુમાર રાયતે ઉપન્યો છે વિચાર ૪૪
લાવે પરણાવી કુંવરને નારી તો જોડી બને બહુ સારી ૪૫
એક બ્રાંહ્મણ એટલે આવ્યો તેને રાયને સંદેશો કહાવ્યો ૪૬
વાકેળથી હું આવું છું ચાલી એક રાયની કન્યા રૂપાળી ૪૭
માળસીંહનો લાવ્યો છું પત્ર હું તો આપવા આવ્યો છું અત્ર, ૪૮
અનુચર ઉઠયો તેણી વાર રાયતે કહયો છે સમાચાર ૪૯
રાય કે તે વીપ્રને તો લાવ્યો સભા મધે તે વીપ્ર તેડાવ્યો ૫૦
આવી વીપ્રે તો આશીશ દીધી પછી વાત વિસ્તારી કીધી ૫૧

શાંતસુંદરી કન્યાનું નામ તેની તસ્બીર કાઢી તે ઠામ ૫૨
રાયે તસ્બીર જોઇ છે ભાળી કુવર લાયક કન્યા છે રૂપાળી ૫૩
બ્રામણ અક્ષત લઇને આવ્યો રાજકુવર પાસે બોલાવો ૫૪
અક્ષત ચંદન કુંવરને ચોડી શાંત સુંદરી વરની જોડી ૫૫
ચરચી ચંદન શ્રીફળ દીધું દાન કન્યાનું દેવાને કીધું ૫૬
ખાંડુ રાયે મોકલ્યું તે વાર લાવ્યો પરણાવી આણે ઠાર ૫૭
પ્રધાન ગયો છે તેણે ઠાર લાવ્યો પરણાવી તેતો નાર. ૫૮
રાયે વિચાર કીધો છે મન હવે નહી રહે મારૂં રે તન ૫૯
વૃધ્ધકાળ થઇ છે મુજ કાયે પતઇ રાજ કરે તો સોહાયે ૬૦
ત્યાં તો મેળવ્યા સભાના જન તેશું બોલ્યા રાય વચન ૬૧
ભાઇ સરવેને પુછું હું આજ મારે પુત્રને સોંપવું રાજ • ૬૨
તમો રાખજો એપર વાલ એવો રાયે કર્યો છે સવાલ. ૬૩
તારે બોલ્યા સભાનાજંન આજ હરખાયું હમારૂ મન. ૬૪
રાય કે જોસી મહુરત આલો ગાદી દેવા વખત ન ગાળો. ૬૫
જોષીએ તક વિચારી ભારી પાસે આવી બેઠા કારભારી. ૬૬
હવે મહુરત જોષીજી આલે રાજા ગાદી બેસાડજો કાલે. ૬૭
નવીન છત્રને સીંહાસન તે તો મંગાવ્યું રાજન. ૬૮
ઉજવળ હસથી ઉજવળ વાજી લાવ્યા ઝટ સોધી સુરા કાજી. ૬૯
બ્રાહ્મણ ગાદીના વેદ ભણે છે જપે જાપમે મંત્ર ભણે છે. ૭૦
તરીયા તોરણ રાય બંધાવે ભોવન રંગમે તે રંગાવે. ૭૧
પતઇ રાજ બેસાડયો જ્યારે તોપ ધનનનન ધમકાવી ત્યારે. ૭૨
ત્રંબાલુનો થાય છે નાદ વાજીંત્રથી પુરાય છે સાદ. ૭૩
ધજા ફરરર ફરકાવી તાંય આણંદ વરતાવી પુરની માંય. ૭૪
બંદીવાન છોડાવ્યા છે રાયે ભાટ ચારણ આવે છે તાંયે. ૭૫
સેલા પાઘ જોઇ નામ દીધુ પછી રાયે તે રાવણ કીધુ. ૭૬

જોવા આવે છે રૈયત સારી પુરમાંયે ચઢી છે સ્વારી. ૭૭
વેહેંચ્યા નગ્રમે ગોળ ને ધાંણા વાયકાન્ત કરતી ગાંણા. ૭૮
વરતો સોહલો પુરની માંય ત્યાર પુઠે દીન બહુ જાય. ૭૯
એક દીવસ વૃધ્ધ તો કહે છે પુત્ર પાસે તે આજ્ઞા લે છે. ૮૦
હમો વન જઇ તપ જમાડુ આવે કાળ તો કાયા છાંડુ. ૮૧
પુત્ર કે પીતાને સુજે જેવું કરો કામ ધાર્યું મન તેવું. ૮૨
પતની પુત્રની આજ્ઞા લીધી વન રેવા તઇઆરી ત્યાં કીધી. ૮૩
પુર છોડી ગયા છે રાજન તપ સાધન કરતાં તે વન. ૮૪
તપ પુરણ થયું છે તે જયારે સ્વર્ગવાસ થયા રાય ત્યારે. ૮૫
પ્રેમાનંદ કે એ થયું વન વનમાં પડયા રાજન. ૮૬

વલણ.

કાળ આવ્યો રાયનોને મરણ પામ્યા તાંય રે;
ખબર પોચી પતઇને આવ્યો છે વન માંય રે.

કડવા ૫—રાગ વેરાડી.

ત્યાં દહન કીરીઆ કરી રાયની પતઇ આવો પુરમાંયે;
હડતાળ પડી છે પુર વીશે ને ઉદાસી પામ્યો રાયે ૧
કુળની રીતે કીરીઆ કીધી છે સવખ્ય વડે ત્યાંય;
ઉતર કીરીઆ કરી રાયની પુર પોતાના માંયે. ૨
તાર પુઠે બહુ દીન ગયાને મરણ પામી માતાએ;
સુખ સંભારી માત કેરું ને રૂદન કરતો તે રાયે. ૩
સામટા વીઘ્ન કેમ નડયાને પ્રગટું મારૂ શુ પાપે.
માત પીતા મરણ પામ્યાને સુખ આપ્યું બહુ બાપે. ૪

માતને દહેન કરીને આવ્યા તેની તો કીરયા કીધી.
પ્રધાને આવી શમજાવાને રાયને શીક્ષા દીધી. ૫
કર્મા વીચ્યારો મન વાશેને અંત આવે શઉ જાય.
કેટી ઉપાય કરો કદાપી તો ક્ષણુય નહીરે વાય. ૬
સોક સાગરમાં સું બુડો છો વીવેક આણોને મન.
જાયુ તે નીસે જાવાનુ અવધી આવે પડી જાયે તન. ૭
બ્રહ્માદીકનો નાસ થવાનો ઈંદરે પણ નહી રેવાશે.
તો કોણુ માત્ર આપણુ માનવી અમર નથી કઇ કાયે. ૮
એ પ્રમાણે બોધ કરીને રાયને, બહુ તરે સમજાવ્યા;
પ્રેમાનંદ કહે એ પરમાણુ, સોક તે સઉ સમાવ્યા. ૯

વલણ.

માત પીતા સ્વરગે ગયાં, ને પતઇ કરે છે રાજ રે.
તાર પછી શું નીપજે, તે સંભલાવું મારાજરે.

કડવા ૬ છંદ હરીગીત.

સાખી—સોક નહી તે શેહેરમાંને, આનંદમાં દીન જાય,
સ્વરગ તણું સુખ ભોગવે કહુ નગ્ર તણી રચનાય.

એ શુભ શેર ચાંપાનેર, પાવે કાળકાનુ ધામ છે;
બાવન બજાર ચોરાશી ચઉટાં, વીવાધના મુકામ છે. ૧
ચંપાવતીનો ઘેર દેતજન, વીસનો વીસતાર છે;
ત્યાં કોટ કીલા બારીયોને, દવાર મોટાં બાર છે. ૨

ગુલજાર શેહેર અપાર સોભા, ઈંદ્રથી અદકી અની;
દરબાર સોભા લંકસમ જ્યાં બીરાજે પાવાપતી. ૩
ત્યાં રાજ કરતા શુર્યવંશી, માહારાજ પતાઇ છે;
પ્રતાપસીંહના પુત્રનો, ત્યાં નીતી ન્યાય સવાય છે. ૪
જગત માત કૃપાળ કાલી, ગીરી શીખરપર ન્યાલીયે;
ધરી ધ્યાનમાં ગુલતાન થઈ, આનંદ લોલે માલીયે. ૫
કાલી કૃપાલી દીન દયાલી, ભક્ત પાલે ભાવથી;
ક્રુર કપટીને સંહારતી એ, દુષ્ટને મારે દાવથી ૬
બાગો બગીચા ને તલાવો, વીવીધ વૃક્ષ અપાર છે;
ત્યાં શેરીયોને પોળમાં પણ, ફુલના બજાર છે. ૭
આઠ કૃપનો નવ વાવડી, એ ઠામમાં કેવાય છે;
વેશ્યા અને ગુણવાન ગાયક, કામીના ગુણ ગાય છે. ૮
જુમ્મા મસીદને શ્રાવકોના, દેરા દેરાં સુંદીરો;
આચાર્ય વેપ નવ સેવકોની, સોભતાં બહુ મંદીરો. ૯
રજપુત સુર સમાજ શોભે, મદારીના છે ધરો;
મુગલ સેખ પઠાણ સઇઅદ, કાજી મુલાં કાફરો. ૧૦
હાલોલ છે હલાલનું, દાહોદ છે દલાલનું;
વેપારીયોનું ધોલ્સ, ભરોલપુર કલાલનું. ૧૧
ચીન ફરાસી અરબ તુરકી, રૂમીને વળી રોયલા;
કરનાટક ત્રીલંગ દ્રાવડ, વીદેશી જન સોયલા. ૧૨
બ્રાહ્મણ ચોરાસી જાતના, રૈ વેદનું અધ્યન કરે;
જોશી પુરાણી પંડીતો, ગીર વાણુ વાણી ઉચરે. ૧૩
વણીક વરણ સ્વરત છે, જ્યાં વીવીધનો વેપાર છે;

હીરાના જવેરી પારખો, તાં મોતીના બજાર છે. ૧૪
કણબી કુમાર કલાલ કોલી, કાછીયા કડયા ઘણા.
પાટીદારો પુરપાટીએ વતન, જમીનદારો તણા. ૧૫
સોની લુહાર કંસાર દરજી, જીનગર શીકલીગરો.
રંગરેચ છીપા ભાવસાર, ભાટ ચારણના ઘરો, ૧૬
તેલી તબોલી માલીયોના, હાટપાટ બજારમાં.
સરૈયા સુગંધાની દુકાનો. દીસતી એક હારમા. ૧૭
ભાટીયાને પારષી ગોલા, લુવાણા રબારીયો.
ઘાંચી મોચી અન્ય જાતી, ધારાલાને ધારીયો. ૧૮
ખાતરી વણજાર રૂઆ, સીદી બાવચા બજાણીયા.
કાગદી પટવા ભાડભુજા, ભોઇને રસાણીયા, ૧૯
રાવળને વળી ભીસ્થી, કંસાર તે બંગડા ઘડે.
પેલવાન વર્જમુઠીયા, જઇ અખાડે કુસ્તી લડે. ૨૦
કાયેચ કામ દરબારના કરે, હુકમ રાયનો લેઇને;
સુખડીયા પકવાન કરતા, ઋતુ સુણી જોઇને. ૨૧
નાઇ મગેઠા દક્ષણી. હેરા ફરે બેવાટમાં-
નારી નવેલી સુંદરી, જળ ભરે પનગટ ઘાટમાં. ૨૨
ભઠીયાર ધોબી હીજડા, ને વાઘરી વણઝારીયા;
ખરાદીને ખારવા છે બીલ ભાંડ ભવાઇયા; ૨૩
સલાટને સુથાર છે તે, ઇમારત બાંધે ઘણી.
કડીયા તણું તો કામ ભારે, કારીગરી કરતા ઘણી. ૨૪
દેશાઇ છે દરબારમાં, કરે કામ કચ્ચેરી તણા,
રાઠોડ છે એ શસ્ત્રધારી, લડાઇમાં શુરા ઘણાં. ૨૫

મેહેલો મકાનોને જરૂખાં અગાશીઓને અટારીયો
ઓશરી છે ઓટલે, દીવાનખાંના બારીયો. ૨૬
રાજા પતૈનો વૈભવ. પટરાંણીઓ છે પદ્મની.
દાષીયોને ખવાશીયો. સાહેલી સુંદીર હદ વદની. ૨૬
માતંગ મોટા મસ્ત છે ને અશ્વ છે બે જાતના
સાંઢો છે શીકારની ને ચીતાઓ બે ભાતના. ૨૮
પક્ષીયો પીંજરે બોલે, શબ્દ તે સોહામણા.
મેનાયો બોલે પીંજરે કોયલના ટોકા ઘણા. ૨૯
ગુજરાત ગરવી દેશમાં એ ઇલાકો અદભુત હશે.
જક્તઅંબની કીરપા જ્યાં. ત્યાં કહો બાકી શું હશે. ૩૦
એ ઠામ વીશ્વામીત્રનો તે ભયાનક બૈ ભાસ છે.
વીશ્વામીત્રી સરીતા વહેતાં દુષ્ટનો બહુ ત્રાસ છે. ૩૧
જતી ખાખી વેરાગીયો તે ઠામમાં વસતા ઘણા
જોગી અબધુત ધ્યાનમાં કરે તપ તેમા નૈ મણા. ૩૨
અદભુત શોભા શેરની તે દૃષ્ટીએ જણાય છે,
પ્રેમાનંદ કે ઉમેદથી સૌ, કાલીના દરશાન માંય છે. ૩૩

વલણ.

અદભુત સોભા શેરની, તે કેતાં કહી ન માયરે.
રાજ કરે પતઇ તાંહાં કહુ રાજ તણો મહી જાયરે

કડવા. ૭ રાગ આશાવરી

પતઇ કેરા રાજની માંયે નૈ વ્યાધી કે શોક
ન્યાય નીતીનું રાજ ચાલે ધર્મનિષ્ટ છે લોક ૧

ચ્યારે વર્ણ ધર્મ પોતાનો ન્યાવ નીતીથી પાલે
પતઇ રાયના રાજની માંયે ધ્રુજી ફરતો કાલે. ૨
માગ્યા મેઘ વ્રષ્ટી કરતા ધેનું ધુજે ત્રણ વાર
ભાર અરાડ વનસ્પતી ખીલે શોભાનો નૈ પાર ૩
પ્રથ્વીયે આનંદી ઘણુ પાકે વૃક્ષે ફળ અપાર
સરોવર માંયે નીર ન સુકે કદી ન પડતો કાર ૪
લક્ષ્મી કેરો વાશ રયો છે પુરમાંયે ભરપુર.
ચંદ્રબીબથી અદકુ શોભે રાજા કેરૂ નુર ૫
શાસ્ત્રીયોની શભા મ ગેરાય પતાઇ જાતે
વેદાંતનું શીધાંત કરાવે શુણે સૌની વાતો ૬
સીંહ તણો શીકાર કરવા વંનની માંયે ફરતો.
ધારી બંધુક મારે પોતે સીંહ થકી ને ડરતો. ૭
આ પ્રમાંણે પાવા માંયે સજા કરતો લૈર.
રાંણીજીને બાલ્યક જનમ્યો પ્રભુની થૈ મેર. ૮
રાજાએ તે વારતા જાંણી જાચ્યકને શંતોષા.
રંક જાંનીને ધંનજ આપી ગરીબોને પોષા. ૯
કોઇ સમે મ્રગયા રમવા જાય છે ઉપવન.
અને શીહકાર ભારી છે ભાઇ છૈ તન મન. ૧૦
કોઇ સમે ન્યાય ચુકવે બન્યો બેશી સાથ.
પ્રાતઃકાલે કંચનકેરૂ દાંન કરે નીજ હાથે. ૧૧
પાટવીપુત્ર રાયશીહ તે બે વરશનો બાલ.
ત્રીજે વરશે રાણીજીને થયો પસવકાલ. ૧૨
તે પણ કુંવર રુપાલોસે તેનું બીબાજી નામ.

એ બાલ્યક થયા રાયને શોભી રયુ છે ધાંમ ૧૩
બે પણ કુવર ઉછરીશા ને રમતા બન્ને બાલ.
ઉછંગમા લેઇ ચુંબન દેતા જમતા એક થાલ. ૧૪
થોડે દીવશ વીત્યા પછી ત્રીજો બાલ આવો.
તેજ શીહજી નામજ તેનુ પતય લેતો લાવો. ૧૫
પોતાના ત્રણ કુવર રમતા દેખી રાજા તો હરખાતો.
ત્રણ કુવરને શાથે લેઇ સ્વારી ફરવા જાતો. ૧૬
પાટવીપુત્રને પરણાવો ઉત્યમ કુળની નારી.
રાજાને મન આનંદ થાયે શોભા બની એ શારી. ૧૭
તાર પુઠે બે બાલક જનમ્યા વારા ફરતી તાંય,
પંચ પુત્રનો તાંત થયો છે શોભા કહી ન જાય. ૧૮
રાયશાંહને કુળવધુ એ બન્નોની થૈ જોડી.
કૂળ વધુને કુવર આવો શોભા કહું શુ થોડી. ૧૯
અથુરાજ તે નામ ધરૂ છે રાજાયે તે વાર.
ત્યાર પુઠે ડુંગરજી આવો સોભાનો ન પાર. ૨૦
એ પ્રમાણે રાય પનોતો પરમેશ્વરની મેર.
આનંદમા દીન જાય વીતી થૈ રે લીલા લેર ૨૧
એવામાં બે મીત્ર થયા છે તેને રાય ભમાવો,
કૃષ્ણલીલાનો અરથ બતાવી. રાજાને સમજાવો. ૨૨
ઉત્યમ કુલનો રાજા હુતો, નીચની સોબત આવી:
બાકી પદારથ ભુજે નહી ને, હોનારૂં જે ભાવી. ૨૩
શંગાર લીલા વર્ણન કીધી, દાણ ઘાટ દેખાડે;
ચીર ઘાટની લીલા દેખાડવા, તેની તસ્બીર કાડી. ૨૪

બુધી ભમાવી રાજા કેરીને, ચંચળ કીધું મન;
પરદારાને નરખી ચાલે, પોતે તે રાજન. ૨૫
સુંદર નારી દેખે જેની એ, તેને તુર્ત તેડાવે;
અતી આદરથી આસન આપે, મેડીપર ચડાવે. ૨૬
એ પરમાણે કરવા લાગ્યો, તેને ગયા બૈ દન.
વારતા ચાલી પુરની માંએ. ભ્રષ્ટ થયો રાજન. ૨૭
બાળાને સંતાડવા માંડી. ઘેલા જાણી વાંકી;
રૈયત કે શું કરવું હાવે, રાજા જુવે તાકી. ૨૮
બધા રીતુ મહી રાણીએ, જાણી રાજાની વાત;
પરનારીનો સંગ કરે છે, તે તો એ સાક્ષાત. ૨૯
સીખ દેવાને રાય તેડાવો, લાગ્યુ મનમેં જેર;
વીખ હલાહલ પરનારી છે; એમાંથી થાશે કેર. ૩૦
માસ સમજુ સ્વામી થૈને. આ શું કરોછો કામ;
કેમ બુધ્ધી ભ્રષ્ટ થૈ તમારી, બુડાવશો શું નામ. ૩૧
રાણી કેરો બોધ સુણીને, રાયને આવી રીસ;
ત્યારે હમને કાંઇ ન કેવું, બોલી તો છેદુ શીશ. ૩૨
ઈંદ્ર ચંદ્રને બ્રહ્મ પતી તે પણ એવું કરતાં
શીવશંકર શમશાનવાશી બીલડી પુઠે ફરતા. ૩૩
કૃષ્ણ તણું તો કામજ ભારે શોલ સહસ્ત્ર નારી.
તે કરતાં તો જોને નારી મારી બુધી શારી. ૩૪
રાણી કે એ વાત ખરી છે કૃષ્ણને શોલ હજાર.
તમને તો હું એક શાંપડી લાવો એક હજાર. ૩૫
એ મેણું લાગ્યું રાજાને આવો સભાને દ્વાર.

માત્રની પાસે કેવા લાગ્યો મેણુ દે મુંજનાર. ૩૬
જાતાં ક્યાંને શોધી લાવો ઉત્યમ કુળની નારી.
આ ખાંડુ પરણાવી લાવો તંમપર જાઉં વારી. ૩૭
કેતાંમાં તે તુરતજ ઉઠયા ખાંડુ લેઇને હાથે
દેશ દેશાંતર ફરવા ચાલ્યા દ્રવ્યજ લીધું સાથે. ૩૮
દેશાંતર પરણાવી લાવ્યા મીત્રે સમાચ્યાર કાવ્યો.
નવશોને અણાણું પરણી આવ્યો શદેશો આવ્યો. ૩૯
એ સૌ હરી રથેથી ઉતરી માતની મધે આવે.
રાંણીયે તે વાતજ જાણી શુરે થવાનું હાવે. ૪૦
એ વાર્તા એટલે રહીને આવ્યો અસ્વીન માસ.
નવરાત્રીનું વરત કરવા રાંણી મન ઉલાસ. ૪૧
પ્રેમાનંદ કહે ભાવે શુણજો નવરાત્રીની વાત.
ગરબા રમવા કાલી આવે વરતાશે ઉત્તપાત. ૪૨

વલણ.

ધાવે ગડથી કાલી આવે તેની કહું છું વાતરે.
વરતરાંણી તે આદરે જેને વાલી છે માતરે

કડવા. ૮ રાગ રામગ્રી

આવો શરદરી તુ અસ્વીન શુકલ પક્ષે પ્રતીપદા દીન. ૧
નવ રાત્રીના આરંભ કરી રાણી હરખ અતી મન ધરતી. ૨
શખીઓ સંગ શાથની શરખી જોઇ નવરાત્રીને તે હરખી. ૩
નવરાત્રીમાં ગરબા થાય સૌ સાહેલી મલીને ગાય. ૪
સાંયે વાજીત્રનો નાદ થાય રાણીવાશમાં ગરબા ગવાય. ૫

તે તો કાલીને જઈ કોઇ કેછે ગડપાવામે કાલીતો રેછે. ૬
આજ કાલ્ય લેર ઉડે છે શુખ શરીતા શરમાં વડે છે. ૭
ગરબાની જડી એ ચાલી જોવા મનડું રહ્યું મારૂ હાલી. ૮
ચાલ્ય આપણે જોવાને જઇએ તેની વાણી શુણી ચીત લેઇએ ૯
જોઇ આવીયે જેને છાંના બેન આપણ છૈયેરે નાના ૧૦
કાલીયે જાવાની હાતો પાડી વસ્ત્ર અનુપ પેરયાં છે કાડી, ૧૧
પલટયુ છે પોતાનું રૂપ કોઇયે કળી ન સકે અનુપ. ૧૨
હવે જાય છે માવી રૂપે જોવા ચંપાવતીનારે ભુપ ૧૩
ભદ્રકાલીયે જાણ્યુંરે તાંથી કાલી જાય છે પાવામાંથી. ૧૪
ભદ્રકાલી કે શાભળ બેની કયાં જાય છે શાચ્યું તુ કેની. ૧૫
ભદ્રમાયા તુ આદ્ય સ્વરૂપ કળા તારી તો છેરે અનુંપ. ૧૬
ભલી અંગે ચોલી પેરી તંગ ઓઢયો ચીર કસુંબી રંગ. ૧૭
મુખમાં ચાવો તાંબુલ રાતાં કોની કયાં જાઓ હરખાતાં ૧૮
કાલી કે પુછો તો હવે કઉ છુ ચંપાવતીયે હવે હુ જઉ છુ ૧૯
ભલી ગરબાની જડીયો પડે છે ચીત મારૂરે તાં તો ભમે છે. ૨૦
ચાલો આવો તો સાથે જઇએ નહી તો ખોટી સાંને થૈએ. ૨૧
ભદ્રકાલી કે આજ ન જાવુ ફરી કોઇ દીન સાથે આવુ. ૨૨
આજ અષ્ટમી છે અજવાળી નગ્રનો ભુપ છે વાભીચારી. ૨૩
આપણુ દેવ ગલીમાં રૈયે જોવા માંનવીન કેમ જૈયે. ૨૪
આ જ વીપ્રીત સરખુ માસે કોણુ જાણે જવાથી સું થાસે. ૨૫
એવું સુણતાં રીસે ચડી કાલી કરી છણકાને તાંથી ચાલી. ૨૬
તું તો ડાહી ઘણી મારી બેન જોવા ગયા વીના ચાલે કેમ. ૨૭
એવુ કહીને ડગલાં ભરતી સખી સાથે તે વાંણી ઉચ્ચરતી. ૨૮

બેન કે સખીને પાછી વાલો, ગીત ગાઇનેરે હે ગાલો. ૨૯
તેની વાતમેં નહીરે શાકારી, હું તો ના રહી તેની ખારી ૩૦
પાયે અનુવટનો થાયે નાદ, સુણો ગરબાનો કાંને સાદ. ૩૧
બેન હવે હું તુજને તે પુછું, કેવી રૂપમાં આજ દીસું છું. ૩૨
કેછે સેવર સાંભળ બેન, તારાં ફરકી રહયાં જોઉં નેન. ૩૩
પુંન્યમનો ચંદ્ર હોય જેવો શોભે લલાટે ચાંદલો તેવો. ૩૪
ચકોર ચંદ્રને જેમ નીહાલે. રાણી સરવ મલી તે બાલે. ૩૫
જોયો ગરબો દ્રષ્ટીએ ધાલી ગરબામે પેઠાં છે કાલી. ૩૬
જોતાં રાણી પડી જંખવાઇ, આ કોણ આવુ છે ગરબા માઇ ૩૭
પતેને થયો જોવાનો પ્યાર, કાંઇ નઉતમ આવી છે નાર. ૩૮
એવી વાતતો ઉડતી આવી, જોવા જાય છે થવાનું ભાવી- ૩૯
રાણીવાસમે ગરબો ગવાયે, રાજાજીતો જોવાને જાયે. ૪૦
દેવ આવા છે અંત્રીક્ષ જોવા, કાલી દરસનથી દુઃખ ખોવા ૪૧
નરનારી મલ્યાં છે જોવા સુણી ગરબોને પાશ્ચિત ખોવા. ૪૨
મહી વાજીત્રનો થાયે નાંદ, સારંગીયે પુરાય છે સાદ. ૪૩
વારા ફરતી ગાતી તે નારી, રાજા જુવે છે એહા ધારી. ૪૪
આવી કાલીને ગાવાની વારી, તારે બંધ રૈ સૌ તે નારી. ૪૫
પ્રેમાનંદ કે હવે સુ થાયે તેનો સુણો કહુ મહીમાયે. ૪૬

વલણ.

હવે ગરબો ગાસે કાલકા, સુણતાં ટળશે પાપરે
પતઇ વીભગ થઇ જશેને કાલીકા દેશે સરાપરે.

કડવા ૯. રાગ ગરબો.

હવે ઝલક રમે છે રાણી સાથમાંરે, લોલ
તાળી આપે છે માંડી હાથમાંરે, લોલ ૧
પાયનાને પુર હવે વાજતાંરે, લોલ
તાલી લેતાં ઘુઘર ગાજતાંરે, લોલ ૨
હવે કાલ્યકાજી ગરબો ગાય છે રે. લોલ
સુણે તેના પ્રશ્ચિત જાય છે રે, લોલ ૩
સરખી સાહીલીયો છે સાથમાંરે, લોલ
સુનેરી ચુડા માંના હાથમાંરે, લોલ ૪
નાકમાં વેસર માને શોભતાંરે, લોલ
ચીર ચુદડી તે ઘણા ઓપતાંરે, લોલ ૫
વંદરાવંનની કેછે વાતડીરે, લોલ
એક સમે સરદની રાતડીરે, લોલ ૬
રાશ રચ્યો વંદરાવનમાં રે, લોલ
કૃષ્ણના ફંદ છે મનમાં રે, લોલ ૭
ગોપી શોલસો ચાલાને સંચરીરે, લોલ
તાલ મરદંગ વાજે ખંજરી રે, લોલ ૮
તેમાં કાનો વગાડે વાંસરી રે લોલ
રાધકયા રંગીલી જુંકે પાંસરી રે, લોલ ૯
સરખી સાહેલી ટોલે મલી રે, લોલ
ગાય તે ગરબો હળીહળીરે, લોલ ૧૦
કાને ગોપી સમજાવાં સાંનમારે, લોલ

છટકી છબીલી સમજી હાનમાંરે, લોલ ૧૧
ગોપીને કાન બે સટક્યાં રે, લોલ
ગાઇ ગરબોને રાધા અટક્યાંરે, લોલ ૧૨
રાધા તે આસપાસ માલતીરે, લોલ
કાંન નૈ જોયાને થઇ ચાલતીરે, લોલ ૧૩
અંતર જામીયે જાણું તહીરે, લોલ
રાધા સમજીને રીસઇગઇરે, લોલ ૧૪
બીજું રૂપ વાલે આંણીયું રે, લોલ
તેતો કોઇએ નવ જાણીયુંરે લોલ ૧૫
કાન કે રાધાજી કયાં જાવછો રે, લોલ
સા માટે ક્હોને રીશાવ છોરે. લોલ ૧૬
આજ સોગન દેઉ માયરા રે, લોલ
સમજુ બોલા હુતા તાયરારે, લોલ ૧૭
તાલાવેલી રાધાના અંગમાંરે, લોલ
કપટીના નહીં રહું સંગમાંરે, લોલ ૧૮
કાળા કપટ તમારાં જાણીયારે, લોલ
રસીલીસંગાથે મોજમાણીયારે, લોલ ૧૯
તમો મારી સંગાથે નવ બોલશોરે, લોલ
દીલ જાની સંગાથે દીલ ખોલશોરે, લોલ ૨૦
પ્યારી હુતો વગાડું છું વાસરી રે, લોલ
આડુ બોલે બોલને પાંસરી રે, લોલ ૨૧
હું તાસથી અળગો છું નહી રે, લોલ
હરદે માસ તું વસી રહી રે, લોલ ૨૨

રાધા કે હું ભોળવે મઇ રે, લોલ
હમણા નોતાને આવા સહીરે, લોલ ૨૨
કાનજીકે સોગન ખાઉછું રે લોલ
ક્ષણુ તારાથી અળગો ન થાઉછુંરે. લોલ ૨૪
તારે રાધાની રીસતો ઉતરીરે, લોલ
એ ગરબો ગાઇને કાળી નીશરીરે, લોલ ૨૫
પ્રેમાનંદ કે કાલ કયા જાય છે રે, લોલ
રાજા પતાઇ વીભળ જોઇ થાય છે રે, લોલ ૨૬

વલણ.

ગરબો ગાયો કાલીયે જોનાં દેવ વીમાનરે,
મોહ લાગ્યો પતાઇને ભુલ્યો પોતાનું ભાનરે.

કડવા ૧૦. રાગ ધનાસરી.

રાય પતાઇને કામ પ્રગાટયો, બેઠી છે અવદ્દાયે.
બનેસીહ જે મીત્ર પોતાનો તેને કેતો રાયે, ૧
પેલી નારી કોણુ ગઇને કાળુ છે જેનું અંગ,
તે નારીને લાવ્ય સમજાવી, મારે તે કરવો સંગ. ૨
નવશોને નવાણુ નારી. નહી મલે એની જોડ;
એ નારી જો મોલે પધારે, તો પોચે મનના કોડ. ૩
બનૈ સીંહ કે એ શું બોલો, એવું શું રાખો ધ્યાન;
પરદારાનો સંગરે કરતાં, થાશે કદા અપમાન. ૪

રાય કે તારે હમને ન કેવું, જેમ તેમ તેડી લાવ;
માન અપમાન થયે કદાપી, પણ જોવો એનો ભાવ. ૫
રસીલી ને રંગીલો એ છે, બોલે છે ટઉકા કાડી;
જા જલદીથી તેડી આવજે, હું તો જાઉં છું વાડી ૬
બનેસીંહ તો ત્યાંથી ચાલો, રસતે કાલીને રોકી;
કે બાઇ તું ક્યાંની રેવાસી, ક્યાં જાઓ કયું ટોકી. ૭
કોણ નાતને કોણ જાત, ક્યાં વસવાનો ઠામ;
કોણ કુલમાં અવતર્યાં છો, શું છે તમારૂં રે નામ. ૮
કાલી કે ભાઇ તારે શું કારણ, પુછવાનું શું કામ;
તુ તારે તે મારગ જાની, જાવાદે મુજ ધામ. ૯
મીગ કહે મુજ ભુપતિ એ તો કાવો છે એકજ પેર;
વિનંતી કરીને હું તો કઉં છું રાય તેડે પોતાને ઘેર. ૧૦
કાલી કે બાઇ કે રાજાને, એ નારી નહી આવે;
પરનારીનું કામ શું તારે, તુ નગ્રનો ભુપતી કાવે ૧૧
બનેસીહ કે ચીંતા મુજપર. નવ ધરવો કંઇ રીસ.
કયા પ્રમાણે કામજ કરવું, તેમાં મારો શું દોશ ૧૨
નવ આવો તો તમારી મરજી એમ સુણીને એ જાય.
આવીને એ ઉભાં રયાં છે જયાં બેઠા છે રાય. ૧૩
બનેસીંહ એ આવીને કે છે રાય નહી આવે એ નારી;
એનો તમારે કેડો ન લેવો, સોભા નહી રે તમારી. ૧૪
સુણતાં રાજા રીશે ભરાયો. ઉઠીને ગયો છે ચાલી;
રસ્તામાં જઇ રોકીને ઉભો, કયાં જાએ છે તુ વાલી, ૧૫
પ્રાણ પ્યારી પ્રાણ બચાવો, આલીંગન દેઇ અંગે;
એકવાર તો મોલે પધારો, રમજો તે રૂડે રંગે. ૧૬
[illegible] વચનની વાણી સુણી, લાગ્યો મુજને પ્યાર;

વેગેથી વેલારે પધારોને નવ લગાડો વાર. ૧૭
એમ કહીને હાસ્ય કરે છે, પાલવ પકડે જારે;
ક્રોધ કરીને માતાં બોલ્યાં, અલગો રહે તુ આવારે ૧૮
માગ્ય તુને તુષ્ટમાન થઇ છું. જે માગે તે રે હુ આપુ,
એ વીન બીજુ માગી લે તો, સ્હજ તારૂ રે કાપુ. ૧૯
સત્ય કે સાણુ! સમજુ થઇને એવું તે તો શુ રે બોલે;
રાજપાટ ને નવેનીધ છે પણ તે નહી તારી તોલે. ૨૦
કાલી કે સમજુ રાજાજી આવી છે શુ તારી મત;
ધરમ ધોરીધર ધરમ મુકી કીયા આદરો અશાત. ૨૧
સ્વર્ગ સરીખુ રાજ તમારે રંભા સરખી છે નારી
અમરોત ઢોળાને વીખ પીવુ; એવી શું મતી તમારી. ૨૨
પરનારીને રોકી રાખો તે, નોય તમારો ધરમ;
બીચારીને એમ નવ કરવું. ફુટે કોઇ દીન કર્મ. ૨૩
ધરમ ધોરીધર ભુપ તમારે, ધરવી કુળની લાજ;
અજ્ઞાનીને શીક્ષા દેવી, એ છે તમારૂ રે કાજ; ૨૪
ભુપ થઇને એમજ વર્તે તારે પ્રજાનો શો વાંક;
પીતા પુત્રને ભક્ષ કરે તો, વળીયો આડો આંક ૨૫
રાજા કે તમે શું સમજતો જાણું છું સઘળી પેર;
વાત કરીને વકત ગુમાવો જાવા નહીં પામો ઘેર. ૨૬
કાલી કે તું શું સમજે છે, ઘેલો થયો શું ગુમાર;
જો જે મુજને અડતો આવી, ક્ષણમા કરૂ ખુવાર. ૨૭
આંધળો થયો કે અકલ ફુટી, ક્યાં ગઈ તારી શુદ્ધ;
તારો પેઠે દુરયોધનની બગડી હુતી તે બુદ્ધ. ૨૮

જારે રાજા મંન વિચારી આગે દ્રુપતી નારી:
તેપર દ્રષ્ટી કરી દુરયોધન એ તો હતો વીભાચારી. ૨૯
પરનારીના સ્વાદ વડે કુલ નીકંદન કીધું;
ભાનુમતીનો સંગ તે છોડી વીખ હલાહલ પીધું. ૩૦
તે રાજા રણમે રોળાયો સુણી હશે કંઇ વાત;
પરનારીનો સંગ કરે તો કોઇ દીન થાયે ઘાત. ૩૧
ગઉતંમ ઘેર અહલાનારી ઇંદ્ર થયો વીભાચારી;
સસત્ર ભગની શીક્ષા પાંમો નાઠો થઇ મંજારી. ૩૨
રાજા કે એ આધ્ય અનાદથી થયું થશે હવે થાશે;
હેવું જાણીને મોલે પધારો ઘેર તો નહીં જવાશે. ૩૩
અલા મુઢ મતી અજ્ઞાન થયો આવો શું તારોરે કાલ;
નોહે નારી હું કામણગારી જે આવો કરતો આલ. ૩૪
તારે રાજા ધસતો આવો માજીનો પાલવ સાવા;
કોટી ઉપાય જો કરસો નારી નહીં દેઉ તમને જાવા. ૩૫
રાજા કે તું છલ કરીને કયાં વરવાડે તું તો વેર;
નહીં આવે તો જાઉ ઉપાડી ઉચલી મારેરે ઘેર. ૩૬
તારે માજીએ નીસે જાણ્યું પાપી કરવાનો કેર;
ક્રોધે ભરાયાં માત કાલકા વરસુ અંગમે જેર. ૩૭
તારે માતાજી વળતાં બોલાં કષ્ટ તમારૂં હું કાપુ;
લક્ષ્મીથી ભંડાર ભરાયું અખુટ ભંડાર આપુ. ૩૮
પ્રેમાનંદ કે એ પરમાણે ત્રણવાર સમજાવો;
તોબે મુરખે માનુ નહીને એજ લવારો તે ભાવા. ૩૯

વલણ.

સતી કહે ચાલો સ્નેહથી છોડી મન લજ્જાયરે;
નહિ આવો નારી તમો, તો જોવા જેવું થાયરે.

કડવા. ૧૧ રાગ રામગ્રીની દેસી.

કાળીયે ક્રોધ જણાવીઓ, બોલી ક્રુર વચન;
લંપટ બોલતાં લાજે નહિ, કામી કેમ થયો અંધ. કાળી૦ ૧
અબળ તું જાણે છે એકલી, કૃતઘ્ની હું કાળ સ્વરૂપ;
ભસ્મ કરૂં શ્રાપ દેઇ તુને, નાસ નાસરે ભૂપ. કાળી૦ ૨
કાળ સ્વરૂપી તું જાણજે કરૂં હું નગ્ર નિપાત;
હવે દુર રહે તું વેગળો, અડે તો થશે ઘાત. કાળી૦ ૩
લાજ લેવા પાપી આવીયો, નવ લાજ્યો તું ક્યાંય;
ત્હારી લાજ હવે લેવડાવસે, મુગલનો પાદશાહ. કાળી૦ ૪
ગઢ પાવો ત્હારોરે તુટસે, પડસે નગ્રનાં ધામ;
રાજ્ય ત્હારૂં પ્રલે થઇ જશે, નહિ રહે ધામનું નામ. કાળી૦ ૫
મુગલ આવી ગઢ ઘેરસે, દેશ કરશે દહન;
ક્ષત્રીઓ રણ રોળાં જસે, ભૂમી રોળાસે તન. કાળી૦ ૬
આ મદ મુગલ ઉતારસે, નહિ ચાલે ત્યાં બળ;
ક્ષમા કરસોરે નાઠા તણી, છુટવા કરસો છળ. કાળી૦ ૭
ક્રોધ ન સમજ્યો રાયજી, ગયો વળગવા ભૂપ;
અલોપ થયા માતા તે સમે, થયું ગુપ્ત રે સ્વરૂપ. કાળી૦ ૮
પૃથ્વી કંપ ત્યાં થઇ રહ્યો, થયો શબ્દ પ્રચંડ;

જેણી પવન ત્યારે આવીયો, અઢવા ઘોર બ્રહ્માંડ. કાળી૦ ૯
કામી થયો રાય આંધળો, નવ સુજે રે કાંય;
ચોપાસ રાય નિહાળતો, આંખે રજ ભરાય. કાળી૦ ૧૦
નવ જાણ્યું કાળી કયાં ગઇ, ઝંખવાણો ત્યાં ભૂપ;
સદનશા ત્યારે આવીયા, લેઇ માનવી રૂપ. કાળી૦ ૧૧
તે કાળકાને પુકારતો, કયાં ગઇ મારીરે માત;
દ્યો દર્શન મુને માવડી, કરૂં જોડીરે હાથ. કાળી૦ ૧૨
તમ વીના હમથી રહેવાય નહિ, ક્ષણું એકરે વાર;
ત્યારે મા પ્રગટ ત્યાં થયા, મુખ રાખ્યું છે બ્હાર. કાળી૦ ૧૩
અદ્યાપિ તે રે નિશાન છે, જઇ જુવો તે ઠાર;
બાદશાહે પીર બનાવીઆ, કરી મન વિચાર. કાળી૦ ૧૪
પ્રેમાનંદ કહે સાંભળો, વળ્યો પાછો તે રાય;
આવ્યો છે રાણીના મેહેલમાં, કંપે થર થર કાય. કાળી૦ ૧૫

વલણ.

આવ્યો મહેલ રાણી તણે, પસ્તાતો તે રાય રે;
અરે દેવ આ શું થયું, કયાં કાળી સંતાય રે.

કડવા ૧૨ રાગ વણજારો.

પતઇને પીડા લાગી, એને વ્રેહેની અગ્નિ જાગી;
એ પાપી મેહેલમાં આવ્યો, રાણી પર રોષ ચલાવ્યો;
એને હામે અંધ બનાવ્યો, અરે આ આચાર- રાય તે ઠાર—

અની આચાર—થયો છે અભાગી. પતાઇ૦ એને૦ ૧
નવ રાણી શું કરે કંઇ વાતે, નહિ નીંદ્રા કીધી રાતે,
અમિત્ત થયોછે જાતે, ચિત્ત ધભરાય—બહુ અકળાય—
વ્યાકુલ થાય—ગયો રાણીને ત્યાગી. પતાઇ૦ એને૦ ૨
એ જઇ બેઠા સભાની માંહે, મન યાકુળ વ્યાકુળ થાયે,
પ્રધાન તું કર ઉપાયે, જુવો એ ગઇ—અલોપજ થઇ—
શુદ્ધ નવ રહી—એ લલુતા મુજને લાગી. પતાઇ૦ એને૦ ૩
ક્યાં ગયો બનેસીંહ મારો, જે મિત્ર હતો મુજ પ્યારો,
અંહીં આવી કારજ સારો, બળે મુજ તન—વળે નહીં મન—
મેળવ આ દિન—એ બાણ રહ્યું છે વાગી. પતાઇ૦ એને૦ ૪
તે રાણીએ જાણી પેર, રાયને તેડાવ્યા ઘેર;
કેમ ચઢ્યું આટલું ઝેર, અકલ ક્યાં ગઇ—શાણા તમે થઇ—
શુદ્ધ નવ રહી—પતી પાય જઇ લાગી. પતાઇ૦ એને૦ ૫
પ્રેમાનંદ કહે પામે ન ક્ષોભે, તેમ તેમ વધે છે લોભે,
કોણ કહે રાયને થોભે, રાય હરેફરે—ચીત્ત નવ ઠરે—
રાણી શું કરે—ગયો ભૂવનથી ભાગી. પતાઇ૦ એને૦ ૬

વલણ.

વ્રેહે અગ્નિ થયો રાયને, ચીત્ત બહુ ધભરાય રે;
ત્યાર પછી શું નિપન્યુ, ને શી થઇ નગ્ર દશાયરે.

કડવા. ૧૩ રાગ—માળવી.

બોલ ગ્યું છે કાળીનું રૂપ, ઘણું ઉદાસી પામ્યો ભૂપ.

એમ કરતાં ગયાં બહુ દીન, નગ્રમાં આવ્યો જાચક જન.
તે જાચકનું છે રાજ સ્વરૂપ, જોતાં મોહી રહ્યા છે ભૂપ.
ફરતો આવ્યો છે રાજ સભાય, જોતાં ચકીત થઇ છે સમાય.
સભા મધ્યે તે આવ્યો છે તેહ, તેની દેવાંક્ષી જેવી છે દેહ.
ઉભો જુહાર કરી તેને ઠાર, પછી મુખથી કર્યો ઉચ્ચાર.
ધન્ય ધન્ય પતાઇ મહારાજ, ચંદ્ર સુર્ય લગી તપો રાજ.
બાંધી ધર્મની ધ્વજા રાય, દેશ વિદેસે છે નામનાય.
પછી કવિત્ત કરીને એ કહેછે, સુણી વિચાર રાય કરે છે.
કેવું કવિત એણે બનાવ્યું, તે તો સર્વ સભાને ભાવ્યું.

કવિત્ત.

ખાવીંકા પતાઇ રાજ, પરમારથ કરે કાજ;
મંગનકી રખે લાજ, શૂરામે સવાઇ હે.
સંગ્રામે શૂર પૂર, ઉરમેં ગુમાન પુર;
દેખનેમે દેખા નૂર, પુત્રકી બડાઇ હે.
ન્યાયમે નિતિ રાજ, દુસ્મનકુ કરે તાજ;
પ્રજાકા હિત્ત કાજ, દેશોમે દવાઇ હે.
ઐસા ન વીર કોઇ, બસ્તીમે તમામ જોઇ;
દેખન મે ખુસી હોઇ, રાજકી ચઢાઇ હે.

દેશી.

જાચકને પુછે છે તે રાય, કેમ આવ્યા સભાની માંય.
કોણુ દેશ મુલકથી આવો, કોણું કામ તે કહી ફરમાવો.

શું ધાર્યું છે માંગીને લેવું, તે તો અમને તુરતજ કહેવું.
શા છે મનમાં તે વાંચ્છનાય, સાની કરો છો તે જાચનાય.
રસોઇ કરો અપાવું સીધું, એક સ્થળમાં ઠામ તે દીધું.
જાચક કહે સુણો ને મહારાજ, પહેલું સ્વીકારો મારૂં તે કાજ.
મન માંગ્યું અપાવોને સાંઇ, પછી કરૂં છું રસોઇ જઇ.
રાય જેને થયા હોય પ્રસન્ન, મુગટમાં તે મોહ્યું છે મન.
એ વિના બહુ ઇનામ લીધાં. ઘણા રાયે કામ બહુ કીધાં.
ઘેર એહાં અપાવ્યાં છે સીધાં, બીજા દાન ઘણાયે તો દીધાં.
શીરપેચને મુગટ આપો, કષ્ટ જાચકનાં તમે કાપો.
રાય સુણીને વિસ્મય થાય, તુર્ત પ્રધાન તેડાવ્યો ત્યાંય.
બુદ્ધભગ પ્રધાન તે આવ્યો, તેને રાયે એકાંતે બોલાવ્યો.
પ્રધાનજી સુણો આ હામ, જાચક માંગે ટોપ ઇનામ.
એ ઇનામ તો કેમ અપાયે, વિચાર કરો મનની માંહે.
તમો જાચકને જઇ કહેજો, એ વિના બીજુ માંગી લેજો.
રાય પ્રધાન સભામાં આવે, જાચકને પ્રધાન બોલાવે.
શું માંગો છો જાચક જન, આપે ઇનામ લ્યો આદીન.
એ ઇનામ તો નહીં અપાય, બીજું દાન આપે છે રાય.
મુખ્ય રાજ્યનું ભૂષણ કહાવે, તે તો રાજાને શીર સોહાવે.
તમો દેશ વિદેશે ફરનાર. એનો નહિ તમને અધિકાર.
જાચક કહે સુણો કારભારી, તમો લાજ તે લીધી હમારી.
રાજા કહેતાં જે માગે તે આપું, દોહલાં કષ્ટ ત્હારા હું કાપું.
તેનો બોલ ઉરાડી તે દીધો, મિથ્યા લવારો આજ મ્હેં કીધો.
હું જાણું જે કારજ સરસે, પતઇ મનના મનોરથ ભરસે.

હેં તો કારજ અફળ કરીયો, બોલ ના પળ્યો ફેરો તે પડીયો.
કહે પ્રધાન જે વિચારી માગે, તેના કષ્ટ પતાઇ તો ભાગે.
અલ્યા નીચ બુદ્ધિ થઇ હારી, માંગતા જીભ રાખી ન વારી.
માટે આશ એ હારો તો જાએ, તેની સાને કરે સોચનાએ.
ત્યારે જાચકને રીસ તે આવે, કવિત્ત એક તે સંભળાવે.

કવિત્ત.

ભીક્ષુકને નહિ લાજ, આવ્યો હુંતો પેટ કાજ;
જોઇને હું મોટું રાજ, લાજ તો ખોવાઇ છે. ૧
ભીક્ષુકનો અવતાર થઇ, ભાવટ તો ગઈ નહિ;
ભીખમાં હલકાઇ રહી, જાચવું હલકાઇ છે. ૨
હાવે કોણ કરૂં કાજ, જેથી ગઇ મારી લાજ;
મારૂં છું કટારી આજ, કોણ કર મારો સાજ છે. ૩
વિચારૂં છું એવું મન, આજ પાડું મારૂં તન;
લેજે રાજા મારૂં ધન, પ્રાણ મારો જાય છે. ૪

દોહરો.

રાય બોલ્યો તેણે સમે, સાંભળજો પ્રધાન;
જાચક ઉભો છે જાચવા, આપો ટોપ ઇનામ. ૧
હર્યો પ્રધાન તેણે સમે, લાવ્યો ઇનામ તે દીસ;
જાચકને લઇ આપીયું પહેરેસ તમારે શીસ. ૨
ઇનામ લીધું છે હાથમાં પહેર્યું પોતાને સીર,

ધન્ય ધન્ય રાય પતાઇતું, માફ કરો તકશીર. ૩
પ્રધાન ત્યારે બોલીયા, જોઇને એનો ડોળ;
નમવું નહિ કોઇ રાજને, આપોને એવો કૈ.લ. ૪
તમો ટોપ પહેરો જ્યારે, ત્યારે કરવો નહિ જુહાર;
ઇનામ લઇને હાથમાં, જાવું સભાને દ્વાર. ૫
કબુલ કરીને જાચકે તહિ, આપ્યું રાયને વચન;
પ્રસન્ન થઇને ચાલીઓ આવ્યો આપ ભુવન. ૬

વલણ.

માંગણ આવ્યો મલપતો, કરતો મન વિચારરે;
હવે જાવું વિદેશમાં ત્યારે દ્રવ્ય મળે અપારરે.

કડવા. ૧૪ રાગ ચોપાઇ.

નિકળ્યો માંગણ ઘેરથી સહી, આવ્યો છે મુગલાઇ દેશજ મહી.
શાહેર નીરખીને ખુશી થાતોરે જાય, આવ્યો છે જોવાને રાજ સભાય.
મુગલનો અધિપતી જે રાય, તખ્તપતિ છે મહમદશાહ.
આવી દરબારમાં ઉભો રહ્યો, કવિત મુખથીરે કહેતો ગયો.
મુગટ લીધો તે કરમે રે ગ્રહી, ખુલ્લે શીરે તે આવ્યો રે તહીં.
આવી તે રાયને કરતો જુહાર, પછી કવિત્ત કહેતો રહ્યો તે વાર.

કવિત્ત. રાગ મનહર છંદ.

પૃથ્વીકી લીની પેર, ફીર્યો મેતો ઠેર ઠેર;

સમરથંક શૂર માંહી, પતાઇ એક દેખ્યો હે. ૧
બસ્તીમેં પુર ગાંમ, સબી બાતકા આરામ;
પાવે ગઢકા વીશ્રામ, એસો કાંહું નહિ પેખ્યો હે. ૨
પુત્ર હે પ્રતાપી પાંચ, સૈનાપતી સેન સાંચ;
સમરોરકી દેતાં આંચ, બહાદુર અહીં લેખ્યો હે. ૩
સૂર્યવંશી શૂર માંહી, દાનેશ્વરી દાન માંહી;
એસો કાંહી દેખ્યો નાંહી, સીંહકા શીકારી હે. ૪

વલણ.

કર્યાં વખાણ પતાઇનાં, ભરી સભાની માંહ્યે;
પ્રેમાનંદ કહે શું નિપને, તેના કહું મહીમાયે.

કડવા ૧૫ રાગ ઉર્દુ ભાષ. હરીગીત છંદ.

સુલતાન મહમદશા કહે, તુમ સબ સભા સુન લીજીએ,
મંગન ખડા દરબારમેં, ઉસકી તપાસતો કીજીએ. ૧
સુલતાન બલબનસે કહે. એ કોન મંગન આ ખડા;
દરબાર હે પાદશાહીકા એ, નંગે શીરસેં આ અડા. ૨
મહમદ મંગનકુ કહે તું સલામ કરતા કયું રહ્યા,
મુગટ તેરે શીર નાહ ને, નંગે શીરસે કયા રહ્યા. ૩
સૈનાપતિને વહાં કહ્યા, કયું આયા હે દરબારમેં;
શીરકા મુગટ હે હાથ મેં દેખા ઝુકા ઓછારમે. ૪
મંગન સુનકે યોં કહે, સાહેબ મેરી સુન ફીકર,

નામ એ પતાઇકા, ફીરકુ નમે નહીં એ જબર. ૫
મહમદશા ઉસી વક્ત કહે, મશ્કરી હમસે એ કરે;
ખરણી ભરતા નહી ને, હમસે અકડતા ફીરે. ૬
ઐસા સુના મહમદને, મીજાજ ઉનકા જો ગયા;
તખતસે ખડા હુવા ઔર, કડક હો કહેતા રહ્યા. ૭

દેશી ફેર

ઐસા સુનકે કરાર—બદન લગી અંગાર—
કહેતે મહમદ પુકાર—કરો બેગ ચઢાઇ. ૧
ખચ્ચર ઉંટોપે સાથ—લાદો શસ્ત્ર ભલીભાત—
ઉન જરી મુકલાત.—હોના સ્વાર સીપાઇ. ૨
તોપ ગોળા લે સાથ—તેગા બંદુક લે હાથ—
સંગ ખાનેકા ભાત—લેના સાથ સવાઇ. ૩
ભરો દારૂ ગોળી કે—સંગ લેના ઝોળી—
કે બાત કરના ખોલી—ખરણી દેના હમકુ. ૪
નહીં માને પતાઇ—ફીર કરના ચડાઇ—
મુલક લેન છીનાઇ—ફીર દેના સજા. ૫
મહમદ કરતે જુવાર—સબી ફોજ હે તૈયાર—
ખનનન બાજે હથિયાર—હમકુ હોવે રજા. ૬
કહેતે નશીયર સુલતાન—હમકુ લઢનેકી શાન—
તન કરૂં કુરબાન—ઉઠે કરકે સલામ. ૭
ખુદા કરેગા જો ખેર—હોય અલ્લાકી મ્હેર.—

કરે દુશ્મનકુ ઠેર—હાથ લીની કલામ. ૮
ધૂપ સેતી તલવાર—લીની કમ્મર કટાર—
હોના ઘોડેપે સ્વાર—લીયા દીલકા ભરમ. ૯
ઢાલ ભાલા લે હાથ—લડે હીંદુકી સાથ—
કરૂં ક્ષત્રીકુ નિપાત—અલ્લા રખે સરમ ૧૦
ક્ષત્રી કરતે હેરાન—લેના રણકા સામાન—
બાંટે ઉઠકે વહાં પાન—અબ જલદી જાના. ૧૧
ઐસા કહેકે ગયે ઉઠ—કોઇ દીખાના નહીં પુઠ—
કરો મુલકમેં લૂટ—ફીર ખાના ખાના. ૧૨
જાણી સુલતાને બાત—ડાલા મુછોપેં હાથ,
બુલાલીયા સબ સાથ—પીર કહેતે રહે. ૧૩

દેશી ફેર

બાબન બાદશાહકુ કહે, ક્યૌં આપને બુલવાલીએ;
પાવેકુ કરના ચુરચુર, એ હુકમતો સુનવાદીએ. ૧
તબ હુકમ ખાવનને દીયા, તુમ ફોજ તૈયારી કરો;
પતાઇકુ જાકે કહો, મુગલાઇમેં ખરણી ભરો. ૨
સમજાયાસે સમજે નહી, તુમ ગઢકુ ઘેરા કરો;
સમશેરકી તો આંચ દેના, અલ્લાઈ અલ્લા વહાં કરો. ૩
કમ્મર કસો હથીયારસે ને પેનલો બક્તર સહી;
અશ્વ બકતરસે ભરો, જંજાલ સેના બોતહી. ૪
બાદશાહી હે પતાઈકી, ઉસીકું નસીયત કીજીએ;

વહાં બીના જો કુચ બનેસા, ખત લીખાકે ભેજીએ. ૫
પ્રેમાનંદ કહે પાદશાહને, હુકમતો ઐસા કીઆ;
આપ ઉઠકે ચલ ગયે, સબને હુકમ બો સીર લીયા. ૬

વલણ.

સંગ્રામે ચઢયા શૂર, ફોજ થઇ તૈયારરે;
હવે ચંપાવતીનું શહેર, પાવાપર શું થાય રે.

કડવા ૧૬ રાગ ચોપાઇ.

પછે પતાઇને ઘેર શું થાય, હવે સુણો તેનો મહીમાય.
જ્યારે ગરબો જોઇ રાજા ગયો, કાળી શ્રાપ રાજાને થયો.
ત્યારથી પુરમાં પડતો કાળ, બની રૈયત ત્યાં બે હાલ.
અનાવૃષ્ટીતો પંપજ થઇ અન્ન ઝાઝુ ન પાકે કોઇ.
સરોવરમાં જળ સુકાઇ ગયા, જળ વીના જન દુખીયા થવાં.
પુન્ય દૃષ્ટી રાજાની ગઇ, પાપ બુદ્ધીતો એની થઇ.
વિનાશકાળે વીપ્રીત બુદ્ધ, નહી રાયને શાન કે શુદ્ધ.
લખ્યા લેખ ટળવાના નહીં. કાળી કેડે પડીયો સહી.
ગરબો જોવાને રાયજ ગયો, મોહ કાળીને જોતાં થયો.
ક્યાં માંગણ આવ્યો પુરમાંય, માંગ્યો મુગટ આપ્યો છે ત્યાંય.
આપ્યો મુગટ અપસુકન એહ, સુકાણી છે રાજાની દેહ.
અરજ પ્રજાની અદકી થાએ, અન્ન વીના કહો કેમ રહેવાયે.
અરજ તણો તે ઢગલો થયો, રાજા મન ગભરાઇ રહ્યો,

સલીયાને તેડાવ્યો છે ઘેર, સાળાને સી કહી છે પેર.
લ્યો સાળાજી ઝાઝુ ધન, જ્યાં ત્યાં સોધી લાવો અન્ન.
માળવે જઇ અન્ન સંગ્રહ કરો, એમ લાવીને ભંડારે ભરો,
ઉતાવળા વેગથી જાવ, તમો પ્રજાના હિતને રહાવ
સલીયો કહે હું જાવું સહી, પણ એક વાત કહેવાની રહી.
તમો કાળી ઉપર રાખ્યું મન, ત્યારથી પુર પાકે નહીં અન્ન.
મોટાને કોણ કહી શકે, બહુ બોલે તો મારે ધકકે.
રાજાને મન સુજે જેહ, નહિ કહેણુ કોઇનું માને તેહ.
હુકમ કરો તો જાવું સહી, અન્ન શોધીને લાવું અહીં.
સલીએ દ્રવ્ય લીધું તહીં, લશ્કર સાથે ઝાઝું સહી.
ક્ષણુ એક ન લાગી વાર, નીકળી નગ્રથી ચાલ્યો બહાર.
સર સપાટે ચાલ્યો જાય, મળ્યું લશ્કર મારગ માંહ્ય.
ઉત્તરમાં ઉડે છે રજ, દુરથી દેખે ફરકે ધ્વજ
સ્વાર આવીને કહે છે તહીં, લશ્કર કોઇનું આવે અહીં.
કહે સલીયાજી રહેવું અહીં, તંબુ ઠોકો મારગ મહીં.
સલીયાજી તે ચાલ્યા જાય, મળ્યું દળ મારગની માંય.
અધીપતી લશ્કરનો જેહ, તેનાથીતે જોડયો સ્નેહ.
ભુજ ભરી ભેટયા છે ત્યાંય, લાવ્યા તેડી તંબુની માય.
લવીંગ સોપારી આપ્યાં પાન, મુગલોને આપ્યું છે સન્માન.
પછી વાત વિચારી કરે, કોન દેશ તુમ જાતે ખરે.
કોન મુલકથી આતે સઇ, કોન રાજપે કરો ચઢાઇ.
મુગલ કહે તુમકુ કયા કામ, કોન મુલકને કયા હે નામ.
સલીયો કહે હું સાચુ કહું, આપી વચનને પુછો સહુ.

અરસપરસ તે આપ્યો કોલ. પછી વાત કરે દીલ ખોલ.
જેનું પતાઇનું કરવા કામ સલીયો સાળો મારૂં નામ.
ચંપાવતી નામે છે શહેર, રહું છું પતાઇ રાયને ઘેર.
હવે તમારૂં કહોને હામ, મુગલ કહે પોતાનું નામ
મુગલાઇ શહેરથી આવ્યા અમો, પુછો છો તો સુણજો તમો.
સુલતાન પાદશાહ ત્યાંનો જેહ, લશ્કર તેનું જાણો એહ.
પાવાપે કરે હમ ચઢાઇ, યહ બાત સુન હીંદુ ભાઇ.
સલીયો કહે તુમને દેખા નહીં, પાવા વીકટ મારગ મહીં.
તમથી તો ત્યાં કેમ જવાય, જવાનો શોધો ઉપાય.
મુગલ કહે તુમ દો દીખાઇ, તુમ હમારે છોટે ભાઇ.
એ રાજ તુમારે સ્વાધીન કરે, દીયા કોલ કબુ નહીં ફરે,
સલીયો કહે હમ કહેવે સહી, ઉસી તરે તુમ જાના વાંહીં.
મુગલને ભરવા પોઠ માંય, પછી આપણે જવું ત્યાંય.
હું આગળથી ચાલું જઇ, પાછળથી પોઠો આવે તહીં.
એ પ્રમાણે કીધો સંચ, સલીયાએ કીધો પ્રપંચ.
આગળ સલીયો ચાલ્યો જાય, પાછળ પોઠો આવે ત્યાંય
બુઢીઆ દરવાજે ઉભો જઇ, ત્યાં દરવાન બોલ્યો સહી.
મુરદાસ કહે આવ્યું છે કોણ, હું સાળો સલીયો આવ્યો જાણ.
હું માળવે જઇ લાવ્યો માલ, દરવાજો ઉઘાડો હાલ.
ઉઘાડી દરવાજો ધાર્યું ચિત્ત, ડગલબાજ કંઇ કરે વિપ્રીત.
પોઠ તપાસું હું તો જઇ, પડ્યો વ્હેમ ને આવ્યો તહીં.
કહે સલીયા શું લાવ્યો માલ, તે ઉઘાડી દેખાડો હાલ.
સલીયો કહે કરીયાણું સહી, તારે હમને પુછવું નહિ.

સુરદાસતો આવ્યો પાંસ, મારી બડછી કર્યો તપાસ.
કાઢી બડછી દીઠું લોહી, પોઠીમાં કોઇ ઉતર્યું ગેઇ
કમાડ બીડી દીધાં બાર, કેટલા પોઠી કાઢ્યા બહાર.
ગયો રાજમાં કર્યો પુકાર, લશ્કર કોહનું આવ્યું છે બહાર.
આગો સલીયો આવ્યો તહીં, પાછળ લશ્કર પેઠી મહીં.
કહે કરીયાણું લાવ્યો હું હુંય તેમાં તે શું પુછે છે તુંય.
સુજને ત્યારે પડીયો વ્હેમ એટલામાં એ આવ્યો કેમ.
પોઠ તપાસું પાસે જાઇ, સલીયો કડકી બોલ્યો તહીં.
મારી બડછી મ્હેં તે વાર, ત્યારે પોઠમાં થયો પુકાર.
પ્રેમાનંદ કહે સુણ્યું રાય, હવે સુણો આગળ શું થાય.

વલણ.

મન વિચારે પતાઇ ત્યાં, હે પ્રભુ કરને સાહ્યરે;
હવે કોણ ઉપાય હું કરૂં ને, કોને મોકલું ત્યાંયરે.

કડવા. ૧ પ્રભુની સ્તુતિ.

પ્રભુ અકળ ગતિ તારી આસો રાજ્ય થયો ભારી.
રાય વિચારે મન વિશે ને, કયાં ગયો પ્રધાન—
આવ્ય આ ઠામ--રાખીને હામ—થઇ સાવધાન—
તેડી ફોજને મારી. પ્રભુ. આસો. ૧
સૈન્ય સૌ તૈયાર થઇને શસ્ત્ર લઇને હાથ—
મારી તે સાથ--આલોને નાથ—

કરવું યુધ્ધ ભારી. પ્રભુ. આસો. ૨
સાલે સલીયે ઘર માર્યું, લુણ મારૂં ખાઈ—
જુવોને ભાઈ—શસ્ત્ર એ સાહી—
કરી યુધ્ધની તઇયારી. પ્રભુ. આસો. ૩
ડંગો કરીને લસ્કર લાવ્યો, મુગલ એની સાથ—
લસ્કર સૌ સાથ – ભીડાવે બાથ—
સૈન્ય છે સાથ—ક્રોધ કારી. પ્રભુ. આસો. ૪
બનેશીંહને પાસ બોલાવ્યો, આવ્યો ઝટ વીર—
નામ્યું છે શીર—ધરીને ધીર—
માહારાજા જાઉં વારી. પ્રભુ આસો. ૫
રાય જાવા થયો તૈયાર, ધરી કર હથિયાર—
નગ્રની બ્હાર—સાથ સૌ સ્વાર—
ઘણા દરબારી. પ્રભુ. આસો. ૬
કમાડ ખોલી ત્યાં દેખાડે, સુરદાસ તે વાર—
ખાડે તે ડાર—પોહની હાર—
સાથે છે સ્વારી. પ્રભુ. આસો. ૭
આગળ ચાલીયો આવી ઉભો, બોલ્યો મુખે બોલ—
કરીને તોલ—દરવાજો ખોલ—
પોઠ ખડી રહી મારી. પ્રભુ. આસો. ૮
પ્રેમાનંદ કહે પતાઇએ તો, સુણી એના વચન—
દાઝયું છે તન – ઉદાસી મન—
મુ.લ.ી છે ર.રી. પ્રભુ. આ.સો. ૯

ચલણ.

સલીયાસુ કહે રાયજી, શું કરી આવ્યો કામરે;
કોણ મિત્ર ત્હારા મળ્યા, ભરી પોઠ આ ઠામરે

કડવાં ૧૮ દોહરો.

રાજા કહે સલીયાજી સુણો આતે શું તોફાન;
મેં તને શા કામે મોકલ્યો, કયાં ગયું ત્હારૂં ભાન, ૧
ત્યારે સલીયો બોલીયો સાંભળ તું હેવાન,
તું ત્હારે પાપે મરે. તે સુણજે ત્હારે કાન, ૨
પ્રીત કરી પરદેશમેં લાવ્યો ટાંડા આજ,
તેમાં વાંક શું માહરો, કહેને તું માહારાજ. ૩
રાજા કહે દગો કરીને, બાંધે મુજસુ વેર;
દુધ પાઇ ઉછેરીએ, સર્પ ન છોડે ઝેર. ૪
આહીર થઇને તું નીવડયો, નહિ ધરે કંઇ લાજ,
દુસ્મન થઈ કેડ પડયો, કરે દુષ્ટનું કાજ. ૫
તુજને એવું ના ઘટે, કરવા કુડા કર્મ;
સગો થઇ દગો કરે નહિ, સગાનો ધર્મ. ૬
સલીયો કહે સુણ રાયજી, રાય સગો નહિ થાય.
કોઇનો થયો થાસે નહિ, કરતા કોટી ઉપાય. ૭
કુડાં કર્મ તેં આચર્યા, ત્હેનાં પ્રગટયા ફળ;
આશ્રિતનો દગલો થયો, ત્હેનું આતો છે છળ. ૮

રીઝે કે ખીજે રાયજી, કહુંછું સાચી વાત;
નિશ્ચે કરીને માનજે, થાશે ત્હારી તો ઘાત. ૯
રાજ્ય ખુડાડયું હાથથી, કર્યો ન ત્હેં વિચાર;
પ્રજા પુત્રી ઉપર ત્હેં, આદરીયો વ્યભીચાર ૧૦
કઠીણ વચન સન્નીયા તણા, સુણતાં આવી રીસ;
પ્રેમાનંદ કહે પ્રગટી, પગની જ્વાળા સીસ. ૧૧

વલણ

જ્વાળા પ્રગટી રાયને, લાગી તન બદનરે;
ક્રોધ કરી રાજા કહે, હું પાડું તારૂં તનરે.

કડવા ૧૮ રાગ કેરબો.

મારૂં લુણ વગોવી વ્યંઢલ થઇ તું ક્યાંથી આવ્યોરે,
ક્યાંથી આવ્યોરે, દુષ્ટ ક્યાંથી આવ્યોરે;
પાપી ક્યાંથી આવ્યોરે. ટેક.
સગો જાણી મેં તુજને સોંપ્યું, કરવાને એ કામ;
દગો કરીને મુગલ અણાવે, ફેડવા મારૂં ઠામ. મારૂં. ૧
કોણે તુજને ભંભેર્યોને, ક્યાં ગયું ત્હારૂં ભાન;
નીચ તણી સંગતમાં મલીયો કોણે ફુંકયા કાન. મારૂં. ૨
બેહોશ થઇ બકયા કરેછે, ક્યાં ગઇ ત્હારી શુદ્ધ;
માથે ત્હારાં મરણ ભમે છે, બગડી ત્હારી બુદ્ધ. મારૂં. ૩
દયા રાખી જીવતો મેલું તો, તું વર્તાવે કેર;
દુશ્મન થઇ શું દોડી આવે; જોજે મારૂં ઠેર. મારૂં. ૪

વીજળી જેવું શસ્ત્ર કહાઢી, ઝટ દોડ્યો તે રાય;
ડાભા પગની પાટુ મારી, સલીયાને તે ત્યાંય. મારૂં. ૫
પૃથ્વી ઉપર પડી ગયોને, ઉઠી ઉભો થાય;
રાજાને તો રીસ ચડી છે, ક્યાં તું નાસી જાય. મારૂં. ૬
કેશ ગ્રહીને હેઠો પાડ્યો, મારી મુખમે ધોલ;
નોકર રહેવા કરી ખુસામત, આપ્યો મુજને કોલ. મારૂં. ૭
છાતી ઉપર ઢીચણુ દઇને, લાવી મનમાં રીશ;
ક્રોધ કરીને શસ્ત્ર કાઢ્યું, છેદ્યું એનું શીસ. મારૂં. ૮
પ્રેમાનંદ કહે પતાઇએ તો, વારી લીધું વે'ર;
સલીયાનું તો શીર છેદાયું, વરત્યો કાળો કે'ર. મારૂં. ૯

વલણ.

લખ્યા લેખ ટળે નહિ, ક્યાં સલીયોને રાયરે;
ત્યાર પછી શું નિપન્યું, તેનો કહું મહીમાયરે.

છપ્પા. ૧

નિકળ્યા મોટા દૈત્ય, પોઠ ફાડીને બળીયા,
કરમાં ધરી હથિયાર, મુગલ ઝાઝા તો મળીયા;
પીશી દંત્ત અપાર, ક્રોધથી તુટી પડીયા.
રક્ત થયા છે નેત્ર, જોરથી આવી ચઢીયા;
જોઇ મુગલ મસ્તાન, બંધ કરે છે બારીઓ,
પ્રેમાનંદ કહે ચઢીયા માળ, ઝરૂખે જોતી નારીઓ. ૧

છપ્પો. ૨

હવે નહિ રહે પતાઇનું રાજ, કુમ્ભ એ પાપે ભરીયો,
કર્યો નિચનો સંગ, પ્રેમદા પુઠે પડીયો;
કાળીની લીધી કેડ, દિલ પોતે નવ ડરીયો;
હવે નહિ રહેવાનો નેક, કાળના મુખમાં પડીયો
પ્રેમાનંદ કહે જાહેર જાણ, દેશમાં રહે કયાં કાચુ,
નહિ કરો મોટાની વાત, આપથી માન્યું સાચું. ૨

સોરઠો.

પડયો નગ્રમે ત્રાસ, સર્વેના મન થરથરે;
આવ્યા મુગલ દૈત્ય, ડર તેનો દીલમાં ધરે. ૧
પ્રજા કરે પુકાર, જીવ સહુના ઉડી ગયા,
સુણ રૈયતની પીડ, હે પ્રભુ ! તું કરને દયા. ૨

કડવા. ૧૯ રાગ જાલંધરનો.

મુગલો તે આવ્યારે રે હો, પાવા પર ક્રોધથી રે— ટેક૦
પતાઇનું લસ્કર રહે છે, તે પ્રત્યે રાજા કહે છે;
મુગલો ડંકા દે છે, તે શબ્દો કાન પડે છે. મુગ૦ ૧
રાજાનું થાય છે કહેવું, તમો સૌ સાવધ થઇ રહેવું;
મારે નથી મુગલનું દેવું, નહિ એ પાસે કંઇ લેવું. મુગ૦ ૨
પણ મુગલ જાત નઠારી, તે નહિ રહે કોઇની વારી;
સૌ સાવધ રહેજો સ્વારી, નહિ આપો નાઠા બારી. મુગ૦ ૩

પ્રધાનજી બળ બતાવો, શત્રુનું સૈન્ય હઠાવો;
એ કરવા આવ્યો દાવો, તેને લેવડાવો લ્હાવો. મુગ૦ ૪
પ્રધાન કરે તૈયારી, સૌ સાવધ રહી છે સ્વારી;
બહુ શૂરા બખ્તર ધારી, હાથે બંદુક એનાળી. મુગ૦ ૫
કોઇ તુરિ ઉપર ચઢીયા, મુગલોની સામા અડીયા;
મુગલો આવી લઢીયા, ને ક્ષત્રી તુટી પડીયા. મુગ૦ ૬
કોઇ પગ પ્યાદલ ફરતા, કોઇ ગજની સ્વારી કરતા;
તે હાથે ખાંડા ધરતા, ને ઉંટો ઉપર ચઢતા. મુગ૦ ૭
મુગલોની તોપો પડતી, ઉથલ પાથલ થઇ ધરતી;
ગોરી બંદુકની ગળતી, ક્ષત્રીના પ્રાણજ હરતી. મુગ૦ ૮
ક્ષત્રીએ તોપ અડાવી, તે મુગલો સાથ લઢાવી;
મુગલોએ બુમ પડાવી, ક્ષત્રીએ નાળ ચઢાવી. મુગ૦ ૯
ઉંટ ખચ્ચરને વાજી, મુગલોની સૈન્યા ઝાઝી;
અહીં ચઢીયાં મુલ્લા કાજી, ઉંટોપર નોબત વાજી. મુગ૦ ૧૦
મુગલોને ક્ષત્રી ભેળા, તે કરતા ઠેલમઠેલા;
છે મદમાં એહ છકેલા, તેથી ત્યાં ભેળમભેળા. મુગ૦ ૧૧
બહુ પ્યાદળને સ્વારે, તેને ઠેર કર્યાં તે વારે;
મુગલોનો પડતો મારે, પણ ક્ષત્રીયો નવ હારે. મુગ૦ ૧૨
તે સામી ઢાલો ધરતા, મુગલોના પ્રાણ હરતા;
કોઇ સામા થઇને મરતા, કોઇ આજુ બાજુ ફરતા. મુગ૦ ૧૩
તે ઢીંચણુમાંથી વાઢે, ક્ષત્રીના પ્રાણજ કાઢે;
અાચીંતી પડતી ધાડ, મુગલોના પુર્યાં લાડ. મુગ૦ ૧૪
કોઇને પકડીને પાડયા, તેના મો શીર ઉડાડયા;
ભુજમાંથી કોઇને વાઢયા, કોઇ મ્હોં પકડીને ફાડ્યા. મુગ૦ ૧૫

કોઇ અધકચરાને પૂરા, એમ સૈન્ય કર્યું છે સુરા;
ક્ષત્રી જાતે છે શૂરા, તેના બંધાયા પુરા. મુગ૦ ૧૬
બહુ તોપો ધડાધડ છુટે, ક્ષત્રીની હીમ્મત ખુટે;
કોઇ કમ્મરમાંથી તૂટે, કોઇના કર વછૂટે. મુગ૦ ૧૭
મુગલોને પકડી ઝાલે, તે હલાવ્યા નહિ હાલે;
તેને પડતી પેટમાં ફાળ, એ ક્ષત્રી કરશે કાળ. મુગ૦ ૧૮
ક્ષત્રી કરતાં દોડા દોટ, મુગલોની પકડે કોટ;
કોઇના વઢાતા ઓઠ, એમ લઢતાં ચડી ચોટ. મુગ૦ ૧૯
મુગલોએ ખાધી હારે, તે પાછું વાળી ભાગે;
અમહદને આવ્યો ખાર, તે દેતો આવ્યો માર. મુગ૦ ૨૦
ક્ષત્રીની થાસે હાર, એવું રાજા મન વિચારે;
હું જઇને લાવું અત્યારે, બહુ બખ્તરીયા સ્વારે. મુગ૦ ૨૧
હે પ્રધાન રહેજે તું બળમાં, હું જઇને આવું પળમાં;
એ મુગલ ખેલે છે છળમાં, એને જીતી લેવા કળમાં. મુગ૦ ૨૨
પ્રધાન કહે રાય જાવો, જઇ ફોજ તડાકે લાવો;
નહિ તો થાયે પસ્તાવો, માટે જલદી જઇને આવો. મુગ૦ ૨૩
હમો સામા રહીને લઢસું, મુગલોને જઇને નડસું;
હમો લઇને શસ્ત્રો વઢસું, રણે રૂધિર જઇ ભરસું. મુગ૦ ૨૪
હવે રણથી રાજા જાએ, પ્રધાન લઢે છે ત્યાંયે;
પ્રેમાનંદ કહે છે ત્યાંયે, હવે ત્યાર પછી શું થાયે. મુગ૦ ૨૫

વલણ.

પ્રધાન યુધ્ધ કરતો રહ્યો, ને રાજા આવ્યો ઘેરરે;
ત્યાર પછી શું નીપન્યું, તેની સંભળાવું પેરરે.

કડવા ૨૦ રાગ મારૂ.

રાય આવ્યો છે રાણીને ઘેર, કહી રણ તણી સહુ પેર;
રાણી મુગલ કરે છે કેર, તેને વર્સી રહ્યું બહુ ઝેર. ૧
સુણી રાણી કહે છે ત્યાંય, તમને કહુ તે સુણો રાય;
મુગલ સામા તે કેમ થવાય તે તો કોઇથી નહિ જીતાય. ૨
શાંતસુંદરી કહેછે સ્વામી, કહુ પાય પડી સીર નામી;
કહો તમારે શી વાતની ખામી, તમ કીર્ત્તિ દેશાંતર નામી. ૩
સુખ સઘળુ મારે તમ સાથે, કયાં હોર્યું દુઃખ મ્હારા નાથે;
મહા બળીયાથી ભીડવી બાથે, રણે સંગી ન રહે કોઇ સાથે. ૪
મુવા મુગલ એ છે નઠારા, તમો સ્વામી સુકોમળ મહારા;
ત્હેના નેત્રતો રક્ત અંગારા, તમો ગોરને એ તો છે કાળા. ૫
એના મસ્ત જુવો તમે ગાત્ર, ત્હેની પાસે તમો તીલ માત્ર;
ત્હેને માનવી તે કોણ માત્ર, અહી ચુર કરે એ કુપાત્ર. ૬
જુવો સ્વામી આપ વિચારી, કયાં બુદ્ધિ ભમે છે તમારી;
તમો જુવો જરા દીલ ધારી, આ વખતતો નહિ તમારી. ૭
આગે આપ થયો છે રાય, તેનું કારણ આતો દેખાય;
જુવો વિચારી મનની માંય, માટે યુધ્ધે ન જાસો રાય. ૮
તમને સોબત ન મળી સારી, કોઇ રાખે ન જાતાં વારી;
મિત્રની વાત લાગે છે પ્યારી, તે તો તમને કરસે ભીખારી. ૯
કહ્યું મ્હારૂં તે ધરજો કાન તમો વસ્તીમાં કરશો રાન;
તમો કોઇનું રાખો ન માન, ભમી બુદ્ધિને ગયું છે ભાન. ૧૦
એક વેણ સુણો મહારાજ, કહુ દ્ષ્ટાંત તે સુણો આજ;
કોરવપતી દુર્યોધન રાજ, ત્હેને લોપીતી કુળની લાજ. ૧૧

મ્હેને સોબત મળી ન સારી. કર્યો સયને તે વ્યભીચારી;
આપ કુળમાં દ્રૌપદી નારી; હતી ફુટડી રૂપમાં સારી. ૧૨
ખટ નારીમાંની તેતો સતી, ત્હેને સીર હતા પાંચ પતી;
ત્હેના રૂપમાં મોહ્યા ભૂપતી, કંઇક છોળ કર્યા છત્રપતી. ૧૩
તે પાંડવ છે હરીભક્ત, ત્હેને જાણે છે આખું જગ્ત;
તેને દુર્યોધને એક વખ્ત, ખેલો બાજી કહ્યું થઇ સખ્ત. ૧૪
પાંડવ કહે એ અનર્થનું મુળ, પેટ ચોળ્યાથી ઉપજે શૂળ;
કહે દુર્યોધન ઉરમી છે ઉર, ખેલો બાજી તમે ભરપુર. ૧૫
હારૂં તો રાજ્ય મ્હારૂં તે દેઉં, જીતી જાઉં તો દ્રૌપદી લેઉં;
કરણ દુશ્યાસનને તો કહેવું, તમારે બેસી જોતા રહેવું. ૧૬
છત્રપતી કહે નાખોને પાસા, જોઉં કોની પૂરી પડે આસા;
સતીયા પાંસે બેઠા છે ખાસા, ત્હેને નાખ્યા બહુ રે નીસાસા. ૧૭
કહેતા પાંડવે પાસા રે લીધા, દાવ જોઇને આપે તે દીધા;
દુર્યોધનના પડે છે શીધા, જોઇ પાંડવ બીચારા બીધા. ૧૮
પાંડવ હારી ગયા છે બાજી, ઉઠ્યા સતીયા ત્યાંથી લાજી;
ત્યારે છત્રપતી થયા રાજી, ઉઠી સભામાં કહેતા ગાજી. ૧૯
તમો દ્રૌપદીને લેઇ આવો, આજે લેઉં એની સંગે લ્હાવો;
અહી કરને તેડી તે આવો, જેમ તેમ સભામાં તે લાવો. ૨૦
કહેતાં તુરત દુશ્યાસન જાય, જઇ દ્રૌપદીનો કર સાય;
ઘસડી લાવ્યો સભાની માંય, જુવે પતી પોતાના ત્યાંય. ૨૧
દુર્યોધન કહે સુણો વીર, આજે ખેંચો સભામાં ચીર;
નગ્ન કરો એનું શરીર, જેમ દેખે સભાના વીર. ૨૨
ઉઠ્યો દુશ્યાસન તેણી વારે, ગ્રહ્યો નારીનો પાલવ ત્યારે;
ખેંચ્યા ચીર સભાને ઠારે, હાહાકાર થયો તે તે વારે ૨૩

સતીએ શ્રાપ દીધા તે વાર, સભા માંહે કર્યા છે પુકાર;
તમે ધાઓને દેવ મોરાર. દે છે દુષ્ટ તે દુઃખ અપાર. ૨૪
દુઃખ દ્રૌપદીનું કૃષ્ણે જાણ્યું, આપણુ એક આવ્યું છે ટાણું;
ઉઠ્યા હડસેલી પોતાનું ભાણું, ચીર પુર્યાં તે નવસો નોવાણું. ૨૫
સતી દુષ્ટે તે આવી સંતાપી, અંતે મૃત્યુ પામ્યો છે પાપી;
રણે રોળાયો કીર્તિએ પાપી, ત્હેમાં ન રહ્યું કોઇ અદ્યાપી. ૨૬
સો ભાઇની હતી એ જોડી, સતી શ્રાપે થયા રાખોડી;
ત્હેની મુંડી તે નાખી મોડી, હું તો કહું છુ તમને કર જોડી. ૨૭
નાથ તમને જોઇ હું રીઝું, કહી દ્રષ્ટાંત બતાવું બીજું;
બળી ધીકી અંતરમાં સીજું, એમાં વંહશે વેતર ત્રીજું. ૨૮
એક રાવણ લંકાનો નાથ, દશ શીસ ને વીસ છે હાથ;
બાણુ ક્રોડ યોદ્ધા ચઢે સાથ, મહા બળીયાથી ભીડતો બાથ; ૨૯
ત્હેને ઘેર અસંખ્ય છે નારી, પણ તમ સરખો વ્યભીચારી;
એક રામની સીતા છે નારી, ત્હેને ઉપાડી લજાવી સારી. ૩૦
ત્હેને જોતા થયો તદરૂપ, મોહ પામ્યો છે લંકાનો ભુપ;
સીતા પ્રત્યે કહે છે રે ભુપ, હુંને રામ તે એક સ્વરૂપ. ૩૧
માટે કરવા ઇચ્છુ તને નારી, મેં તો વરવાની ઇચ્છા ધારી;
રાણી જોને મન વિચારી, તુજ પર આ તન જાવું વારી. ૩૨
એમ સુણીને કહે છે સીતા, રાય રહેજો હમથી બ્હીતા;
તુને જાણું છું હું મારો પીતા, મુને જાણજે અગ્નિની ચીતા. ૩૩
કુદૃષ્ટિ કરે તો કરૂં ખાખ, ત્હારા નગ્રમે ઊડાડું રાખ;
એ વાતે તો સૂર્યની સાખ, બીજું મુખે થકી કંઇ ભાખ. ૩૪
તુને અવીચળ રાજ આપુ, કષ્ટ ત્હારૂં હોય તો કાપુ;

એ વચન બોલે તો શ્રાપે સંતાપુ, ધન દોલત માગે તો આપુ. ૩૫
તોય નહિ સમજ્યો રાય આપ, સતી સીતાએ દીધા શ્રાપ;
ત્યારે દેશ થયો છે દહન, રણે રોળાયું રાવણનું તન. ૩૬
જ્યારે રામજી કોપ્યા રીસે, છેદ્યા રાવણના દસ સીસે;
નાઠા સંગી તેના પાડી ચીસ, તેણી પેરે થવાનું આ દીસ ૩૭
પછી સુજે તે કરજો નાથ, અંતે પડયો રહે સૌ સાથ;
હું તો કહુંછું જોડી જુગ હાથ, આજ દુષ્ટે ભીડાવી છે બાથ. ૩૮
એક અરજ સુણોને સ્વામી, કહું પાય પડી સીરનામી,
તમારે શી વાતની ખામી, મહાબળીયાથી ભરો હામી. ૩૯
એક ભસ્માસુર અસુર, ત્હેના અંગમાં રહે બહુ શૂર;
ભસ્મ કંકણનું બળ પુર, તેથી કાઢવા દેવના મુળ. ૪૦
શંકરની ઉમીયા છે એક, તેને વરવા ગયો ધરી ટેક;
રૂપે મોહ પામી ગયો છેક, તેનો સુણોને કહુ વિવેક. ૪૧
ઉમીયા મુજ સામુ ભાળો, હવે મારી સંગે તમે ચાલો;
વિચારી ભુજ મારો ઝાલો, મારા મ્હોલમાં આવીને મ્હાલો. ૪૨
જોગી સંગમાં જોગણ જોઇ, મારૂં સૂકાઇ ગયું છે લોહી;
ત્હારા જોગીની કરૂં હું સોઇ, જોગી સાથે શું રહી છે મોહી. ૪૩
તને જોગીએ ફાંગડે નાંખી, તે તો કેમ રહેવાય છે સાંખી;
કાળા ગ્રહમાં જોઇ તુને રાખી, ત્યારે ઉઘડી મ્હારી આંખી. ૪૪
હું તો પુરૂં મનોરથ ત્હારા, ઘણા સણગાર સજાવું સારા;
એ ભીખારી શું બાંધસે ભારા; હું તો કાઢીસ એનારે ગારા. ૪૫
પારવતી કહે પાપી શું કહેછે, મારો જોગી આ જંગલમાં રહે છે:
ત્હેના શીરમાં ગંગા તે વહે છે, વિષ્ણુ બ્રહ્મા તે નામ જપે છે. ૪૬

મ્હારો ઘેર નથી સ્વામીન, તેથી ધીર ધરે નહિ મન;
દુષ્ટ અડવાને આવે છે તન ત્યારે ઉમીયા કહે છે વચન. ૪૭
દુષ્ટ દુર રહી મુને કહેજે. ત્હારે જોઇએ તે માગીને લેજે;
મુજથી દુર કદમ એક રહેજે, પછી વિનંતી ત્હારી તું કહેજે. ૪૮
જાણ્યું વિષ્ણુ સતી સપડાઇ, ત્યારે પલટયું રૂપ જદુરાઇ;
વીહંગ ખેડી આવ્યા છે ધાઇ, જોઇ દુષ્ટ તણી ચતુરાઇ. ૪૯
પછી બોલ્યા છે સારીંગ પાણી, અલ્યા સાંભળ મ્હારી વાણી;
ત્હારા રૂપમાં ગઇ છુ લોભાણી, નૃત્ય કરે તો આવું કહે રાણી. ૫૦
ભસ્માસુર કહે એ કરૂં કામ, નૃત્ય કરવાની મુજમે છે હામ;
નૃત્ય કરી બતાવું આ ઠામ, પછી લેઇ જાવું મારે તે ધામ. ૫૧
વામ કર મુક્યો શીર માંય. કરે નૃત્ય ને ફરતો તે જાય.
જોઇ નૃત્ય રીઝે ઉમીયાય, ભલો સુર નાચે મઢી માંય. ૫૨
કહે છે ભસ્માસુર તે વાર, ચાલો સાથે ન લગાડો વાર;
ત્યારે પારવતી કહે તે વાર ત્હારો નૃત્ય ન સોભ્યો લગાર. ૫૩
દક્ષણ ભુજ મેલી સીરમાં, મન રાખજે ત્હારૂં સ્થીરમાં;
ઘણો ઘુંઘટ ખેંચી ચીરમાં, જેમ મચ્છા તે નાચે નીરમાં. ૫૪
ભાન ભુલ્યો ને અકલ ગઇ, ભસ્મ થવાની શુદ્ધ ન રહી;
ભસ્મ કંકણ હાથમાં લઇ, ભુજ મેલ્યો શીરમાં સહી. ૫૫
મુકતાં તુરત થયો છે શખ, બળી ભસ્મ થયો છે ખાખ;
એની વેદ પુરાણમાં સાખ, એવા દાખલા છે સ્વામી લાખ. ૫૬
પરનારી છે અગ્નીની જવાળ, એમ કંઇક થયા છે બેહાલ;
તેવી તમારી દીઠી મ્હેં ચાલ, સ્વામી અંતે થવાનો છે કાળ. ૫૭
ઋષીનો શ્રાપ થયો છે જયારે પુન્ય પરવારી બેઠા છો ત્યારે;

તેનું કૃત્ય બન્યું છે આવારે, મુગલ યોદ્ધા મલ્યા છે અપારે. ૫૮
એમ કહીને ચુપ રહી રાણી, કહી વારતા મ્હેં સો જાણી;
મ્હોટા પુરૂષની એતો વાણી, આતો મુગલ થયા છે અડાણી. ૫૯
પ્રેમાનંદ કહે રાણી કહે છે, ત્હેનો ઉત્તર રાય કરે છે;
રાણી સુણવાને હામ ઠરે છે, કંઈ કરતાં તે કામ સરે છે. ૬૦

વલણ.

પ્રધાન આવ્યો રાય પાસે, કરીને રણસંગ્રામરે;
મુગલો નાઠા રણ થકી તે ગયા પોતાને ગામરે.

કડવા ૨૧ રાગ સામેરી.

પ્રધાન કહે પતાઈ સુણો, ગયા મુગલો ઘેર;
કંઈક મુગલ નાસી ગયા, કઈકને માર્યા ઠેર. ૧
પણ આ સમય વિત્યા તણું, રાખશે અંતર ઝેર;
કોઇક સમય આવી કરી, લેશે પોતાનું વેર. ૨
સર્વથા સાવધ રહેવું, કરે શત્રુ જો દાવ;
પછી જેમ મરજી રાયની જેવો તમારો ભાવ. ૩
એમ કહી પ્રધાનજીએ. ચરણે નામ્યું શીર;
આજ્ઞા લેઇને રાયની, ગયો ત્યાંથી તે વીર. ૪
હવે રાય કહે રાણી સુણો, તમે સાચું કહ્યું સર્વ;
ભુપની હું પાવા તણો, ઉતારૂ એનો ગર્વ. ૫
સુર્યવંશી કુળ માયરૂં, તેમાં લાંછન લાગે;
કોઇને પરણી આપી નહીં, ને એતો આવી માગે ૬

હમો ઓળખીએ નહિ, તુજવીર જઇને લાવ્યો;
પોઠ ભરી મુગલ તણી, એ શસ્ત્ર લેઇને આવ્યો. ૭
હમે અન્ન લેવા મોકલ્યો, સગો તમારો જાણી;
ત્હેણે દગો હમસુ કર્યો, વિચારી વદજો વાણી. ૮
બુઢીઓ દરવાજો બંધ રહેતો, ઉઘડાવ્યો એને હાલ:
સુરદાસે પુછ્યું સલીયાને, શું ભરી લાવ્યો માલ ૯
સલીયો ત્યારે કડકી બોલ્યો, ત્હારે શી પંચાત;
એ ગુણો છે કરીયાણા તણી, સાંભળ અંધ તું વાત. ૧૦
દરવાન જોવા આવીયો, પોઠ તપાસી જયારે;
પાંસે આવી બડછી મારી, પરિક્ષા કીધી ત્યારે. ૨૧
ચીસ પડી છે પોઠની મધ્યે, તુરત કઢાવી બહાર;
દરવાજો ત્યારે બંધ કીધો, કહાવ્યો છે સમાચાર. ૧૨
વીલમ થઇ જ્યારે અનુચરને, ત્યારે અંધ દોડીને આવ્યો,
સુણો રાજા સુણો રાજા, મ્હેતો સમાચાર કહાવ્યો. ૧૩
ત્હેનો ઉત્તર કેમ ન આલ્યો, મુગલની પોઠ આવે;
જે સલીયો છે સાળો તમારો, તે ગુણ કસાવી લાવે. ૧૪
હુકમ કરો તો મારગ આપુ, નહિ તો આવો સાથે;
આગળ સલીયો પાછલ પોઠી, ખાંડુ ધર્યુંછે હાથે. ૧૫
ત્યારે જોવા હું ગયો છું તહીં, ઉઘડાવીયા દ્વાર;
અલ્યા સલીયા આ શું લાવ્યો, પુછ્યું મ્હેં તે વાર. ૧૬
ત્યારે એ તો કડકી બોલ્યો, રાખી મનમેં ઝેર;
જાવાનો મારગ બંધ કીધો, આજ વર્ત્તાવું કેર. ૧૭
વાત કરતાં રાઢ થઇને, આવી મુજને રીસ;

ક્રોધ કરીને તુજ બંધવનું, છેદ્યું રણમાં શીસ. ૧૮
મુગલ ફોજ આવી મળી, મચાવે રણમાં યુધ્ધ;
હવે કેમ ગયા વિના રહેવાયે જોને વિચારી બુદ્ધ. ૧૯
ઘેલાં તારૂણી કેમ થયા છો, શૂરો તમ ભરથાર;
આજ ક્ષત્રીનું બળ બતાવું, કરૂં મુગલનો કાળ. ૨૦
પ્રાણ પ્યારી વારીસ નહિ, નિશ્ચે જાવાનો હુંય;
કોટી ઉપાયે નહિ ખળવાનો, વારીસ નહિ હાવે તુંય. ૨૧
જાયું છે તે નિશ્ચે જાવાનું, અમર કોઇ નવ થાય;
વાત કરતાં અનુચર આવ્યો, જ્યાં બેઠા છે રાણીને રાય. ૨૨
ઉત્તરમાં કંઇ રજ ઉડે છે, આવે છે અદકો સુર;
માનો કે ન માનો તો પણ દળ આવે છે પુર. ૨૩
એમ સુણી પતઇને તો ત્યાં, પડી પેટમાં ફાળ;
બનેસીંહને પ્રધાન બીજા, ત્હેણે તેડાવ્યા તતકાળ. ૨૪
હથિયાર લઈ સૌ સાથે ચાલો, આવો નગ્રની બાહાર;
નગ્રનું રક્ષણ કરવાને, મુકોને ઘોડે સ્વાર. ૨૫
પ્રેમાનંદ કહે પતઈ હવે, દેસે દળમાં આવી ડંકા;
શૂરવીર તે શસ્ત્ર લેઇ, ચાલ્યા છે વીર વંકા. ૨૬

વલણ.

રણસ્થંભે સૈન્યા આવી, ઉભી રહી તે હારરે;
ત્યાર પછી શું નીપન્યુ છે, કહુ તેનો વિસ્તારરે.

કડવા ૨૨ રાગ માળવી.

મુગલ ફોજ આવે છે ત્યાંય, તે તો દેતાં નગારે ઘાય;

વાજીંત્રનો શોર તે થાય, ભેરી નાદનો શૂર ભુંકાય. ૧
ધ્વજા ફરરરર ફરકે જ્યાંય, તોપ ધનનનન છૂટે રણ માંય;
ઉડે ગરદ તે આભ છવાય, અંધકાર થયું નભ માંય. ૨
પૃથ્વી થર થર ધ્રુજવા લાગી, હાંક ચારે દિશામાં વાગી;
કાયર નર જાયે ભાગી, ઉઠે સૂતેલા શત્રુ જાગી. ૩
કાન પડ્યું નહિ સંભળાય, દારૂણ દળ મળ્યું છે ત્યાંય;
તોપના ભારે ભડાકા થાય, નગ્ર લોક તો નાસતા જાય. ૪
આવી ફોજ મલી રણમાંય, જેની કાજલવર્ણી છે કાય;
પડ્યો પડાવ રણની માંય, તંબુ ઠોકી પડ્યા છે ત્યાંય ૫
ત્રણ જોજન રહ્યાં છે એ દૂર, ત્યાંથી મુગલ જત તે શૂર;
ક્ષત્રી કુલ મલ્યું છે પૂર, તેના અંગમાં ન માય શૂર. ૬
છાની છપની કરે વારતાય, બાળ ક્ષત્રીના જોવારે જાય;
ખાન પાન કરે મુગલાય, તેની જોતા એ તો ચર્ચાય. ૭
છાના છુપી રહી એતો જોતા, સંદેહ પોતાના મનના ખોતા;
કેટલા તંબુ માંહે સુતા, તેને ક્ષત્રીના બાળક જોતા. ૮
કરી તપાસ પાછા વળીયા, પતઇ રાયને આવી મળીયા;
કહે મુગલ છે બહુ બળીયા, હમો જોઇને પાછા વળીયા. ૯
તમારે કામ પાકુ કરવું, પછી રણમાં ડગલું ભરવું;
મુગલોથી પાછું નહિ ફરવું, એની સામે રહી યુદ્ધ કરવું. ૧૦
નહિ બોલી એની સમજાય, જેની કાજળ વર્ણી છે કાય;
બકવાદ કરે માંહો માંય, કોણ જાણે શું બકતા જાય. ૧૧
ક્ષત્રી બાળકની સુણી વાણી, ત્યારે પતઇએ વારતા જાણી;
ફોજ સઘળી રાખી છે આણી, હેણે તરવાર ખેંચી તાણી. ૧૨

એ વારતા અહીંયા તો રહી મુગલ ફોજ શું કરે છે તહીં;
અહમદ કહે ઉમોતે થઇ, અબ કીસ તરે કરના સહી. ૧૩
હીંદુપતિકી એ બાદશાહી, મત બિગાડો મુગલ ભાઇ;
કહેના જો કરે હીંદુભાઇ, તબ કરના નહિ લઢાઇ. ૧૪
બલબન મુગલમે હે શાણા, ઉસ્કુ અહમદ કહે તુમ જાના;
પતાઇકુ સમજાકે આના, ઉસ્કુ બ્હોત તરેહ સમજાના. ૧૫
નહિ કહેના કરે હીંદુભાઇ, જબ કરના અપન લઢાઇ;
અબી હીંદુકી હે બાદશાઇ, દેખો કીતની કરતે બઢાઇ. ૧૬
નશીયર ઔર શેરખાન, ઓબી જાન કરે કુરબાન;
બલબન ઔર સુલતાન, રખે અહમદશાહકા ઓ માન. ૧૭
ઉંડ બ્હાંસે કરકે સલામ, ઓતો આએ પતાઇકે ધામ, .
એક કહેનેકુ આયે હે કામ, યૌં કહે કે કરતે સલામ. ૧૮
ત્યારે રાજા મે આસન આલ્યું, પછી મુગલ સામું ભાળ્યું;
બોલે વેણ તે લાગે છે વ્હાલુ, એતો બોલે છે કાલુકાલુ. ૧૯
પ્રેમાનંદ કહે હવે શું થાય, ત્હેની સુણો હવે વારતાય,
ત્હાંતો બેઠા છે સર્વ સભાય, તેમાં મુગલ કહેતા જાય. ૨૦

વલણ.

મુગલ કહે છે રાયને, જે કહાવ્યુ હમ પાદશાયરે,
તેનો ઉત્તર આપીએ, કહુ છું સુણજો સયરે.

કડવા ૨૩ હરિગીત છંદ—ઉર્દુ ભાષા.

બલબન આકે વ્હાં કહે, તુમ સુણો હીંદુપતિ,

હમકુ હુકમ ખાવનને દીયા, શો સુન લેના ભુપતિ. ૧
સુનો મેરી અરજ એ હય, તુમ ખરણી જાકે ભરો;
એ પાદશાહ બહાદુર હય, ડર ઉસીકા દીલમે ધરો. ૨
જાન રખના ચ્હાવ દીલમે, અસરરી યાંહી ભરો;
રાજકુ જો ચ્હાવ રખના, મુગલાઇકા કહેના કરો ૩
હીંદવાઇ આબાદી રહે, તદબીર ઇતની કીજીએ;
આપ અક્કલવંત સબી, ફીર જો મીલે સો દીજીએ. ૪
હીંદવાઇકી ખરણી નહિ, યહ બાત મીજલસમે ધરી;
હમકુ હુકમ ખાવનને દીયા, તબ ફોજ તઇયારી કરી. ૫
હુકમ સુનાયા ફોજકુ, તુમ પાવે પર જાકે અડો;
ખરણી ન દેવે આપકુ, તો પતઇસે જાકે લડો. ૬
સબ મુગલ મસ્ત આ રહે, તુમસે નહિ જીતાયગા;
કહેના નહિ સુનો હમેશ, તો બ્હોત ખત્તે ખાયગા. ૭
આપ હમસે શેર હો; કહેને મુનાસબ હમ નહિ;
નોકરકી એ ફરજ હે હુકમ કીયા કરના સહી ૮
ખીલ રહી વાડી ગુલાબકી. એસા તુમારા રાજ હે;
ખાતર કરો મુગલાઇકી, એહી તુમારા કાજ હે. ૯
બુરાઇ હમશે જો કરો, તો હમ સબીસે મસ્ત હે;
છીનાઇ લેવે રાજકુ, એ કામ હમેરે હસ્ત હે. ૧૦
તુમ સરીખે રાજમેં, લડાઇ જહાં હમને કરી;
યહ ચાંદ મીસે દેખલો. તુમ બાંચલો દીલમેં ધરી. ૧૧
પેહેલવાન જે લડાઇકે, હમસે તે ડરકે દુર રહે;
પુછ લેના કીસીસે, હમ આપ આપ કયા કહે. ૧૨

સોક્ડાડીસે વાદ હોવે, ખુબસે સમજો સહી;
હાર હોય હીંદવાઇકી, તુમ સોચલો દીલકે મહીં. ૧૩
તુમ સરીખે બહાદુરકુ, હમ અવલસે કહેતે રહે;
સમજે નહિ પાદશાહીકુ, ફીર આપ ખત્તે ખાયગે ૧૪
સમજદાર તુમ આપ હો, મેં જાદે બાતા કયા કહુ;
સમાલ લેના બાતકુ. ફીર આપકે આધીન રહું. ૧૫
ખુદા કરે તો ખેર હોવે, આપકુ સબહી મીલે;
મુરાદ હે એ બાતકી, જયોં આપકી જબા હીલે. ૧૬
નાહક મગરૂરી કરો તુમ, નહિ કરો ઉનસે જીકર;
હીંદવાઇ સારી જાયગી. હમકુ લગી ઓહી ફીકર. ૧૭
મતલબ યહ પાદશાહીકા, હમકુ જવાબ દીજીયે;
આપ માલક રાજકે હો, નીગાહ હમપર કીજીએ. ૧૮
ચાહ હોય લડાઇકી તો, સમશેર હાથોમેં ધરો;
ચાહ કરના બાતકુ, તુમ રોજ તઇયારી કરો. ૧૯
પ્રેમાનંદ કહે મુગલને, સ્વાલ તો એસા કીયા;
સભા સુન કર ચુપ રહી, જવાબ ઉનકા નહિ દીયા. ૨૦

સોરઠો.

જુવાબ કોઇએ નહીં કર્યો, સભા સુણીને ચુપ રહી;
દીગમુંઢ સર્વે થઇ રહ્યા, પ્રધાન પછી બોલ્યો તહીં. ૧
અલ્યા કેમ કરો બકવાદ, શું સમજાવો રાયને;
ક્ષત્રી સીંહજ બાળ, તે છેદે તમ કાયને. ૨

કડવા. ૨૪ રાગ સામેરી.

પ્રધાન કહે સુણો મુગલ, નહિ ડરનાર દેખીને દળ;

મુગલ છુટવાને કરો છળ, હમને શું સમજ્યા નીર્બળ. ૧
વાંકા ટેડા બની તમે આવ્યા, સેં મુકીને ક્ષત્રી દબાવ્યા;
તમો લશ્કર ઝાઝેરૂં લાવ્યા, વળી પ્રૌઢ તમારી કાયા. ૨
ઢોંગ કરીને હમને ડરાવો. ગોળી બા'ર તે તમે કરાવો;
મુકી ધમકીને ક્ષત્રી હરાવો, જાવ જઇને યુદ્ધ ઠરાવો. ૩
નથી કર્યો તમારો અન્યાય, શું કરવાનો તમ પાદશાય;
સૈન્ય હમારૂં સન્મુખ થાય, પણ ખરણી તો નાહીં અપાય. ૪
બનેસીંહ તે ઉઠયો છે ગાજી, અલ્યા મુગલ જીવના પાજી;
ખરણી આપે તો અમે નાસજી, ચઢી આવજો મુલાને કાજી. ૫
અરીયે ખરણી દેખાડો રીતિ, મુગલ સાથ હમારે શું પ્રિતી;
તમો આવ્યા દેશાંતર જીતી, તેની હમને દેખાડો છો બીતી. ૬
ભરી ખરણીનો મળે ન્હે ન્યાય, ત્યારે ખરણી આપે બે રાય;
અમ સૈન્ય તે સન્મુખ થાય, ખરણી લેતાંતો કંઇક કપાય. ૭
ઘણી જગાએ તમો જશ પામ્યા, આતો ક્ષત્રી બચ્ચાં રહેસે સામા;
તે તો મુગલ કરસે નકામા, માટે સાને ભમાવો છો ભામા. ૮
ક્ષત્રી વટતો શૂરા ધરસે, તે તો સન્મુખ રહી યુદ્ધ કરસે;
મુસ્તક ધડથી અળગા પડસે, તેના ધડ શસ્ત્ર લેઇને લડસે. ૯
તમો ક્ષત્રીને શું સમજાવો, બીજા આગળ બળ બતાવો;
રંકને જઇ તમે સતાવો, અહીં નહીં ચાલે તમારો દાવો. ૧૦
જેમ વાઘથી નાસે હરણ, તેમ મુગલોનું થાસે મરણ;
વાયુ વંટોળથી ઉડે તૃણ, તેમ ઉડસો ખાવા ધરણ. ૧૧
તમો પાદશાહને જઇ સમજાવો, હમ સાથે નહિ શૂર બતાવો;
નથી તમારો હમ પર દાવો, તમે શા માટે હમને સતાવો. ૧૨

હમે નહીં કર્યું તમારૂં દેવું, ત્હારે હમ પાસે કયાંથી લેવું;
જાણો વીષ હળાહળ જેવું, લેવી ખરણી એ કામ છે તેવું. ૧૩
બલબન કહેતે શેરખાન, રાય રખતા હે બ્હોત ગુમાન;
દેખે હીંદુપતીકી શાન, કરો જાન અપન ખુરબાન. ૧૪
જાતની આતા કાયકુ સેંના, ઇસકુ કવા તો બી નહિ દેના;
અબ ખરણી તો ચાહીયે લેના, બોત કહે તો નશીયદ દેના. ૧૫
પાવા પલમેં જાય લુટાઇ, તબ માનેગા હીંદુભાઇ;
ઇસકુ આનેદો કરકે ચઢાઇ, દેખે હીંદુકી કૈસી લઢાઇ. ૧૬
ચલે વ્હાંસે ઉઠકે સબ, ખુદા કરેસો હોવે અબ;
કરો તય્યારી આના અબ, પડે માર જાનોગે તબ. ૧૭
પ્રેમાનંદ કહે ક્ષત્રી બંકા, તેને દીધા જય રણે ડંકા;
વાંદર ઘેરી જેમ લંકા, તેમ મુગલમાં નહિ શંકા. ૧૭

વલણ.

પતઇ સૈન્ય વિચારતું, કહોની કરવું કેમરે;
બનૈસીંહ ઉઠી કહે, થાય થાવાનુ જેમરે.

કડવા ૨૫ રાગ ધોધક છંદ.

રાય પતઇના રાજમાં રહે છે, તે બનૈસીંહ એમજ કહે છે;
ખરં રાય કહું લાગે ખારૂં, કહો રાજા શું કરવું ધાર્યું. ૧
હું રાજ્યટય્યના ભાગદારી. તમસુ મારે મિત્રાચારી;
મુગલ સાથ શું આપને લારૂ, કહો રાજા શું કરવું ધાર્યું. ૨
તમો આવી એ સંતાપે, ધડથી મુસ્તક મારૂં કાપે;

ધડથી શૂર બતાવું સારૂં, ક્હો રાજા શું કરવું ધાર્યું. ૩
લુણ ખાઈને હું તો લજાવું, તો તરણાથી હળવો થાઉં:
સફળ લુણ કરૂં આ તમારૂં, ક્હો રાજા શું કરવું ધાર્યું ૪
ક્ષત્રીવટનુ શૂરજ રાખો, બળ બાહુનુ દળમાં દાખો;
ત્યારે તો નામ દીપાયે સારૂં, ક્હો રાજા શું કરવું ધાર્યું. ૫
મરણ થકી નહિ હવે ડરવું, સન્મુખ રહીને યુદ્ધજ કરવું;
આ રિદ્ધસિધ્ધ સૌ કરો નકારૂં, ક્હો રાજા શું કરવું ધાર્યું. ૬
મુગલ હોંસથી આવ્યા દેશ, તેને દેખાડો ક્ષત્રી વેશ;
રણમાં જાઇ દ્યો નાદ નગારૂં, ક્હો રાજા શું કરવું ધાર્યું. ૭
દેહ પડે પણ નામજ રહેસે, શૂરા સૌ તે સામદ કહેસે;
વળી દિનકર કુળ તમારૂં, ક્હો રાજા શું કરવું ધાર્યું. ૮
સૈન્ય તમારૂં છે ભયકારી, રણમેં જાવા કરો તૈયારી;
હવે નહિ રહે કોઇનું વાર્યું, ક્હો રાજા શું કરવું ધાર્યું. ૯
તમ તલવાર તાતી ક્હાવે, તેને મુગલ ડર બતાવે;
ખાઇ ખાઇ શું દીલ વધાર્યું, ક્હો રાજા શું કરવું ધાર્યું. ૧૦
મુગલ લોક છે મચ્છરાળા, આપ ગૌરને એ છે કાળા;
રણમાં નહિ રહે નાઠાં બારૂં, ક્હો રાજા શું કરવું ધાર્યું. ૧૧
મિત્રનો જોઈ પુરણ પ્યાર, ઝટ લીધી કરમાં તલવાર;
પ્રેમાનંદ કહે માન્યું પ્યારૂં, કહે રાજા કરો મનનું ધાર્યું. ૧૨

વલણ.

સુણી વચન મિત્રના, ઉઠી ચાલ્યો રાજાઘરે;
પાટવીપુત્ર જે રાયનો, કહે છે સભાની માંયરે;

કડવા ૨૬ હાહુરો.

પાટવી પુત્ર જે રાયનો, તેને આવી રીસ;
જ્વાળા પ્રગટી પાયની, જઇને ભેદ્યું સીસ. ૧
ઉઠયો તે આશન થકી, કરતો શોર બકોર;
પૃથ્વી પગ પછાડીયો, જબરૂં એનું જોર. ૨

રાગ નાટકી.

કરૂં છું પ્રણામ પીતા—કરૂં છું પ્રણામ:
હૈયે રાખી હામ પીતા—કરૂં છું પ્રણામ. ટેક.
ખડગ ખાંડુ ધરી હાથ મારૂં હું મુગલ સાથ;
હું જઇને ભીડાવું બાથ. કરૂંછું૦ હૈયે રાખી૦ ૧
ક્ષત્રીનું બતાવું શૂર, મુગલોનું ઉતારૂં નૂર;
કરૂં હું જઇને ચુરચુર. કરૂંછું૦ હૈયે રાખી૦ ૨
આ ધરી મેં ખડગ ઢાલ, મુગલને પડાવું ફાળ;
જઇને એનો આણું કાળ. કરૂંછું૦ હૈયે રાખી૦ ૩
હુકમ જો કરે હજુર, જાવાનો હું તો જરૂર;
મચાવું જઇ યુધ્ધ પુર. કરૂંછું૦ હૈયે રાખી૦ ૪
મુજ સરીખો કુંવર જાણ, મુગલોનો જઇ લેવું પ્રાણ;
પ્રેમાનંદ કહે કરે આણ. કરૂંછું૦ હૈયે રાખી૦ ૫

વલણ.

આણ કરી કુંવર ચઢયો, ધરી કરમાં હથિયારરે;
સૈન્ય લીધું છે સાથમાં, થયો હસ્તી પરસ્વારરે.

કડવા ૨૭ ભુજંગી છંદ.

ચઢ્યો રામનો પુત્ર તે યુદ્ધ કરવા;
મુગલ ફોજ કેરા તે તો પ્રાણ હરવા. ૧
રાયસીંહ બેઠો ચઢી આપ હાથી;
ઘણી ફોજ લીધી ઘણા સંગ સાથી. ૨
ચઢયા મારથી સારથી શસ્ત્ર ધારી;
બાજી નરો કાંય રાખે વીર વારી. ૩
હયો હણહણે ગણગણે નાદ ઘંટા;
ધરી છત્રને પત્ર જાયે વીર વંટા. ૪
લીધા સંગમાં તોપને હાથ ભાલા;
નળી એનળી લેઇને વીર ચાલ્યા. ૫
પહેર્યાં અંગમાં બખ્તર ટોપ ધારી,
ઘણી ઘાંસથી જાય ચાલી સવારી. ૬
ફુંકે શરણાઇનો ભેરી નાદ થાયે;
ઘણી નોબતે નાદ કરતા તે જાયે. ૭
ઘણું સૈન્ય સેનાપતી જાય ભરતા;
રાયસીંહની આજ્ઞા લેઇ ફરતા. ૮
મુછી પાઘ વાંકી મુખે મૂછ વાંકી;
મુગલ સૈન્ય સામું જુએ છેજ તાકી. ૯
રાયસીંહ આવી ત્યાં સાદ દેતો;
મુગલ કયાં ગયા આવીને એમ કહેતો. ૧૦
મુગલ દેખ કહેતે કીસ્ને હાંક પાડી;
ખડ દાઢ મીંજાજી આતા અગાડી. ૧૧

પ્રેમાનંદ કહે મુગલને બાત જાની;
ભુલા ફોજકુ બાત સમજાઇ છાની. ૧૨

વલણ.

ચઢયો પાટવી પુત્ર તે, આવ્યો છે રણ માંયરે;
ત્યાર પછી શું નીપન્યું, તે દેતો નગારે ઘાયરે.

સાખી.

કાળી વચન આવી મલે, ક્રોધ ભનો મન થાયરે;
લખ્યા લેખ તે નહિ ટળે, રૈયત બહુ ઘભરાયરે.

દેશી.

રાજ પુત્ર પ્રધાનને કહેછે, નાસે રૈયત કારણ શું છે;
કોની બીક એ મન ધરે છે, કોણ ડરાવે કેમ ડરે છે. ૧
તમો આપો રૈયતને ધીર, કોઇ નાશો ન મારા વીર;
તોપ તલવારને લઇ તીર, તમો ટાળો રૈયતની પીડ. ૨
હવે પ્રધાન જાય છે ત્યાંથી, રોકી રૈયત મારગમાંથી;
રક્ષક મુકયા બહુ સાથી, પછી ત્યાંથી બઢાવ્યો હાથી. ૩
કિલ્લા ઉપર તોપ ચઢાવી, મુગલ ફોજના સામી અડાવી;
બહુ બંદુક નાળ ચઢાવી, પછી નગારે ગેડી પડાવી. ૪
સૈન્ય ગયું તે નગ્રની બહાર, હાથે નગ્ન ધર્યા હથિયાર;
વાંકી પાઘ મુકી જાય સ્વાર, ધારી બંદુક મારે તે ઠાર. ૫
ડંકો દાવો છે રણમાં જઇ, અહમદ જુવે છે ઉભો થઇ;

શેરખાન ઉભો થયો તહાં, ચાલ્યો અહમદનો હુકમ લઇ. ૬
તેને રણની ભાળ કઢાવી, રૂમી તોપ દીધી છે અડાવી;
એકી વારે તે નાળ ચઢાવી, ક્ષત્રીને તો ફાળ પડાવી. ૭
તોપ ધનનતન છૂટે ત્યાંય, ધમશાણ મચ્યું રણમાંય;
રણતુર ઘણેરા તે વાય, કાનેપડ્યું નહિ સંભળાય. ૮
સાંભળી સૈન્યાનો શૂર, મુગલ દળ મળ્યું છે પૂર;
ક્ષત્રીયોનું ઉતારવા નૂર, ક્ષત્રી દળમાં ઉરાડી ધૂળ. ૯
શેરખાન આવી દે માર, સૈન્ય કર્યું છે તારોતાર;
ધુમ્ર વડે થયું અંધકાર, સામી દૃષ્ટિ ન સુજે લગાર. ૧૦
આવી ભાલા તે મારે ભચ્ચ, છેદે શૂર તે આવીને ટચ્ચ;
ચ્યાવે તીર તે કાપે છે કચ્ચ, ઉભો આવીને તે અધવચ્ચ. ૧૧
નાશ ભાગ ક્ષત્રી કરે છે, કોઇ સામી તે ઢાલ ધરે છે;
શરા ક્ષત્રી તે આવી લઢે છે, આવી મુગલને માર દે છે. ૧૨
ક્ષત્રી આવીને દેતા માર, મુગલ સૈન્ય પામ્યું છે હાર;
નાશી જાય મુગલો તે ઠાર, તેની કોણજ કાઢે ભાળ. ૧૩
એકીવારે તે તોપ ચલાવી, મુગલ સૈન્યમાં વાટ પડાવી;
મુગલને દીધા ઘભરાવી, એકીવારે તો નાળ ચઢાવી. ૧૪
ક્ષત્રીયોને આવ્યું છે શૂર, તેને મુગલોને કર્યા ચુર;
મુખ પર છવાઇ છે ધુર, ગયું ઉડી મુગલનું નૂર. ૧૫
શેરખાન ગયો છે મરાઇ, નુરખાન તે આવ્યો છે ધાઇ;
તેને હાથમાં બંદુક સાહી, સામા આવીને કરી લઢાઇ. ૧૬
તેને આવીને દીધા છે માર, ક્ષત્રી નાસે છે કરી પુકાર;
ક્ષત્રીયોએ પામી છે હાર, રાયસીંહ આવ્યો તે ઠાર. ૧૭

તે તો આવીને માર દેતો, મુગલોને બોલાવી ક્હેતો;
આવ્યો મુગલનો માર સે'તો, નુરખાનના સામી રહેતો. ૧૮
મુગલોએ પાડી છે ચીસ, ખુદા અબ તો દે બક્ષીસ;
નવ જણાય રજની કે દીસ, યુદ્ધ ચાલી રહ્યું હરનીસ. ૧૯
મુકી દોટ જાયે મુસલ્લા, મુગલ કરે છે અલાહ અલ્લા;
છુડવાદે અલ્લા મેરા પલ્લા, કહું જાકે મલીદેકા છીલ્લા. ૨૦
કેટલા પડયા ઉથલી ધર્ણી, મળી પૂર્વ જનમની કર્ણી;
કહે છે મુગલ મુખથી વર્ણી, જળ જાય ઉરકી ખર્ણી. ૨૧
હમતો નહીં જાણતે એસા, યા ખુદા અબ કરના કૈસા;
પહાડોમેં બસે શેર જૈસા, હીંદુપતી લડઈયા તૈસા. ૨૨
પછી લોથ્યો ઉપર મુકી પાય, આવી મારે મુગલને ધાય;
અગ્નીવત ચાલતો વાય, રૂધિર રોળાએ મારગ માંય. ૨૩
કોઇ કમ્મરમાંથી રે તુટે, કોઇના તો કર વછુટે;
કોઇકને મારે છે તે મુઠે, એમ ક્ષત્રી વળગ્યા પુઠે. ૨૪
મુગલને સાથળમાંથી વાઢયા, કોઇને તો આડા ફાડ્યા;
એમ મુગલને તો નસાડ્યા, મારી પાછા હઠાવીને કહાડ્યા. ૨૫
ઘણા પ્યાદળ મરતાં સ્વાર, તેના દુર પડયાં હથિયાર;
પડી મુડદાંની હારોહાર, વર્તી રહ્યો ત્યાં હાહાકાર. ૨૬
ઘણા સ્વાર શીકારી મરતાં, શીર વિના ધડ ઉછરતાં;
અાપરની ભરતી તો કરતાં કેટલાં જાય નાસીને રડતાં. ૨૭
રૂધિર રેલાયુ મારગ માંય, મુગલ કરે છે ત્રાહ્યત્રાહ્ય;
ભેરીનાદનો સુર તો થાય, રણતુર ઘણેરા વાય. ૨૮
નુરખાનનું ગયું માન, તેને ના રહી શુદ્ધ કે સાન;

જે કરતાં બહુ ગુમાન, તેતો ભુલ્યા પોતાનું ભાન. ૨૯
એવી જોગણી આવી સર્વ, તેને ચાલ્યું ઉજાણીનું પર્વ;
ઘણાનો ઉતરી ગયો ગર્વ, પછી પાછા વળીયા સર્વ. ૩૦
મુકી યુદ્ધને નાસી જાય, મુગલની એ થઇ અવસ્થાય;
પ્રેમાનંદ કહે કાળીકા માય, એતો ધાર્યું તમારૂં તે થાય. ૩૧

વલણ.

નાઠા મુગલો ત્યાં થકી, વળી પાછી સૈન્યાયરે;
ત્યાર પછી શું નીપન્યું, તેનો કહું મહીમાયરે.

કડવા ૨૯ રાગ સામેરી.

રાયસીંહ પાછો ફર્યો તે, આવ્યો છે શેરની માંય;
પાય પડી પીતાને કહેતો, નાઠો મુગલ સૈન્યાય. ૧
માર મારીને કાઢી મુકયા, ગયા તે હદની બહાર;
ઘણું યુદ્ધ મુજ સાથે કીધું, અંતે ખાઇ ગયા હાર. ૨
આ વખતે તો જીત બજાવી, આવ્યો છું હું રણ જીતી;
દમલબાજ એ મુગલ બચ્ચા: ત્હેની આપણ રાખો બીતી. ૩
ત્યારે રાયને ચિન્તા પ્રગટી, હવે મારે તે શું કરવું;
માથે શત્રુ ગાજી રહ્યો છે, સમજી ડગલું ભરવું. ૪
પુત્ર ને પ્રધાનને બોલાવી, તેને તો રાયજ કહે છે;
તમો નગ્રની રક્ષા કરજો, રક્ષક મારા ફરે છે. ૫
હું ઇષ્ટ તે જઇ આરાધું, ને ધરૂં ઇષ્ટનું ધ્યાન;
હોમ આહુતી હું અરપું છું. રહી ગુફાને સ્થાન. ૬

એમ કહીને રાજા પેઠો, ગયા ગુફાને દ્વાર;
વજ્રાસન કરીને બેઠો, કરતો મંત્ર ઉચ્ચાર. ૭
મલીન મંત્રની માળ ફેરવે. આહુતી કુંડમેં આપે;
ઇષ્ટ હવે જો પ્રસન્ન થાયે. કષ્ટ હમારાં કાપે. ૮
પાંસે બીજું માણસ નહીંને, પાંસે ધૂપ ધુમાવે;
બન્નો બાજુ જ્યોત જળે છે, અગ્નીમાં હોમે ભાવે. ૯
રક્ત વર્ણાં નેત્ર થયા છે મીચાયાં લોચન;
ધ્યાનમાં આવી ઇષ્ટ કહે છે. સુણજો હે રાજન. ૧૦
માગ્ય માગ્ય હું પ્રસન્ન થયો, જે માગે તે આપું;
શા માટે મુજને તું સતાવે, કહેની અલ્યા કષ્ટ કાપું. ૧૧
શત્રુવિજયનો મંત્ર જપાવી, કરજે અલ્યા એક વાનું;
આફત વેળા પાછો ફરજે કરજે કૃત્યજ છાનું. ૧૨
મોહ છોડીને મોહોલે જાજે, ખપ્પરે ભરજે નારી;
કોટી ઉપાયે કૃત્ય કરે તો, લજ્જા નહીં જાયે ત્હારી. ૧૩
સ્વપ્નામાં સુચવ્યું આવી, દેવ થયા અદ્રષ્ટ;
રાજા ઝબકી જોવા લાગ્યો કોણજ કહે છે પ્રશ્ન. ૧૪
સાચું કે જૂઠું સ્વપ્નુ એ, કોને કહ્યું મુને આવી;
ક્ષત્રી કેરૂં બીરંદ પાળુ હું, તેહ થવાનું ભાવી. ૧૫
એટલામાં અનુચર આવ્યો, તે બોલ્યો મુખે વાણી;
બહુ મુગલનું લશ્કર આવે, રાય લેજો તમે જાણી. ૧૬
ઉઠો હવે વિલંબ ન કરશો, આકાસ રજે છવાયું;
મુગલ આવે કાળ સરીખા, હાલ હું જોઇને આવું. ૧૭
ત્રીંબાળુ બહુ ગડગડે છે. આવે છે તેનો શોર;

તમો સૈન્ય લઇ સંચરો, જબરૂં છે એનું જોર. ૧૮
પતાઇ ત્યાંથી ચાલ્યો છે, તે આવ્યો આપ ભુવન;
સુણ સભાને સરખે ભાખે, પુછી રહ્યા રાજન. ૧૯
કોણ યોદ્ધા છે આ સભામાં, મુગલ સામા જાય;
તેજસીંહ ઉઠીને આવ્યો, જ્યાં એહ છે રાય. ૨૦
તેજસીંહ પ્રણામ કરે છે, હું મુગલ સામો જાવું:
તે મુગલોને હણવા જઇને, ત્રાહ ત્રાહ વર્તાવું. ૨૧
રાજા કહે ભાઇ જલદી જાવો. ક્ષત્રીનું રાખજો પાણી;
તેજસીંહ તૈયાર થયો ને, કહે તો તે મુખે વાણી. ૨૨
પ્રેમાનંદ કહે રાજાયે તો, આયુદ્ધ આપ્યા છે આણી,
ત્યાર પછી શું નીપન્યું છે, તે સાંભળજો વાણી. ૨૩

વલણ.

તેજસીંહ આયુદ્ધ લઇને, થયો ઘોડે તે સ્વારરે;
ત્યાર પછી એ લશ્કર લઇને, આવ્યો રણને દ્વારરે.

કડવું ૩૦ છંદ હટાવ.

તેજસીંહજી સામો આવ્યો, મુગલને સંદેશો કહાવ્યો. ટેક.
ઉભો છે પ્રણામ કરીને, ધીર ધરીએ, ક્રોધ કરીને,
ઘોડે ચઢીયો ક્રોધે ભરીયો, આવી અડીયો.
બા'ર ગોળીનો જાગે કરશો, ઉર મુગલમાં તે નહિ ધરશો.
કમર કટારી, બાંધી સારી, હાથે બરછી છે એધારી,
કવચ પહેરી, જાગે લ્હેરી, મુગલની સેના ઘેરી.

ઘોડે ચઢીયો, શસ્ત્રે ભરીયો, મુગલોને ત્રાસજ પડીયો,
ધાંસ ભરી એ આવી સ્વારી, મુગલોને મુકયા હંકારી.
મધ્ય ફોજમેં આવી અટકયો, મુગલોને તે લાગ્યો ચાંકો.
અહમદ કહે તુમ ઇસ્કુ પટકો.
મુગલો સામા આવી અડતાં, જોઈ જોઇને ડગલું ભરતાં,
તેજસીંહે તોપ ચલાવી, મુગલોને નાખ્યા ધબરાવી,
મુગલ ફોજમેં આવી અટકયો, મારે ઝટકો,
જડે ન કટકો, ચડપ લઇને ત્યાંથી સટકયો.
મુગલો સામા આવે ધસ્તા, પાસે ખસતાં,
તેના શીર કર્યાં છે સસ્તા.
હાથ પગને ધડ ઉરાડે, હેઠા પાડે. પકડીને તે ભોંય પછાડે,
નાસ ભાગ તે મુસલ્લા, મુગલ કરે છે અલ્લા અલ્લા,
જ્યૌં સ્વાનસે ભાગે બિલ્લા, યૌં ભાગતે એડા મુસલ્લા.
રૂધિર રેળી, નાખ્યા ચોળી, મુવા મુગલ જે તૂટી દોરી,
અહમદકુ તો ખબર પડી હે, તેજસીંહને માર ધરી હે.
એક મીરકુ એહી બોલાવે, સો બાત કરકે સમજાવે,
દી દી સલાહ, જો કરે સો હોવે અલ્લા. પકડ લાવ કોઇ ઇસ્કા પલ્લા.
જાકે પકડો, ઇસકુ જકડો, જાવ જાવ તુમ જલદી ફ્રકડો,
બાંધ રૂંધકે જીતા લાવો, બાદશાહકુ જાકે દીખલાવો.
કભી મોત ઇસકા નહિ કરના, ખબડદાર પીછે નહિ ફીરના.
હુકમ સુનાયા, બહાદુરખાં બંદુક લે આયા.
બડે તો'રસેં, કરે જોરશે, તોપ તડાકા, કરે ભડાકા,
આસ પાસ ફોજ્જે ફુ ફેરી—લીયા ઘેરી, મરદ બનાયા ઉન્ને મેરો.

બાંધ શેરકુ લાવે જેસા, અહમદને કરવાયા તેસા,
પ્રેમાનંદ કહે બાંધી લાવ્યો, તેને મુસલમાન બનાવ્યો.

સોરઠો.

ખબર થઇ તે રાયને, બીના પુત્રની જે થઇ:
ત્યાર પછી શું નીપને, તે સાંભળજો ચીત્ત દઇ.

કડવા ૩૨ રાગ જાલંધરનો.

ગઢ પાવો ઘેરી લીધો રે રે રે હો. મુગલોએ સૈન્યથીરે.
મુગલોએ ક્રોધજ કીધો, જઇ ગઢને ઘેરો દીધો;
મુલકને ઘેરી લીધો, ને તોપ ભડાકો કીધો. ગઢ૦ ૧
તે પતઇને સાદજ પડીયો, ને ક્રોધ અતીસે ચઢીયો;
એ દુષ્ટ ક્યાંથી નડીયો. કહી ઘોડા ઉપર ચઢીગો. ગઢ૦ ૨
લઇ બખ્તર પહેર્યાં અંગે, ને શસ્ત્રજ લીધા સંગે;
તે જાય લઢાઇને રંગે, જઇ રણે મચાવું જંગે. ગઢ૦ ૩
બાહુ બખ્તરીયા સ્વાર, તેને હાથ ધર્યાં હથિયાર;
પ્યાદળનો તો નહીં પાર, તે આવ્યો રણને દ્વાર. ગઢ૦ ૪
તે કરતાં ગોળી બા'ર, મુગલોને દેતાં માર;
નહીં ફોજ તણો સુમાર. પૃથ્વી નહીં ઝીલે ભાર. ગઢ૦ ૫
તે ટોપને બખ્તર પહેરી, એ મુગલોના છે વેરી;
તેને તોપ ધરાવી ટેરી, તેમાં ગોળા ભરીયા ઝેરી. ગઢ૦ ૬
તહીં ઝેરી ગોળા છૂટે, મુગલોની લીધા પુઠે;
તે કોઇના તાલજ ફુટે, ને કોઇના કર વછુટે. ગઢ૦ ૭

બહુ સ્વાર પુઠે ફરતાં, રૈયતનું રક્ષણ કરતાં;
કોઇ હાથે ખાંડા ધરતાં, કોઇ ગોળી બાંરજ કરતાં. ગઢ૦ ૮
મહો મદઝરતાં હાથી, તે ઉપર બેઠા સાથી;
સુંઢે તરવારો નાથી, તે આવ્યા કાળ ભાથી. ગઢ૦ ૯
ઉંટોપર નોબત વાગે, ક્ષત્રી તે શૂરા જાગે;
મુગલોમં પાડયો માગ, ને ભલો મળ્યો તે લાગ. ગઢ૦ ૧૦
અહમદ ચઢીયો તે વાર, થઇ ઘોડા ઉપર સ્વાર;
તેની સાથે ફોજ અપાર, તે આવ્યો સામો તે ઠાર. ગઢ૦ ૧૧
તેને તોપ ધરાવી સામી, જે દળમાં હુતી નામી:
તેમાં બાંર ભરે નહીં ખામી, તે રાખી ક્ષત્રી સામી. ગઢ૦ ૧૨
પતઇને અહમદ લઢતાં, તે સામા રહી યુધ્ધ કરતાં;
ખેપરની ભરતી કરતાં, શીર વિના ધડ ઉછરતાં. ગઢ૦ ૧૩
બહુ જંજાળો રહી વરસી, પડે સાંગ ગદાને ફરસી;
કોઇની ન થાયે નરસી, ને રૂધિર રહ્યું છે વરસી. ગઢ૦ ૧૪
અહમદે તોપ અડાવી, પતઇને ફાળ પડાવી;
ઘણાનો ઘાટ ઘડાવી, ક્ષત્રીમેં વાટ પડાવી. ગઢ૦ ૧૫
મલા પૂર્વ જનમની કરણી, તે કોય ન જાએ વરણી:
જલી ઇસકી લેની ખરણી. એ કેસી કરતા ભરણી. ગઢ૦ ૧૬
મુગલોના શીર ઉરાડયાં, તે પૃથ્વી ઉપર પાડ્યા;
કોઇ હસ્તીપરથી પાડયા, મુગલો રણથી નસાડયા. ગઢ૦ ૧૭
મુગલોએ કરીયો તંત, ને તેહ ભરાયા ખંતે;
પતઇ ઘણો બળવંત, ને ત્હેનો આણ્યુ અંત. ગઢ૦ ૧૮
મુગલોએ ઘેરા કીધા, પતઇને ઘેરી લીધા;

રાયસીંહે હુકમ લીધો, તેને રણનો પ્યાલો પીધો. ગઢ૦ ૧૯
પછી સંગ્રામે ચઢીઓ શૂર, તેનું બળ વાધ્યું છે પૂર;
તે મુગલનું કાઢે મુળ, ને રણે ઉરાડે ધૂળ. ગઢ૦ ૨૦
મુગલોને કાયર કીધા, ને રણમાં ડંકા દીધા;
તેને દાવે ઘેરી લીધા, મુસલ્લા કીધા સીધા. ગઢ૦ ૨૧
રાયસીંહનો માર પડે છે, મુગલોનો ઘાટ ઘડે છે;
તે સામો આવી લઢે છે. નૂરમહમદ ઉભો રહે છે. ગઢ૦ ૨૨
તે ક્ષત્રીના શીર પાડે, ને ઢીંચણમાંથી વાઢે;
કેટલાક ચઢ્યા છે ઝાડે, તેને પકડી હેઠા પાડે. ગઢ૦ ૨૩
ક્ષત્રીનું આણે મર્ણ, તે નાસે ઉભી ધર્ણ;
ઉડે રૂધિરનું ઝર્ણ, તહીં નાસે વર્ણાવર્ણ. ગઢ૦ ૨૪
રાયસીંહે ખાધી હાર, ને ઝટ લીધી તલવાર;
તે તલવારે કર્યો કાળ, મુગલો નાઠા તે ઠાર. ગઢ૦ ૨૫
એક શહસ્ત્ર મુગલ હરયા તે ગણતીમાં નહીં ગણયા;
જેમ વાવેતર લણયા, એમ મુગલોને છણયા. ગઢ૦ ૨૬
તે ભક્તો આણી રીસ, છેદે મુગલોના શીસ;
મુગલો પાડે છે ચીસ, તે નાસે ધોળે દીસ. ગઢ૦ ૨૭
નૂરખાન મરાયો જ્યારે, અહમદ આવ્યો તે વારે;
તે આવી બરછી મારે, રાયસીંહ પડ્યો તે ઠારે. ગઢ૦ ૨૮
તે પડતામાં લડથડીયો, અહમદની સામે ચડીયો;
અહમદે તેને છેડીયો, પડતામાં આટજ ઘડીયો. ગઢ૦ ૨૯
રાયસીંહની થઈ છે ઘાત, પતાઈએ જાણી વાત;
તે કરો અ ગુપાત, હું કોને કહું એ વાત. ગઢ૦ ૩૦

ત્યારે બીબાજીએ જાણ્યું, હવે કરશે મારૂં આણું;
જો ચુકાવું ટાણું, પછી ભલેને આવે આણું. ગઢ૦ ૩૧
અહીં મારે તો નથી મરવું ને રણેથી પાછા ફરવું;
હવે શા માટે હરખડવું, માટે પાછું ડગલું ભરવું. ગઢ૦ ૩૨
જો જાણે મારો બાપ, તો આવી મારે આપી;
મેં શા કર્યાં હોય પાપ, આ કેમ સહેવાયે તાપ. ગઢ૦ ૩૩
હવે તે તો નાશી ચાલ્યો, તેને મુગલોએ નહીં ખાળ્યો;
પછી પતઇ ચાલી આવ્યો, અહમદને નજરે ભાળ્યો. ગઢ૦ ૩૪
તેને અંગે વરસ્યું ઝેર, પુત્રનું લેવું વેર;
તે કરતો કાળો કેર, મુગલોને મારે ઠેર. ગઢ૦ ૩૫
કોઇ અશ્વકચરાને છુરા, એમ સૈન્ય કર્યું છે ચુરા;
કોઇ જોબન વંતા કુરા; ને તેહ મરાયા શૂરા ગઢ૦ ૩૬
અહમદે જાણ્યું મરવું, અહીંથી પાછા નહિ ફરવું;
હવે એનાથી શું ડરવું, ને ધાર્યું કામ કરવું. ગઢ૦ ૩૭
અહમદે કીધી દોટ, તે ચઢીયો ચડી ચોટ;
તે આવી વળગ્યો કોટ, ને થઇ ગયો લોટ પોટ. ગઢ૦ ૩૮
પતઇ હેઠે પડીયો, ને અહમદ ઉપર ચઢીયો;
તે ઝાઝા બળથી વઢીયો, પતઇને એ તો નડીયો. ગઢ૦ ૩૯
પછી રણમે ઘેરી લીધો, ને ક્રોધ અતીસે કીધો;
પતઇએ દાવજ કીધો, અહમદને ફેંકી દીધો ગઢ૦ ૪૦
તેને ઉંચકી સાંગ્ય મારી, અહમદે રાખી ખારી;
તે બરછી છે બે ધારી, તેને તો પાછી વારી. ગઢ૦ ૪૧
ક્ષત્રીએ વાળ્યું સારૂં, દળ મુગલોનું તે નાઠું;

જેમ પીઠ ઉપરનું પાકું, તેમ આ મરણુ માહું. ગઢ૦ ૪૨
પડી લોથ ઉપર દઈ પાય, તે ક્ષત્રી મારે ધાય;
મુગલોની પુઠે ધાય. ને પકડી તેને સાં'ય, ગઢ૦ ૪૩
મુગલોને ક્ષત્રી વઢતા, તે સામા થઇને લઢતા;
કોઇ પૃથ્વીમાં પડતા, કોઇ છાતી ઉપર ચઢતા. ગઢ૦ ૪૪
શીર વીના ધડ ઉછરતાં, તે હાથે ખાંડા ધરતાં;
ખપ્પરની ભરતી કરતાં, પાછી પાની નહીં કરતાં. ગઢ૦ ૪૫
પડી લોથ્યો રણુની માંય, તેની કોણુ કરે રક્ષાય;
થઇ ચરણુ વીનાની કાય, તે બેઠા ગોઠાં ખાય. ગઢ૦ ૪૬
મુગલે તોપ ડગાવી, ક્ષત્રીની ફોજ હઠાવી;
અહમદે ફોજ મંગાવી, તે ક્ષત્રીની પુઠે લગાવી. ગઢ૦ ૪૭
જેમ સીંહથી નાસે હરણુ, એમ નાસે વર્ચ્યાં વર્ણ
કોઇના છેદાયાં કર્ણ, ને ઉડે રૂધિર ઝર્ણ. ગઢ૦ ૪૮
કોઇ અધકચ્ચરાને પુરા, એમ સૈન્ય કર્યું છે ચુરા;
મુગલ થયા છે ભુરા. તે નહીં મુકે અધુરા. ગઢ૦ ૪૯
મુગલોએ કિલ્લો પાડયો, રણુથી રાયને નસાડયો;
કિલ્લામાં મારગ કાઢયો, દરવાજો એનો પાડયો. ગઢ૦ ૫૦
રાયે બિચાર્યું મનમેં, કોઇ સાથી નહીં આ દનમેં;
ગોળી વાગે જો તનમેં, તો ધાર્યું રહેશે મનમેં. ગઢ૦ ૫૧
ફોજ સર્વે મ્હારી મારી, તે હું ગયો છું હારી;
તેને ખોળી નાઠા બારી, તે આવ્યો જ્યાં છે નારી. ગઢ૦ ૫૨
રૈયત નાસે દેશદેસે, કોઇ કામિની છુટે કેસે;
કોઇનો વરવો છે વેશ, તે નાસે છે દેશદેસે. ગઢ૦ ૫૩

કોઇ વસ્ત્ર વિના નારી, તે કૂદી પડતી બારી;
તે પડતી હિમ્મત ધારી. રખે મુગલો દે ખારી. ગ૦ ૫૪
સઘળું રૈયત નાસે, જાણે તે મુજને ખાસે;
મુખે નહિ માતો શ્વાસે, એવો પડીયો છે ત્રાસે. ગ૦ ૫૫
પૂર્વ પશ્ચિમે જાય, દક્ષિણે ભીડ ભરાય;
ઉતરે નહિ જવાય, દળ ઉભું મારગ માંય. ગ૦ ૫૬
કોઇ કોટે ચઢવું કરતાં, તે ઉપર જઇને પડતાં;
કોઇ પડવાથી ડરતાં, કોઇ પડતામાં તો મરતાં. ગ૦ ૫૭
બાળક બાળા લે છે રોતી, કોઇ પ્રાણ પોતાનો ખોતી;
ઘર નગ્રને નહિ મોતી, પાછું ભાળી નહિ જોતી. ગ૦ ૫૮
ત્રાસ પડયો છે ત્યાંય, તે જ્યાં ત્યાં નાસી જાય;
પ્રજા કરે હાય હાય, હવે તે ઠરતું ક્યાંય. ગ૦ ૫૯
મેલી ઉઘાડાં દ્વાર, પ્રજા ના[illegible] તે વાર;
પ્રેમાનંદ કહે આવાર, મુગલો આવ્યા તે ઠાર. ગ૦ ૬૦

વલણ.

ગજા મ્હોલે આવીયો, તે રાણીને જોવનરે;
વિચાર તે મન ભાવીયો, કરૂં રાણી છેદનરે.

કડખા ઉર છંદ કટાવ.

પતાઇ [illegible]યને ફાળ પડી છે, નારી ઉપર નજર કરી છે.
ચક્ષુ છે લાલ, ધરી ખડગ ઢાલ, આવ્યો છે કાળ, ભુંડી દષ્ટે;
આવે ચપળ ચાલ, છુટા છે વાળ, જોવાને હાલ, નારી[illegible]પ્રત્યે.

જાવું નારીને ઘેર, જઇ મારૂં ઠેર, ખાવું ન ઝેર, મારા તનમેં;
જોવું એની રીત, કરૂં ન પ્રીત, બનાવું ઠીક, ધારી મનમેં.
લખાયો લેખ, પડી જે રેખ, ટળે નહિ મેખ, મારે કર્મે;
છોડું ન ધર્મ, રાખું ન સર્મ, આપું ન મર્મ, ખાલી ભર્મે.

ચાલ બીજી.

મન મારૂં હું કેમ ડગાવું, જબરજસ્ત થઇ જલદી જાવું,
નહિ ભોળવાવું, ભોળો થાવું તો માન ગુમાવું.
રાણીનો જો મોહ ધરૂં છું, રૂપ જોઇને સ્નેહ કરૂં છું,
લાલચમાં લેવાઇ જાવું, તો તરણાથી હળવો થાવું.
આવ્યો છે પોતાની મેડી, સહુ રાણીને સાથે તેડી,
મન ફીકરથી નાખ્યું ફેડી.
ઉભી રાણી, અદકી શાણી, તે પ્રત્યે કહે રાજા વાણી,
રાણી તારો ડર ધરૂં છું, તો પણ થોડી વાત કરૂં છું.
મુગલ લોક તો આવી અડ્યા છે, દુષ્ટ નજરથી તેહ નડ્યા છે.
આજ એકાંતે તુજને કહુ છું, આધીન થઇને તુંથી રહુ છું.
ધર્મ સાખ્યથી સાચું કહેવું, કહે પ્યારી જે સુજે જેવું.
ભયાનક આ ભૂમિ ભાસે, જાણે આવી એતો ખાસે,
એવો મનમેં આવ્યો ત્રાસે.
થર થર મારો જીવજ કંપે, વળી નહિ તે મુજને જંપે,
કહે પતઇ તું પ્યારી મારી, દયા ઘણી આવે છે ત્હારી.
હું છોડુ તો દુષ્ટ નડે છે, મુગલોને તું હાથ ચઢે છે.
પડયો શ્રાપ શક્તિનો નડસે, દાસ થઇને રહેવું પડસે.

તે વેળા ત્હારે શું કરવું, તે કરતાં મુજ હાથે મરવું,
કહેની શા માટે હરંબડવું.
ઓ ક્ષત્રાણી મારી રાણી, અદકી સાણી, ક્ષત્રીવટનું રાખો પાણી,
એમ કહીને પ્રાત દેખાડી, કેસ ગ્રહીને હેઠ પાડી,
ખાંડુ કરમાં લીધું જ્યાર, બંધ કર્યાં છે ઘરના બા'રે.
ક્રોધે ભરીયો, બાથે પડીયો, કાળ થઇને એ નીવડીયો.
થરથર થરથર નારી ધ્રુજે, કાંઇ ન સુજે,
શીરને પટકે, મારે ઝટકે, કોઇક નારીના શીરજ લટકે.
એક એકને તેડે પાંસે, કર નારી તે નાસાનાસે
શીંહ પકડી મારે હર્ણ, તેમ કરે રાણીનું મર્ણ
જેમ બાજથી તીતર નાસે, એમ પડ રાણીને ત્રાસે,
એક એક તે જાયે સટકી, નાખે પટકી, તે નારીને તુરત ઝટકી.
હવે નારી ક્યાં જાવું નાસી. જુવો કાળની આવી ફાંસી,
જગતમાં તો થવાની હાંસી.
નહિ રાયને સૂજે કોઇ, એક એકને મારે જોઇ,
કોઇ નારી તો દડ દડ રોઇ.
સ્વામી સામું ધ્રુજી જોતી, પ્રાણ પોતાનો હાથે ખોતી,
એમ નારીનાં સીર ઉરાડયા, હેઠાં પાડયાં.
રૂધિર રેલાતું મ્હોલની માંયે, છાંટઇ છે રાજાની કાયે,
એમ નારીઓ સર્વે મારી, રાજાએ રાણી સંહારી.
માને ખપ્પર ભોગ ભર્યો છે, પતઇએતો કેર કર્યો છે.
તેમાંથી નાઠી છે નારી, હિમ્મત ધારી, પડતી બારી,
લાગ જોઇને હેઠી આવી, દાસીને તો તુરત બોલાવી.

તે દાસીને સાથે તેડી, ચુપ કરીને છોડી મેડી,
ઝવેરાતનું જોખમ લેવું, કોને માટે રહેવા દેવું.
એજ વચન છે મારૂં કહેવું.
દાસી કહે નહીં શોરજ કરવો, બોજો ઉપાડી માથે ધરવો,
તે ઉપાડી હું તો જાવું, નહિ ધભરાવું, માડી ત્હારી સાથે આવું.
ઝવેરાતનું જોખમ કાઢ્યું, તે દાસીને તુરત દેખાડયું,
બાંધી ગાંસડી શીરપર મેલી, ચાલી દાસી રાણી પેલી,
તે રાણીતો દડબડ જાયે, પડે આખડે મારગ માંયે,
વળી બેસને ઉભી થાયે.
રખે સ્વામી પુંઠે આવે, જો દેખે તો શીર ઉડાવે,
આસ પાસ તે જોતી નારી, ધારી ધારી, રખે મુગલો દેતા ખારી.
ઉભી રહીને કહેતી દાસી, કયાં જાવાનું હવે નાસી,
આતો કાળની આવી ફાંસી.
ગર્ભવંતી તેતો નારી, કટીયે દુઃખ થયું છે ભારી.
હાય હાય હવે શું થાયે, નથી ચાલતા મારા પાયે.
દાશી કહે શું શોર કરો છો, ડર કોનો તે દીલ ધરો છો,
વીસ વસાતો ગુપ્ત રહેવું, તે કો આગળ જઈ ન કહેવું.

ચાલ ઉપરની બીજી.

એક દેખાડું ધામ, રહેવાનું ઠામ, આવ્યું છે કામ, આણી વખ્તે,
આવો સદર, જ્યાં છે ભદર, કરી કદર, જાણે ન જગતે.
રહેવું યુક્તિ ભેર, છે ભદ્ર મે'ર, દુષ્ટોનો કે'ર કરશે કાળી,
ભાઈ છે તે ઠામ, રાખીને હામ, ગુપ્ત તે ઠામ, જોયું ભાળી.

રહી છે તે આપ, માનો પ્રતાપ, ટાળી સંતાપ, પોતે મનનો,
કરૂં કોણ કાજ, બચાવી લાજ, દાસી તેં આજ, ગયો ભય તનનો.
તુજને છે ધન્ય, બચાવ્યું તન, કરૂં પ્રસન્ન, કહે છે રાણી,
આપ્યો છે માલ, દાસીને હાલ, કરી છે ન્યાલ, વેળા જાણી.
સૌ ઝવેરાત, કર્યું નિપાત, એ દુષ્ટ હાથ, ચઢે નહિ મ્હારી,
માટે કર એક કામ, રાખીને હામ, આવે ન કામ, મીલકત સારી,

રાગ ઉપરનો.

હીરાને પરવાળાં મોતી, માણુક પાના સામું જોતી;
ધન જોઇને આપે રોતી.
રોતી રાણી કહે છે વાણી, ધન કરો સરવે ધુળધાણી.
મુક્તા ફળની માળ તોડાવી, ઘંટીમાં ઘાલી ભરડાવી,
પુખરાજ હીરા ખંડાવ્યા, ચુર ચુર તો તેહ બનાવ્યા.
મુગલ હાથમાં મીલકત મારી. ચઢે ન હાથ એ કર તૈયારી.
રૂદન કરતાં રાણી વંદે, રચ્યો છંદ એ પેમાનંદે,
રાણીતો એ ઠામ ઠરી છે, પતાઇ રાયને ફાળ પડી છે.

દોહરો.

એ વાત તો અહીંયા રહી,
મુગલ લોક શું કરતાં તહીં.

કડવા ૩૩ રાગ મારૂ.

અહમદે કઢાવી છે ભાળ, ભાગ ગયા પતાઇયા હાલ;
અબ ખાલી ન કરના લઢાઇ, ગયા ભાગ તે હીંદુભાઇ.

લડાઇ બંધ કર તુમ આવો, સબ ઇસીકે શહેરમેં જાવો;
મત કીસીકુ તુમ સતાવો, મીલે પતાઈ ઉસીકુ લાવો. ૨
એક મીર તે શહેરમેં જાય, રાખી સાથે થોડી સૈન્યાય;
ફોજ જોઇને રૈયત ભાગી, કેટલા તો બેઠા થઇને લાગી. ૩
સેઠ સાહુકારના જે મેહેલ, તેમાં મુગલ કરતાં સ્હેલ;
બેઠા માલ મસાલા ખાયે, મલે મીલકત તે લેઇ જાયે. ૪
સામા થાય તો તેને એ મારે, બીજા બાપડાને નવ ખારે;
ગલી કુંચીને ચોક બજારે, જોઇ આવ્યા તે રાજદ્વારે. ૫
રાજદ્વારમાં ન મળે કાગ, દેખ મુગલકુ ગયે ભાગ;
પહેરેદારને ન દીઠા ત્યાંય, પેઠા મુગલ મ્હોલની માંય. ૬
મુગલ આવ્યા ને ગઇ છે હામ, પેઠા રાય અગોચર ઠામ;
જોયું મુગલે સર્વે ભાળી, પડયા મડદાંને મ્હોલ છે ખાલી. ૭
નારીયોની લોથ્યો જોઇ, ત્યાં તો વર્સી રહ્યું છે લોહી;
એવું જોઇને મુગલ ગયા, સમાચાર અહમદને કહ્યા. ૮
અહમદે ત્યાં છાવણી કીધી, રહેવા મુગલોને આજ્ઞા દીધી;
નાખ્યો મુગલોએ પડાવ ત્યાંય; ત્યાંથી જોતાં રહ્યા ચર્ચાય. ૯
એ વારતા એટલે રહી, પતઇની હવે શી ગત થઇ;
પ્રેમાનંદ કહે સુણજો સર્વ, ટળ્યો પતઇનો ત્યાં ગર્વ, ૧૦

વલણ.

પતઇ વિચારે મન વિશે, કરવો કોણ ઉપાયરે;
કાંઇ ન સુજયું રાયને, પછી કાળી સરણે જાયરે.

સાખી.

કોન બડો હે રાવકુ, કોણ સમાસે ત્યાંય;
દેશ મેરો પલ્લે ભયો, રાજ્ય સોંપું તું માય.
ઉઠ્યો આસન આપ તે, ગયો કાળીને સર્ણ;
હવે જીવીને હું શું કરૂં, આદરૂં મારૂં મર્ણ.
ખડગ લીધું છે હાથમાં, અરપુ મારૂં સીસ;
ધ્યાન ધરી માતા તણું, ઉચરતો તે દીશ.

કડવા ૩૪ છંદ કટાવ.

જય જયરે મા પાવા વાળી, હે મહાકાળી, લે સંભાળી, તુજ જનને,
કરગરી કહું છું, સર્ણે રહું છું, નથી સહેવાતું, આ તનને.
સન્મુખ થઇને, ઉભો જઇને, જઇ માતને, સીશ નમાવ્યું,
નીચો થઇ પ્રણામ કરેછે, ડર કોઇનો નહિ મન ધરે છે.
સન્મુખ જોતો, સંદેહ ખોતો, પડે કષ્ટ તે જાયે રોતો,
પ્રગટ થઇને પ્રાણ ઉગારો, દોષ નિવારી કારજ સારો,
ચાલી ચર્ણે, આવ્યો સર્ણે, આજ આદરૂં મારૂં મર્ણે.
જાણે ભવાની, વાત થવાની, ચાંપાનેરે આવ્યા ચાલી,
હે માહાકાળી. નારીનું ત્હેં રૂપ ધરીને, મન માહરૂં લીધું હરીને,
ચિત્ત ચળ્યું છે, મન ગળ્યું છે, હું જાણું મુજ ભાગ્ય ભળ્યું છે.
છળ કરીને, મદ ધસીને, કુમતી વ્યાપિ, અંજાણે તુજને સંતાપી
માગ્ય પતઇ, તું એમજ કહેતી, વચન દેતી,
આવી મળીયાં, પુરણ પાપે, મળીયા શ્રાપે, થયો અદાપે,

ખાઇ ખટકો, જીવજ ફટકયો, તુજ રૂપનો લાગ્યો ચટકો.
વિરહે કરી મેં કાંઇ ન જાણ્યું, કયાં રજની કયાં ઉગે વ્હાણું.
આવી મુગલ પોઠ, તોડાવ્યો કોટ, કરીને ચોટ, માયે જ્યારે.
નગ્રે નિપાત, કરવાને ઘાત, એ સત્ય વાત, મા તુજ સાંયે.
બળ કરીને ત્યાંથી સટકયો, મુજ નારીને દ્વારે અટકયો,
કેશ ગ્રહીને મારૂં ઝટકો.
એક એક બોલાવી નારી, ધારી ધારી, મેં સઘળી તે રાણી મારી.
પ્રાશ્ચિત કરીયું, ખપ્પર ભરીયું, લખ્યા લેખથી આવી ઠરીયું.
મુગલો નગ્રે આવી માહાલે, પુરમાં જાવા પગ નહિ ચાલે,
હવે તો મા ધૈર્યો કાળે.
ત્યાંથી છટકયો, અહીંયા અટકયો, લેજે ભોગ મા, મારૂં ઝટકો.
શીર કમળની પુજા લેજે, શીરે ભુજ મા ત્હારો દેજે.
પ્રેમાનંદ કહે લઇ તલવારે, ખડગ ઉઠાવી ગરદન મારે,
મહંમાયા પ્રગટ્યાં તે હારે.
સ્થંભ થંભાવી ભૂજ, નહિ પડી સૂજ, કેમ મરે તુજ, કહે તે વારે.
નીચો વળી પ્રણામ કરે છે, ઉભો થઇને જોવા રહે છે,
જુવે નિહાળી, નવ દીઠી ત્યાં મૈયા કાળી, જયજયરે મા પાવા વાળી.
ને માહાકાળી, લે સંભાળી, તુજ જનને.
કરગરી કહું છું, શર્ણે રહું છું, નથી સેંવાતુ આ તનને.

વલણ.

પતાઇ જોતો ત્યાં રહ્યો, કોણે કહી એ વાતરે;
સ્થંભ થંભાવી વાણી વદી, બચી મારી ઘાતરે.

કડવા ૩૫. રાગ ચોપાઇ.

રાજા મન વિચારે તહીં, કોણે આવી આ વાતજ કહી;
નવ થઇ મુજથી અહીં ઘાત, ધન્ય ધન્યરે કાળી માત. ૧
વિચાર કરતો મનની માંય, નવ દીઠું પોતે કોઇ ત્યાંય;
હવે ઝટ જાવાની કરવી પેર, જેમ તેમ કરી જાવુ ઘેર. ૨
રસ્તે ચાલ્યો મારગ માંય, મનસુબો કરતો તે રાય;
મુગલ મળે જો રસ્તા માંય, નથી મુજ સાથે સૈન્યાય. ૩
લખ્યા લેખ તો આવી મળે, તે કોઇના ટાળ્યા નહીં ટળે;
પુન્ય પરવારી બેઠો સહી, માટે દશા મારી આ થઇ. ૪
અગોચર પોતાનું ધામ, ગયો રાય પોતાને ઠામ; .
જઇ મિત્રને પુછી પેર, મુગલોસુ બંધાયું વેર. ૫
કહો તેનો શું કરૂં ઉપાય, જેમ મુગલ એ નાસી જાય;
પ્રગટ થાવું તો કેદજ કરે, ક્યાં મારે કે એતો મરે. ૬
ક્યાં સુધી છુપાઇને રહું, માટે મિત્ર હું તમને કહું;
ફરી છાવણી એતો રહ્યા, ઘણા દિવસ તો વિતી ગયા. ૭

વલણ.

મિત્ર મંડળમાં રાયજી, કરતાં વાત વિચારરે;
પ્રેમાનંદ કહે સાંભળો, કહું તેનો વિસ્તારરે.

કડવા ૩૬ લાવણી.

એક સ્થળમાં તે સાર. બેઠા ક્ષત્રીના કુમાર;
કરે વાત વિચાર, તે સર્વે મળી.
સુરાપાન કરી સાર, પીધાં કસુંબા તે વાર;

ચઢ્યું શૂર તે અપાર, પછી ખીલી કળી. ૨
રાજા સુણો એક વાત, તારો અધિક પ્રતાપ;
છુપી રહેતાં લાગે છાપ, માટે જાવું જરૂર. ૩
છુપી રહેવાનું નહીં કામ, લાછંન લાગે જાયે નામ;
ઉઠયા કરીને સલામ, પછી આપ હજુર. ૪
પહેર્યો કેશરીયો સુરવાળ, હાથે લેઇ ખડગ ઢાલ;
નિકળી તે જાયે હાલ, ઘણો ક્રોધ કરી. ૫
બનેસીંહ ને પ્રધાન, તેને નથી શુદ્ધ શાન;
જેને લઢવાનું છે તાન, ઉઠ્યા રીસ ધરી. ૬
બીજા ક્ષત્રીના કુમાર, તેને બાંધ્યા હથિયાર;
આવ્યાં વિવરની બહાર, તે રણની મહીં. ૭
ગયા કિલ્લાની તે બહાર, માર્યા મુગલ અપાર;
નહિ સૈન્યનો સુમાર, પડે લોથ્યો તહીં. ૮
મુગલો તો પડે વીલા, એ તો કરે અલ્લા અલ્લા;
જ્યોં સ્વાને ભાગે બિલ્લા, યોં ભાગ ગયે. ૯
પતાઇએ ધરી છે રીસ, પડી મુગલોમેં ચીંસ;
ઉઠયા મુગલો તે દિશ, ઓ આય રહે. ૧૦
જુમેખાંને સુનીબાત, હોઇ મુગલોકી ઘાત;
કરૂં ક્ષત્રીકુ નિપાત, ઓ આય ચઢે. ૧૧
હાથે લઇ તલવાર, ખેલે પટે ચોધાર;
નહિ લેખવે લગાર, પતાઇ તહીં. ૧૨
પડે તીરને તલવાર, ઉપેં ભાલેકા હૈ માર;
પડે મુડદે હારોહાર, તે રણની મહીં. ૧૩

ક્ષત્રીયોને આવ્યું શૂર, કર્યું સૈન્ય ચુરે ચુર;
કાઢ્યું મુગલોનું નૂર, શ્રોણીત જાય વહ્યું. ૧૪
સાથળથી વાઢ્યા પાય કોઇની ભુજ વિના કાય;
પડ્યા રણની તે માંય, દશા શું રે કહું. ૧૫
કર્યો મુગલે પોકાર, ચઢ્યો અહમદ તે વાર;
આવ્યો રણને તે ઠાર, પતઇ સામી રહ્યા ૧૬
રણે ક્ષત્રીના છે બચ્ચા, એતો લડઇકા હે સચ્ચા;
ઉસ્સે નહિ જાગ્રો કચ્ચા, ઓ તો સામી ગયે. ૧૭
ઉન્ને આકે મારા ફાલ, કીયા અહમદ બેહાલ;
છીના લેકે ગયે ઢાલ, ફીર માર ધરી. ૧૮
અહમદને કરી ચોટ, કીયે સબી લોટ પોટ;
વ્હાંસે ભાગે દોટાદોટ, કોઇ ન રહે ઠરી. ૧૯
પતઇને તો આવી રીસ, છેદે મુગલોના સીશ;
જે ધાર્યું જુગદીશ, કહી માર કરે. ૨૦
બીજા શૂરાઓ ધડાક, પડ્યા રણમેં ફડાક;
મારે મુખ લપડાક, કદી નહીં ડરે. ૨૧
એવું ક્ષત્રીઓનું શૂર, ખુન વાપી રહ્યું ઉર;
વહ્યું શ્રોણીતનું પુર, હાડ માંસ ગળે. ૨૨
વાગે તીર તલવાર, નહિ લેખવે લગાર;
માર્યાં મુગલ અપાર, જોઇ ચિત્ત ચળે. ૨૩
મુગલ કહેતે ઓ પીર, અબ કેસી ધરૂં ધીર;
બડે મર ગયે મીર, અબ કેસા કરૂં. ૨૪
જો અલ્લા દે બચાય, કરે ખુદા જો સાંય,

કહેકે સામની હો જાય, ફીર નહિ ડરૂં. ૨૫
આવ્યા મુગલોના સ્વાર, તેને કર્યો તારો તાર;
તેને દેવા માંડ્યો પ્રહાર, તે ધરણી ઢળે ૨૬
એવો પતાઇનો ત્રાસ, સૌએ માંડી નાશાનાશ,
મુગલોએ છોડી આશ, હવે શું રે કરે. ૨૭
આવી ભાલો મારે ભચ, તેને કાપે અધવચ;
તે તો ચીરી નાખે ટચ, આવી ખુન કરે. ૨૮
મુલ્લા તો કહે અલ્લા, ઇન્ને પકડલીયા પલ્લા;
કરૂં પીર તેરા છીલ્લા, કદી જાય જકડ. ૨૯
અલ્લા રખે ભરમ. મુગલોકા સરમ;
તો તો ખુલ્લ જાય કર્મ, પતઇ જાય પકડ. ૩૦
ફોજ ફેલી ચોફેર. લીયા પતઇકુ ઘેર;
ફીર આપ હુવે શેર, અબ કેસા લડે. ૩૧
નહિ જાને દેના માગ ફીર કેસા જાય ભાગ;
એસા બનાયા લાગ. ફીર આપ ખડે. ૩૨
પતઈ વિચારે આપ, હવે આવી મલ્યા પાપ;
જાય મારો પ્રતાપ પછી આપ મરે. ૩૩
ખાંચી પતઇએ તલવાર, શીર છેદ્યું તે વાર;
પડ્યું ભૂમી મોઝાર. ધડ ઉછળ્યાં કરે. ૩૪
બીજા શૂરા જે વીર, તેને હાથે છેદ્યાં શીર;
પડ્યા રણમેં શરીર, તે એમ મરે. ૩૫
બનેસીંહને પ્રધાન, તેમે નહિ શુધ્ધ શાન;
તે તો ભૂલ્યાં છે ભાન. પછી આપ લડે. ૩૬

પેટો પેલે છે પુર, જેને, અંગમાં છે શૂર;
લોહ્યું મુગલોનું નૂર, જઇ છાતી ચઢે. ૩૭
કટારેથી કરે કાળ, નહિ લેખવે લગાર;
તેને કોણ ઠગનાર, મુગલ જોયા કરે. ૩૮
મુગલોની ફોજ મારી, આગે ગયા કારભારી;
તેને કોણ શકે ખારી, તે નહિ ડરે. ૩૯
જેવો જંગલનો વાઘ, સૈન્ય કરે ભાગા ભાગ;
નહિ જાવાનો લાગ, ફોજ ઘેરો કરે. ૪૦
પછી જાણ્યું એ વીર, હવે નહિ રહે શરીર;
પાડ્યા તલવારે શીર, તે આપ મરે. ૪૧
મુગલોકુ ચઢી દઉ લુંટા પતાઇકા રાજ;
કુરે મુગલ મહારાજ, પેહેરે લગા દીયે. ૪૨
એવો કાળીનો છે કોપ, સૌને કર્યાં અલોપ;
મુગલોની પડી તોપ, પ્રેમાનંદ કહે. ૪૩

વલણ.

પતઇ મરણ પામીયો, રણમાં તેને હારરે;
રાણીએ જાણી વારતા, તેનો કહું વિસ્તારરે.

કડવા ૩૭ રાગ વેરાડી.

જાણ થયું છે નારીને, પતીનું થયું મણ;
રાણી કહે દાસી સુણો, આ બાલ કાળીને સર્યું. ૧

હું મુગલની પાંસે જાવું, લાવું સ્વામીનું સીર;
પછી સંગાથે સંચરૂં, સતી થવા ધરૂં ધીર. ૨
સ્વામીને સ્વગમન કરાવું, તો સતી નામ દીપાવું;
ક્ષત્રીનું બીર્દ બતાવુ, હું પણ સાથે જાવું ૩
હવે સુખ શું રહ્યું મારે, જેની તું દીલ વિચારી;
મુગલો પાસે આવી જ્યારે, ઉભી રહી છે તે નારી. ૪
મુગલ કહે તુમ કોન હો, કયા હે તુમારા નામ;
ઇસ જગોમેં કયૌં આયે, કયા હે હમસે કામ. ૫
રાણી કહે છે મુગલ બાદશાહ, તમે હમારા તાત;
સ્વામીનું સીર લેવા આવી, અપાવો કહી વાત. ૬
અહમદ કહે મેંરે કયા કરના લેજા યાંસે ઉઠાય;
જમીમે ઇસ્કુ ગાડેગી કે, દેગી ઇસ્કુ જલાય. ૭
રાણી કહે મેં સાથ જલુંગી, એહી હમારી મરજી;
મુગલ કોઇ નહિ સતાવે, એહી કરૂં મેં અરજી. ૮
અહમદ કહે તુમ ન ડરો, તુમકુ નહિ સતાવે;
લાસ ઉઠાકે લે જાવો તો, પેહેરે હમ લગવાવે. ૯
પ્રેમાનંદ કહે રાણીયે, લાસ ઉઠાવી લીધી;
કોઇ ઇનાકુ મત સતાવો, અહમદે આજ્ઞા દીધી. ૧૦

વલણ

ચીતા ખડકી નારીએ ને, સબ મુકયું તે માંયરે;
અગ્નિ પ્રવેશ કરવા અબળા, આવી ઉભી ત્યાંયરે.

સાખી.

જપમાળ લીધી હાથમાં, તે જપતી કાળી નામ;
અપરાધ ક્ષમા કર માગ્યો, આપો વસવા ઠામ. ૧
સતી વચન મુખથી કહે, સરણે રાખો માત;
હું અબળા નિર્દોષ છું, કરૂં છું ઝંપાપાત. ૨
રણ ઉત્પન્ન કહુ વારતા, સાંભળતાં દુઃખ જાય;
કષ્ટ જાય સૌ પ્રજળી, અંતે મોક્ષ દે માય. ૩
આખ્યાન આ પતઇ તણું, સુણજો સર્વે કાન;
કાળી કષ્ટને કાપશે, સુણીને દેજો દાન. ૪

કડવા ૩૮ રાગ દેશી.

જય કાળી માત, તમે છો પ્રખ્યાત, એ સાચી વાત, રાખો સર્ણે;
પાવો પ્રખ્યાત, આવી મુગલ જાત, સૌ સૈન્ય નિપાત, વર્ણું વર્ણે.
થયું યુધ્ધ જાણ, વધ્યાં ત્યાં વાણ, પતઇનો પ્રાણ, આવ્યો સર્ણે;
એ કામી જાણ, પાપીનો પ્રાણ, થઇને અજાણ, પામ્યો મર્ણે. જય કાળી.

ઝુલ.

હવે રહી છે મારી જાત—હો માતજી.
સૌ સૈન્ય થયું નિપાત—હો માતજી.
થઇ છે દુષ્ટની ઘાત—હો માતજી.

છંદ. ૨

નગ્રે નિપાત, બહુ છે ઉત્પાત, લખી એ વાત, પાવા ઘર્ણે;
તમો કાળીએ આપ, દીધો જે શ્રાપ, તેનો અદાપ, વર્ણું વર્ણે.
આવી નવરાત્ર, નિકળ્યા ત્યાં માત, રમવાને જાત, ચાલી ચર્ણે;
ભદ્રેથી માત, કહે કાળી વાત, થશે ઉત્પાત, પાવા ઘર્ણે. જયકાળી.

ઝુલ.

તમે નહિ માની એ વાત—હો માતજી.
તેનો થયો છે ઉત્પાત—હો માતજી.
તે પડછો આ પ્રખ્યાત--હો માતજી.

છંદ. ૩

થયું થવાનું જેમ, રાખો મા રે'મ, કરવું છે કેમ, આવું સર્ગે;
પતઇની રીસ, પડાવી ચીસ, કરો બક્ષીસ, પામ્યો મર્ણે.
અબળા છું આપ, થઇ રહ્યો તાપ, તુંહી માબાપ, હું તુજ ચર્ણે;
જરા કર ખ્યાલ, રાખીને વ્હાલ કરની તું સ્વાલ, પડે મુજ કર્ણે.

ઝુલ. જયકાળી.

ચઢી પતઇને રીસ -હો માતજી.
તેહ કરો બક્ષીસ—હો માતજી.
હું સમરૂં હરનીસ—હો માતજી.

છંદ ૪

સતી રાણી થાય, ઝંપલાયે ત્યાંય, પડી અગ્નિ માંય, અગ્નિ વર્ણે;
ઉદો ઉદો ઉચ્ચાર, કરતી તે વાર થયો જયજયકાર, કાળી સર્ણે.
હું શાક્તદાસ, રાખો મા પાસ, પુરોની આશ, રાખી ચર્ણે;
જે રાખ્યુંતું વેર, ઉતારે ઝેર, કર શક્તિ મે'ર, વર્ણો વર્ણે. જયકાળી.

ઝુલ.

સતી થઇ રાણી જાય-હો માતજી.
થઇ શક્તિની શા'ય,-હો માતજી.
વંશ રાખજે માય-હો માતજી.

છંદ ૫

સંવત ઓગણીસોય, લાગ્યો છે મોહ, ગરબો તે જોય, સાંભળ વર્ણે;
શુક અંબીકાય, લખી તે માંય, ગરબો જોવાય, સુણો કર્ણે.
સત્તાવન સાલ, ઉપન્યુ તે વ્હાલ, કહે બાપુલાલ, હું તુજ સર્ણે;
માસ વસંત, ખીલ્યો અનંત, ભણું ભક્તિવંત, હું તુજ ચર્ણે. જયકાળી.

ઝુલણ.

સન ઓગણીસો એક–હો માતજી.
તારીખ સત્તાવીસીએ ટેક–હો માતજી.
જાનેવારીએ વિવેક–હો માતજી.

છંદ ૬

અષ્ટમી સાર, અને રવિવાર, કર્યો ઉચ્ચાર, શક્તિ સર્ણે:
પુરોની આશ, હું માનો દાસ, વિરક્ષેત્રે વાસ, રાખો ચર્ણે.
જોઇ બુક સાર. નાટક આધાર, લઈ એનો સાર, સુણ્યો કર્ણે:
પિંગળ પાઠ, નહિ જાણું ઠાઠ, રચી કડી આઠ, કાળી સર્ણે.

ઝુલણ.

સામળ વાણી સાર—હો માતજી.
નાટક બુક આધાર–હો માતજી.
તે જોઇ કર્યો વિચાર–હો માતજી.

છંદ ૭

રચ્યો આ છંદ, ઉપજ્યો આનંદ, કહે પ્રેમાનંદ, મુખે વર્ણે;
હું શક્તિદાસ, રાખો મા પાંસ, મને ત્હારી આસ, રાખો સર્ણે.
લખ્યું ચાંપાનેર, શક્તિની મે'ર, દુષ્ટોનો કેર, લીલા વર્ણે;
સુત અંબાલાલ, તેનો નગીન બાળ, રાખો સંભાળ, સહુ તુજ ચર્ણે.

જયકાળી.

વલણ.

વંશ રચ્યો પતાઈનો, તેનો કહુ વિસ્તારરે:
પ્રેમાનંદ કહે સાંભળો, શો થયો તે પ્રકારરે.

કડવા ૩૯ દોહરો

રાય પતઇના વંશમાં, કોણ રહ્યું છે ત્યાંય;
કાળી વચન જાયે નહિ. સાભળજો મહીમાય. ૧
રાયસીંહ જે પાટવી, તેના બન્નો બાળ;
તેમાં પૃથુરાજ પાટવી, નાઠો તે તત્કાળ. ૨
ડુંગરજી જે બંધવો, પૃથુરાજનો વીર;
તે પણ સાથે ત્યાં ગયો, રેવાજીને તીર. ૩
સાતપડો જે ડુંગરો, આફનો કિલ્લો છે જેહ;
વાસ કરીને તે રહ્યા, કોઇ નવ જાણે તેહ. ૪
મુગલોની બીક ધરી, રહ્યા છે તે ઠાર;
ઉદર ભરવું દોહ્યલું, તેનો કરે વિચાર. ૫
દ્રવ્ય પાસે મળે નહિ, સાથી ભરવું પેટ;
ઉદ્યમ કંઈ કરવો સહી, વાત બની એ નેટ. ૬
લુંટ કરે છે ગામડે, દે છે આવી ધાડ;
નિર્વાહ કરે છે આપનો, કોઇ ન આવ્યું આડ. ૭
પછી દ્રવ્ય તે સાંપડયું, રાખ્યા બહુ ત્યાં સ્વાર,
પાવા ભણી નહિ ભાળીયુ, જ્યાં મુગલોનો માર. ૮
રાજ સ્થાપ્યું આપનું, બાંધ્યા ઘરને બાર;
ઘણા ઘરોરચાવીયાં, રહે રૈયત તે ઠાર. ૯

પછી ઉદેપુર આવીયા, વસવા કારણ તેહ;
રાજ રચાવી ત્યાં રહ્યા, તેમાં નહિ સંદેહ. ૧૦
એ પાખુ છે પતાઇનું, જાણું તે કહું આજ;
આડચ કરી તે ઢાલની, જાય તહીં માહારાજ. ૧૧
એ નિશાન પતાઇનુ, સુણજો શ્રોતા જન;
ભાળ મળી એ પેપર થકી, ત્યાંનો છે રાજન. ૧૨
આખ્યાન એ પતાઇનું, સુણીને દેસે દાન;
આ લોકે સુખ પામસે, પરલોકે બહુ માન. ૧૩
ચાલીસ કડવે એ લખ્યું, કહે કવિ તો કરજોડ,
ગમ નહિ તે કાવ્યની, કોઇ નવ દેસો ખોટ. ૧૪
રાગ ચાલ ને ઢાલની, જુગતી જુદી ભાત;
ભય નીવારે ભવાની તો, જય જય કાળી માત. ૧૫

વલણ.

સૌ કવિનો કિંકરો, હું પ્રેમાનંદ નામરે,
જે માતાજી વાંચજો, સૌને છે પ્રણામરે.

સમાપ્ત.

શુદ્ધિપત્ર.

સુજ્ઞ વાંચક બંધુઓ! અમારા આ લઘુ પુસ્તકમાં પ્રુફ સુધારવામાં થોડી ઘણી ભુલો રહી ગઇ છે, તેની ખબર અમોને પાછળથી થવાથી અમો આ શુદ્ધિપત્રમાં નીચે પ્રમાણે યાદી આપી છે તો તે પ્રમાણે સુધારી વાંચવા આપ મહેરબાની કરશો.

પૃષ્ઠ	અશુધ્ધ	શુદ્ધ	કડી	લાઇન.
૪	ળરવે	સરવે	૦	૮
૭	પ્રર્ભ	ગર્ભ	૩૧	૦
૯	ચોસઠ વિદ્યા	ચૌદ વિદ્યા	૨૦	૦
૧૨	જમાડુ	જગાડુ	૮૧	૧
૧૯	બ્રહપતી	બ્રહેસ્પતી	૩૩	૧
૨૦	હારી	નારી	૪૦	૧
૨૦	આવો શરહરી તું	આવ્યો શરદઋતુ	૧	૦
૨૧	માવા રૂપે	માનવી રૂપે	૧૩	૦
૧૬	ધરનિષ્ટ	ધરમિષ્ટ	૧	૦
૨૫	જોનાંદેવ	જોતાં દેવ		વલણ
૨૮	વરવાડે	વરષાડે	૩૬	૧
૪૩	ખાડે તે ઠાર	દેખાડે તે ઠાર	૭	૦

આ સિવાય પૃષ્ટ ૨૮ સુધીમાં જોડણીમાં કંઇ જુજ ભુલો રહી હોય તો તે સુધારી વાંચવા અમો ખાસ ભલામણ કરીએ છીએ.

પ્રેમાનંદ બાપુભાઇ.



આ પુસ્તક મળવાનું ઠેકાણું.

સોની પ્રેમાનંદ બાપુભાઈ.

ચોખંડીમાં—વડોદરા.